ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

સ્તબક-૭ ◆ ભાગ-૭

વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

સ્તબક-૭ ◆ ભાગ-૭

❖ મૂળ ગ્રંથકાર ❖

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
દ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✪ સંકલનકારિકા ✪

રાખીબેન રમણલાલ શાહ

: પ્રકાશક :

ગીતાર્થગંગા

તદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

વૈરાગ્યકલ્પલતા ભાગ-૭ : સ્તબક-૭

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૨ ❖ વિ. સં. ૨૦૭૨ ✦✦ આવૃત્તિ : પ્રથમ ◆ નકલ : ૩૫૦

મૂલ્ય : રૂ. ૧૨૫-૦૦

卐 આર્થિક સહયોગ 卐

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ
સાહેબની પ્રેરણાથી

ચિ. રિદ્ધિ પ્રકાશભાઈ શાહ
પાટણ-મુંબઈ

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૨૦૩

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

✻ મુદ્રક ✻

મુદ્રેશ પુરોહિત
પૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮. ફોન : ૦૨૭૧૭-૨૩૦૧૧૨

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્ર-વચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામ્રગી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસા.,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

ભાગ-૭

સાતમો સ્તબક

શ્લોક :-

अथास्त्यानन्दनगरं, बहिरङ्गमनोहरम् ।
युक्तं सुपर्वभिर्लोकैः, पुरन्दरपुरोपमम् ।।१।।

શ્લોકાર્થ :-

સુંદર શરીરવાળા લોકોથી યુક્ત ઈંદ્રના નગરની ઉપમાવાળું, બાહ્ય મનોહર એવું આનંદ નામનું નગર છે. ||૧||

શ્લોક :-

तत्रास्ति केसरी भूपः, प्रत्यर्थिद्विपदर्पहृत् ।
गुणरत्नदरी देवी, तस्यास्ति जयसुन्दरी ।।२।।

શ્લોકાર્થ :-

ત્યાં=તે નગરમાં, શત્રુઓરૂપી હાથીઓના દર્પને હણનાર કેસરી નામનો રાજા છે. તેને ગુણનાં રત્નોની દરી જેવી જયસુંદરી નામની દેવી છે. ||૨||

શ્લોક :-

अस्ति तन्नगराधारो, वाणिजो हरिशेखरः ।
भार्या बन्धुमती तस्य, सुवंशा गिरिभूरिव ।।३।।

શ્લોકાર્થ :-

તે નગરનો આધાર હરિશેખર નામનો વાણિયો છે. તેની બંધુમતી નામની સુવંશવાળી ગિરિની ભૂમિ જેવી ભાર્યા છે. ।।૩।।

શ્લોક :-

रूपस्येव परं रूपं, श्रियो मूर्तिरिवापरा ।
तस्याः कुक्षावहं भद्रे !, भवितव्यतया धृतः ।।४।।

શ્લોકાર્થ :-

જાણે રૂપનું પ્રકૃષ્ટ રૂપ હોય, શ્રેયની જાણે બીજી મૂર્તિ હોય એવી બંધુમતી નામની ભાર્યા છે એમ પૂર્વશ્લોક સાથે અન્વય છે. તેણીની કુક્ષિમાં હે ભદ્રે અગૃહીતસંકેતા ! ભવિતવ્યતા વડે હું ધારણ કરાયો. ।।૪।।

શ્લોક :-

प्रासूत पूर्णे काले सा, मित्राभ्यां मां समन्वितम् ।
हृष्टौ सा च पिता चाभ्यां, सुहृदौ मे न लक्षितौ ।।५।।

શ્લોકાર્થ :-

પૂર્ણકાલ થયે છતે=ગર્ભનો પૂર્ણકાલ થયે છતે, તેણે=બંધુમતીએ, બે મિત્રોથી સહિત મને જન્મ આપ્યો=અંતરંગ સાગર અને પુણ્યોદયરૂપ બે મિત્રોથી સહિત મને જન્મ આપ્યો. તે=બંધુમતી અને પિતા=હરિશેખર, હર્ષિત થયા અને આ બંને દ્વારા મારા બે મિત્રો જણાયા નહિ=સાગર અને પુણ્યોદય નામના બે અંતરંગ મિત્રો જણાયા નહિ. ।।૫।।

શ્લોક :-

पितृभ्यां मे कृतं नाम, यथाऽयं धनशेखरः ।
मित्राभ्यां सहितस्ताभ्यां, जातोऽहं विलसन् सुखी ।।६।।

શ્લોકાર્થ :-

માતા-પિતા દ્વારા મારું નામ કરાયું, જે પ્રમાણે આ ધનશેખર, તે બે મિત્રો સહિત હું વિલાસ કરતો સુખી થયો. ॥૬॥

શ્લોક :-

प्राप्तश्च यौवनं भद्रं, स्मरसिंहवनं तदा ।
त्यक्त्वा धर्मकलामेकां, संप्राप्ताः सकलाः कलाः ।।७।।

શ્લોકાર્થ :-

અને ત્યારે સ્મરસિંહના વનરૂપ=કામરૂપી સિંહના વનરૂપ, ભદ્ર=શ્રેષ્ઠ એવા યૌવનને પામ્યો, એક ધર્મકલાને છોડીને સકલ કલા પ્રાપ્ત કરાઈ= મારા વડે પ્રાપ્ત કરાઈ. ॥૭॥

શ્લોક :-

तदा सम्पादितास्तेन, सुहृदा सागरेण मे ।
वितताश्चित्तकल्लोलाः, प्रक्षुब्धेन क्षणे क्षणे ।।८।।

શ્લોકાર્થ :-

ત્યારે=યૌવનકાળમાં, પ્રક્ષુબ્ધ એવા તે સાગર નામના મિત્ર વડે વિસ્તૃત ચિત્તના કલ્લોલો મને ક્ષણે ક્ષણે સંપાદન કરાયા.

ધનશેખરના ચિત્તમાં લોભ આપાદક સાગર નામનો મોહનીયનો પરિણામ અતિશય હતો. તેથી યૌવનકાળમાં ક્ષણે ક્ષણે તેના ચિત્તમાં અતિશય ધનાઢ્ય થવાના કલ્લોલો ઉત્પન્ન થયા. **॥૮॥**

શ્લોક :-

धनमेव जगत्सारं, श्लाघायाः कारणं धनम् ।
राजाद्या यद् विशिष्यन्ते, तल्लोके धनजृम्भितम् ।।९।।

શ્લોકાર્થ :-

ધન જ જગતનો સાર છે, શ્લાઘાનું કારણ ધન છે, રાજાદિ જે વિશેષતાને પામે છે, તે લોકમાં ધનનો વિલાસ છે. ॥૯॥

શ્લોક :-

तपःश्रुतवयोवृद्धा, धनवृद्धस्य किङ्कराः ।
एका धनकला पूज्या, तच्चान्द्रीवेश्वराश्रिता ।।१०।।

શ્લોકાર્થ :-

તપવૃદ્ધો, શ્રુતવૃદ્ધો અને વયવૃદ્ધો ધનવૃદ્ધના કિંકર છે. તે કારણથી ચાન્દ્રીની જેમ પૂજ્ય એવી એક ધનકલા ઈશ્વરઆશ્રિત છે. ।।૧૦।।

શ્લોક :-

यावन्न दृष्टा रत्नौघास्तावन्मे निर्वृतिः कुतः ।
गत्वा देशान्तरं कुर्यां, तद् गृहं रत्नपूरितम् ? ।।११।।

શ્લોકાર્થ :-

જ્યાં સુધી રત્નોના સમૂહો જોવાયા નથી=પ્રાપ્ત કરાયા નથી, ત્યાં સુધી મને નિર્વૃતિ ક્યાંથી હોય ? તે કારણથી દેશાંતર જઈને ઘરને રત્નથી પૂરિત કરું. ।।૧૧।।

શ્લોક :-

तातस्य सन्निधावीदृग्विकल्पप्रेरितो गतः ।
उक्तं मयाऽनुजानीहि, तात ! कर्तुं धनार्जनम् ।।१२।।

શ્લોકાર્થ :-

આવા પ્રકારના વિકલ્પોથી પ્રેરિત હું પિતાની સન્નિધિમાં ગયો, મારા વડે કહેવાયું. હે તાત ! ધનનું અર્જન કરવા માટે અનુજ્ઞા આપો. ।।૧૨।।

શ્લોક :-

गच्छाम्यहं विदेशेषु, स्फोरयामि च पौरुषम् ।
पिता प्राह धनं तेऽस्ति, दानभोगक्षमं बहु ।।१३।।

શ્લોકાર્થ :-

હું વિદેશમાં જાઉં છું અને પૌરુષને હું ફોરવું છું. પિતા કહે છે, દાન-ભોગમાં સમર્થ બહુ તારું ધન છે. ।।૧૩।।

શ્લોક :-

तदेव त्वं नियुञ्जानः, कुलप्राप्तं यथेच्छया ।
गृहे तिष्ठ वियोगं तु, सोढुं शक्नोमि नो तव ।।१४।।

શ્લોકાર્થ :-

કુલપ્રાપ્ત એવા તેને જ=ધનને જ, નિયોજન કરતો તું યથેચ્છાથી ગૃહમાં રહે, તારા વિયોગને સહન કરવા માટે હું સમર્થ નથી. ।।૧૪।।

શ્લોક :-

मयोक्तं पूर्वपुरुषश्रीर्मातेवोपभुज्यते ।
स्तनंधयेन यूनां तु, तस्या भोगस्त्रपाकरः ।।१५।।

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું. પૂર્વપુરુષની લક્ષ્મી સ્તનંધય વડે=ધાવણ ધાતા બાળક વડે, માતાની જેમ ઉપભોગ કરાય છે=વળી, યુવાનને તેનો ભોગ=પૂર્વપુરુષની લક્ષ્મીનો ભોગ, લજ્જા કરે છે. ।।૧૫।।

શ્લોક :-

तन्मदुत्साहभङ्गोरुभूतज्वरनिनीषया ।
महानियमवत् तात ! सोढव्या विरहव्यथा ।।१६।।

શ્લોકાર્થ :-

તે કારણથી=પૂર્વપુરુષની લક્ષ્મીનો ભોગ યુવાન પુરુષને લજ્જાકર છે તે કારણથી, મારા ઉત્સાહના ભંગમાં વિશાળભૂત જ્વરને દૂર કરવાની ઈચ્છાથી હે તાત ! મહાનિયમની જેમ વિરહવ્યથા સહન કરવી જોઈએ. ।।૧૬।।

શ્લોક :-

दृढं ज्ञात्वाऽथ निर्बन्धं, जगौ मां हरिशेखरः ।
वत्स ! संपूर्यतामिच्छा, दूरे देशान्तरं परम् ।।१७।।

શ્લોકાર્થ :-

હવે દૃઢ આગ્રહને જાણીને=ધનશેખરના વિદેશગમનના દૃઢ આગ્રહને જાણીને, મને હરિશેખર બોલ્યા, હે વત્સ ! દૂર દેશાંતરની ઈચ્છા પુરાવાય. 'પરંતુ' શું તે આગળ બતાવે છે. ॥૧૭॥

શ્લોક :-

विद्यन्ते कुटिला लोकाः, कामिन्यो वञ्चनोद्यताः ।
भूयांसो दुर्जनाः स्तोकाः, सज्जना वणिजः शठाः ॥१८॥

શ્લોકાર્થ :-

કુટિલ લોકો વિધમાન છે, સ્ત્રીઓ વંચનમાં ઉધત છે, દુર્જનો ઘણા છે, થોડા સજ્જનો છે, વાણિયાઓ શઠ છે. ॥૧૮॥

શ્લોક :-

भाण्डजातं च दुष्पाल्यं, विकारि नवयौवनम् ।
निरागः कुपिताश्चौरा, दुर्बोधा कार्यपद्धतिः ॥१९॥

શ્લોકાર્થ :-

અને ભાંડનો સમૂહ=કરિયાણાનો સમૂહ, દુષ્પાલ્ય છે. નવયૌવન વિકારી છે. નિરપરાધીમાં કુપિત થયેલા ચોરો છે, દુર્બોધવાળી કાર્યપદ્ધતિ છે=ધનઅર્જનની કાર્યપદ્ધતિનો બોધ દુઃખે થાય તેમ છે. ॥૧૯॥

શ્લોક :-

क्वचिद् विज्ञेन मूर्खेण, क्वचित् क्वापि दयालुना ।
क्वचित् क्रूरेण धृष्टेन, क्वचिद् भीतिभृता क्वचित् ॥२०॥
कृपणेन क्वचित् क्वापि, त्यागिना बकवृत्तिना ।
क्वचित् क्वापि विदग्धेन, भाव्यं तत् सुधिया त्वया ॥२१॥

શ્લોકાર્થ :-

તે કારણથી=ધનઅર્જનની કાર્યપદ્ધતિ દુઃખેથી બોધ કરાય તેવી છે

તે કારણથી, ક્વચિત્ પંડિત, ક્વચિત્ મૂર્ખ અથવા કોઈક સ્થાને દયાળુ, ક્વચિત્ ક્રૂર, ક્વચિત્ ધૃષ્ટ, ક્વચિત્ ભયથી ભરાયેલા.

ક્વચિત્ કૃપણ, કોઈક સ્થાનમાં બગલાની વૃત્તિથી ત્યાગી, ક્વચિત્ કોઈક સ્થાનમાં ચતુર સુંદર બુદ્ધિવાળા તારા વડે થવું જોઈએ. ।।૨૦-૨૧।।

શ્લોક :-

मयोक्तं गीः प्रमाणं मे, तातस्येयं महोदया ।
प्राप्तार्थो गृहमेष्यामि, सत्त्वमात्रधनोऽप्यहम् ।।२२।।

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું. પિતાની આ મહોદયવાળી વાણી મને પ્રમાણ છે. સત્ત્વમાત્ર ધનવાળો પણ હું પ્રાપ્ત અર્થવાળો ઘરે આવીશ.

ધનઅર્જનને અનુકૂળ સત્ત્વમાત્ર ધન છે, અન્ય કોઈ ધન સાથે લીધું નથી, એવો પણ હું ધનઅર્જન કરીને ઘરે આવીશ. **॥૨૨॥**

શ્લોક :-

इत्युक्त्वा पितरौ नत्वा, निर्गतो रुदतोस्तयोः ।
सार्धमान्तरमित्राभ्यामहं देशान्तरं प्रति ।।२३।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે માતા-પિતાને કહીને, રડતા એવા તે બેને નમીને, અંતર મિત્રોથી સહિત=પુણ્ય અને સાગરરૂપ અંતરંગ મિત્રોથી સહિત, દેશાંતર પ્રતિ હું નીકળ્યો. ।।૨૩।।

શ્લોક :-

क्रमाज्जयपुरे प्राप्तो, दक्षिणाम्भोधिपार्श्वगे ।
बहिर्वने निषण्णश्च, प्रवृत्त इति चिन्तितुम् ।।२४।।

શ્લોકાર્થ :-

ક્રમથી દક્ષિણ સમુદ્રની પાસે રહેલા જયપુર નગરમાં પ્રાપ્ત થયો અને બહિર્વનમાં બેઠેલો આ પ્રમાણે ચિંતવન કરવા માટે પ્રવૃત્ત થયો. ।।૨૪।।

શ્લોક :-

उल्लङ्घ्याब्धिं चलद्वीचिं, रत्नद्वीपे व्रजामि किम् ? ।
चण्डिकां वा स्वरुधिरैस्तर्पयित्वाऽर्थये धनम् ।।२५।।

શ્લોકાર્થ :-

ઊછળતાં મોજાંવાળા સમુદ્રને ઓળંગીને શું રત્નદ્વીપમાં જાઉં ? અથવા પોતાના રુધિરથી ચંડિકાને તર્પણા કરીને ધનની માંગણી કરું ? ।।૨૫।।

શ્લોક :-

पातालं वा खनाम्युच्चैः, शेषव्यापारवर्जितः ।
आनयाम्यथ वा गत्वा, महाद्रौ रसकूपिकाम् ।।२६।।

શ્લોકાર્થ :-

અથવા શેષવ્યાપારવર્જિત એવો હું પાતાલને અત્યંત ખોદું ? અથવા મહાપર્વતોમાં જઈને રસકૂપિકાને લાવું ? ।।૨૬।।

શ્લોક :-

विकल्पयत इत्थं च, सागरक्षोभितस्य मे ।
पुरःस्थिते पपातोच्चैर्दृष्टिः किंशुकपादपे ।।२७।।

શ્લોકાર્થ :-

અને આ રીતે વિકલ્પ કરતા સાગરથી=લોભથી, ક્ષોભિત એવા મારી દૃષ્ટિ આગળમાં રહેલા કિંશુક નામના વૃક્ષમાં અત્યંત પડી. ।।૨૭।।

શ્લોક :-

प्ररोहो भूमिसंप्राप्तस्तच्छाखाया विनिर्गतः ।
दृष्टो मया ततश्चायं, खन्यवादो हृदि स्मृतः ।।२८।।

શ્લોકાર્થ :-

તેની શાખાથી નીકળેલો=કિંશુક વૃક્ષની શાખાથી નીકળેલો, પ્રરોહ ભૂમિમાં સંપ્રાપ્ત મારા વડે જોવાયો. તેથી હૃદયમાં આ ખન્યવાદ સ્મરણ થયો. ॥૨૮॥

શ્લોક :-

नास्त्येव क्षीरवृक्षस्य, प्ररोहो धनवर्जितः ।
स्तोकं वा भूरि वा तत्र, ध्रुवं बिल्वपलाशयोः ॥२९॥

શ્લોકાર્થ :-

ક્ષીરવૃક્ષનો પ્રરોહ ધનવર્જિત નથી જ. ત્યાં=ક્ષીરવૃક્ષના પ્રરોહમાં, નક્કી થોડું અથવા ઘણું બિલ્વ અને પલાશમાં ધન છે. ॥૨૯॥

શ્લોક :-

प्ररोहे भूरि तत् स्थूले, तनुके स्तोकमुच्यते ।
रात्रौ ज्वलति तद् भूरि, सोष्मणि स्वल्पमीरितम् ॥३०॥

શ્લોકાર્થ :-

તેથી પ્રરોહ સ્થૂલ હોતે છતે ઘણું ધન કહેવાય છે. તનુમાં=તનુ પ્રરોહમાં, થોડું ધન કહેવાય છે. રાત્રિમાં જ્વલિત હોતે છતે=પ્રરોહ જ્વલિત હોતે છતે, તે=ધન, ઘણું છે. ઉષ્મા સહિતમાં સ્વલ્પ કહેવાયું છે. ॥૩૦॥

શ્લોક :-

विद्धे तत्र भवेद् रक्तं, यदि रत्नानि लक्षयेत् ।
अथ क्षीरं सितं रूप्यं, पीतं चेत् कनकं भवेत् ॥३१॥

શ્લોકાર્થ :-

ત્યાં=પ્રરોહને, વીંધાયે છતે જો રક્ત હોય તો રત્નો જાણવાં=તે વૃક્ષ નીચે રત્નો જાણવાં. જો દૂધ=જો વીંધાયેલા પ્રરોહમાં દૂધ, સફેદ નીકળે તો રૂપ્ય છે=ચાંદી છે અને જો પીત નીકળે તો સોનું છે. ॥૩૧॥

શ્લોક :-

प्ररोहः स्यादुपर्युच्चैर्यन्मात्रोऽधोऽपि तावति ।
प्रदेशे निहितं नूनं, विद्यते तन्निधानकम् ।।३२।।

શ્લોકાર્થ :-

પ્રરોહ ઊંચાઈથી જેટલો માત્ર થાય, નીચે પણ તેટલો પ્રદેશ હોતે છતે ખરેખર ત્યાં=તે વૃક્ષ નીચે, નિધાનક સ્થાપન કરાયેલું વિધમાન છે. ।।૩૨।।

શ્લોક :-

उपरिष्टात् तनुश्चेत् स्यादधस्तात् पृथुलो यदि ।
प्ररोहोऽसौ निधिं प्राप्तो, विपरीतस्तु सोऽन्यथा ।।३३।।

શ્લોકાર્થ :-

ઉપરથી જો તનુ હોય=પ્રરોહ પાતળો હોય અને નીચેથી વિસ્તારવાળો પ્રરોહ હોય તો આ પ્રરોહ નિધિને પ્રાપ્ત છે. વળી વિપરીત એવો તે પ્રરોહ અન્યથા છે. ।।૩૩।।

શ્લોક :-

अयं पुनः पलाशस्य, प्ररोहो दृश्यते तनुः ।
स्तोकं द्रव्यमिहास्तीति, तच्चित्ते चिन्तितं मया ।।३४।।

શ્લોકાર્થ :-

વળી પલાશનો આ પ્રરોહ તનુ દેખાય છે, તે કારણથી અહીં=આ વૃક્ષ નીચે, થોડુંક દ્રવ્ય છે, એ પ્રમાણે મારા વડે ચિત્તમાં વિચારાયું. ।।૩૪।।

શ્લોક :-

नखविद्धात् ततः क्षीरं, पीतवर्णं विनिर्गतम् ।
ततो मया सुवर्णेन, भाव्यमत्रेति भावितम् ।।३५।।

શ્લોકાર્થ :-

નખથી વીંધાયેલા એવા તેનાથી=પલાશના પ્રરોહથી, પીત વર્ણવાળું

દૂધ નીકળ્યું. તેથી મારા વડે અહીં સુવર્ણ હોવું જોઈએ, એ પ્રમાણે ભાવન કરાયું. ॥૩૫॥

શ્લોક :-

तद्देशो विधिना खातः, सागरप्रेरणादथ ।
दृष्टं भृतं च दीनारैस्तत्रैकं ताम्रभाजनम् ।।३६।।

શ્લોકાર્થ :-

હવે સાગરની પ્રેરણાથી વિધિપૂર્વક તેનો દેશ ખોદાયો અને દીનારોથી ભરાયેલું એક તામ્રભાજન ત્યાં=વૃક્ષ નીચે, દેખાયું. ॥૩૬॥

શ્લોક :-

सहस्रमात्रं तद् वित्तं, प्राप्तं स्फीतश्च सागरः ।
पुण्योदयगुणो मोहान्मया तत्रैष रोपितः ।।३७।।

શ્લોકાર્થ :-

હજાર માત્ર તે ધન પ્રાપ્ત કરાયું=હજાર માત્ર દીનાર પ્રાપ્ત કરાઈ. સાગર ખુશ થયો. આ પુણ્યોદયનો ગુણ મોહથી મારા વડે ત્યાં=સાગરમાં, આરોપણ કરાયો.

ધનશેખરને સાગરનો=લોભનો, પરિણામ હતો અને પુણ્યોદયનો સહકાર હતો. તેથી પુણ્યોદયને કારણે ધન મળેલું છતાં વિપર્યાસને કારણે આ મારા ધન મેળવવાના ઇચ્છાના પરિણામથી થયેલા પ્રયત્નનું ફળ છે તેમ તેને દેખાય છે જે વિપર્યાસરૂપ છે. **॥૩૭॥**

શ્લોક :-

भाण्डमूल्यमभूत् तन्मे, प्रविष्टो नगरे ततः ।
बकुलश्रेष्ठिना दृष्टो, हट्टमार्गे वृषोज्ज्वलः ।।३८।।

શ્લોકાર્થ :-

તે કારણથી=પુણ્યના ઉદયથી ધન મળ્યું તે કારણથી, મને ભાંડમૂલ્ય

થયું=કંઈક ધન પ્રાપ્ત થયું. ત્યારપછી નગરમાં પ્રવેશ્યો. વૃષાથી ઉજ્જ્વલ એવો હું હટ્ટમાર્ગમાં બકુલ શ્રેષ્ઠી વડે જોવાયો. ॥૩૮॥

શ્લોક :-

कृतं संभाषणं तेन, वितताः स्नेहतन्तवः ।
नीतश्च भवने स्वीये, भोजितश्चारुभोजनम् ।३९।।

શ્લોકાર્થ :-

તેના વડે=બકુલ શ્રેષ્ઠી વડે સંભાષણ કરાયું. સ્નેહના તંતુઓ વિસ્તાર પામ્યા=બકુલ શ્રેષ્ઠી સાથે ધનશેખરના સ્નેહના તંતુઓ વિસ્તાર પામ્યા અને પોતાના ભવનમાં લઈ જવાયો=બકુલ શ્રેષ્ઠી વડે લઈ જવાયો. સુંદર ભોજન કરાવાયું. ॥૩૯॥

શ્લોક :-

पृष्टः कुलाभिधानादि, मया प्रोक्तं यथास्थितम् ।
योग्यं ज्ञात्वा कमलिनीं, स्वां पुत्रीं परिणायितः ।।४०।।

શ્લોકાર્થ :-

કુલ, નામ વગેરે પુછાયાં. મારા વડે=ધનશેખર વડે યથાસ્થિત કહેવાયું. યોગ્ય જાણીને પોતાની પુત્રી કમલિનીને પરણાવી. ॥૪૦॥

શ્લોક :-

ततस्तेनोदितं वत्स, स्वीयं गृहमिदं तव ।
अत्र तिष्ठ निरुद्विग्नो विलसन् सह वत्सया ।।४१।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તેના વડે=બકુલ શ્રેષ્ઠી વડે કહેવાયું. હે વત્સ ! આ તારું પોતાનું ઘર છે. પુત્રીની સાથે વિલાસ કરતો અહીં=આ ઘરમાં, ઉદ્વેગ વગર રહે. ॥૪૧॥

શ્લોક :-

मयोक्तं स्वार्जितं वित्तं, विना भोगो विडम्बना ।
प्रस्थापय सुसार्थेन, रत्नद्वीपं व्रजामि तत् ।।४२।।

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું. સ્વઅર્જિત ધન વગર ભોગ વિડંબના છે. તે કારણથી સુસાર્થની સાથે પ્રસ્થાપન કરીને=ગમન કરીને, રત્નદ્વીપ હું જાઉં છું. ।।૪૨।।

શ્લોક :-

श्रेष्ठी प्राह कृतं वत्स !, समुद्रोल्लङ्घनेन ते ।
मदीयेन धनेन त्वमत्रैव धनमर्जय ।।४३।।

શ્લોકાર્થ :-

શ્રેષ્ઠી કહે છે. હે વત્સ ! સમુદ્રના ઉલ્લંઘનથી તને સર્યું. મારા ધનથી તું અહીં જ ધનઅર્જન કર. ।।૪૩।।

શ્લોક :-

मयोक्तं यदि निर्बन्धस्तवायं तत् पृथग्गृहे ।
स्थितः स्वीयेन वित्तेन, पणेऽहं पृथगापणे ।।४४।।

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું. જો તમારો આ આગ્રહ છે તો પૃથક્ ઘરમાં રહેલો પોતાના ધનથી પૃથક્ દુકાનમાં હું વ્યાપાર કરીશ. ।।૪૪।।

શ્લોક :-

श्रेष्ठिनाऽपि तथेत्युक्ते, लग्नस्तत्र धनार्जने ।
तेन सागरमित्रेण, प्रेर्यमाणः क्षणे क्षणे ।।४५।।

શ્લોકાર્થ :-

શ્રેષ્ઠી વડે પણ 'તે પ્રમાણે થાવ' એ રીતે કહેવાયે છતે ત્યાં=તે નગરમાં, ક્ષણે ક્ષણે તે સાગર મિત્રથી પ્રેરાતો ધનઅર્જનમાં લાગ્યો. ।।૪૫।।

શ્લોક :-

गता दयालुता नष्टा, धर्मधीः क्षीणमार्जवम् ।
कर्मादानानि सर्वाणि, कृतानि बहुशो मया ।।४६।।

શ્લોકાર્થ :-

દયાળુતા ગઈ. ધર્મબુદ્ધિ નાશ પામી. આર્જવ ક્ષીણ થયો. સર્વ કર્મદાનો મારા વડે બહુ વખત કરાયાં.

ધનશેખર ધર્મકળા ભણ્યો નથી તોપણ કુળ અનુસાર દયાળુ બુદ્ધિવાળો હતો. ધર્મ કરવાની કંઈક બુદ્ધિ હતી, કુળ અનુસાર કંઈક આર્જવ પરિણામ હતો. તે સર્વ લોભને વશ નાશ પામ્યાં. તેથી ધનઅર્જન અર્થે સર્વ કર્માદાનો સેવે છે. **॥૪૬॥**

શ્લોક :-

तृड्बुभुक्षे मया सोढे, धनलोभान्धचेतसा ।
रात्रावपि न सुप्तोऽहं, नापि भोगा निषेविताः ।।४७।।

શ્લોકાર્થ :-

ધનના લોભમાં અંધ એવા ચિત્તવાળા મારા વડે તૃષા અને બુભુક્ષા સહન કરાઈ, રાત્રિમાં પણ હું સૂતો નહિ, ભોગો પણ સેવાયા નહિ.

લોભના પરિણામના અતિશયને કારણે ધનઅર્જનને અર્થે તૃષા, ક્ષુધા સહન કરી, રાત્રિમાં પણ ધનઅર્જનનો પ્રસંગ હોય તો નિદ્રાને ગૌણ કરીને ધનઅર્જન કરવા જતો હતો. ધનપ્રધાન ચિત્ત હોવાથી ધનશેખર ભોગો પણ સેવી શકતો નથી. **॥૪૭॥**

શ્લોક :-

क्लेशेन तावता सार्द्धं, सहस्रं तदभूत् ततः ।।
सहस्रद्वयवाञ्छाऽभूत्, तत्प्राप्तौ चायुतस्पृहा ।।४८।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તે=તે હજાર સોનામહોર, તેટલા ક્લેશની દોઢ હજાર

સોનામહોર થઈ અને બેહજારની વાંછા થઈ, તેની પ્રાપ્તિમાં=બે હજાર સોનામહોરની પ્રાપ્તિમાં, અયુત સ્પૃહાવાળો થયો=દશ હજાર સોનામહોરની સ્પૃહાવાળો થયો. ॥૪૮॥

શ્લોક :-

प्राप्तं तदप्युपायेन, ततो लक्षे गतं मनः ।
नानोपायप्रसक्तेन, मया तदपि मीलितम् ॥४९॥

શ્લોકાર્થ :-

તે પણ=દશ હજાર સોનામહોર પણ, ઉપાયથી પ્રાપ્ત થઈ. ત્યારપછી લાખમાં મન ગયું, અનેક ઉપાયોથી પ્રસક્ત એવા મારા વડે=ધનઅર્જનના અનેક ઉપાયોના સેવન કરતા એવા મારા વડે, તે પણ=લાખ સોનામહોર પણ, મેળવાઈ. ॥૪૯॥

શ્લોક :-

ततोऽपि प्रयुतेच्छाऽभूत्, सागराज्ञास्थितस्य मे ।
कालेन भूयसा साऽपि, पूरिता क्लेशकोटिभिः ॥५०॥

શ્લોકાર્થ :-

ત્યારપછી પણ સાગરની આજ્ઞામાં રહેલા એવા મને પ્રયુતની ઈચ્છા થઈ=દશ લાખ સોનામહોરની ઈચ્છા થઈ. ઘણા કાળથી ક્રોડો ક્લેશો વડે તે પણ=દશ લાખ સોનામહોરની ઈચ્છા પણ, પુરાઈ. ॥૫૦॥

શ્લોક :-

कोटिप्राप्तौ ततो वाञ्छा, जाता मे साऽपि पूरिता ।
बहूपायैर्महारम्भैर्नृपसेवादिवृत्तिभिः ॥५१॥

શ્લોકાર્થ :-

ત્યારપછી ક્રોડની પ્રાપ્તિમાં મને વાંછા થઈ. તે પણ=ક્રોડની પ્રાપ્તિ પણ, મહારંભવાળી, રાજાની સેવાદિ વૃત્તિઓ રૂપ બહુ ઉપાયોથી પુરાઈ. ॥૫૧॥

શ્લોક :-

पुण्योदयस्य माहात्म्याद्, यावत् कोटिरपूर्यत ।
सागरः प्रेरयामास, कोटीनां तावदर्जने ।।५२।।

શ્લોકાર્થ :-

પુણ્યોદયના માહાત્મ્યથી જેટલી કોટિ પુરાઈ, તેટલી કોટિના અર્જનમાં સાગર પ્રેરણા કરતો. ।।૫૨।।

શ્લોક :-

इच्छाऽनिवर्तनीयाऽभूत्, ततः सागरलङ्घने ।
बकुलः श्रेष्ठिनः स्वीयोऽभिप्रायश्च निवेदितः ।।५३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સાગરના લંઘનમાં=દરિયાપાર જઈને ધનઅર્જનમાં ઈચ્છા અનિવર્તનીય થઈ અને બકુલ શ્રેષ્ઠીને પોતાનો અભિપ્રાય નિવેદન કરાયો. ।।૫૩।।

શ્લોક :-

स प्राह पूर्यमाणो हि, पुरुषो भूरिभिर्धनैः ।
ज्वालाभिरिन्धनैरग्निरिवेच्छाभिः प्रवर्धते ।।५४।।

શ્લોકાર્થ :-

તે કહે છે. જેમ બળતાં એવાં ઇંધનો વડે અગ્નિ, તેમ ઘણા ધન વડે પુરાતો પુરુષ ઈચ્છાઓથી વધે છે. ।।૫૪।।

શ્લોક :-

न कदापि निवृत्तिः स्यात्, तस्य रत्नाचलैरपि ।
श्रेयसी तद् धृतिः पुंसां, धनलोभान्धता तु न ।।५५।।

શ્લોકાર્થ :-

રત્નના પર્વતો વડે પણ તેને=પુરુષને, ક્યારેય નિવૃત્તિ ન થાય, તે કારણથી પુરુષોને ધૃતિ શ્રેયકારી છે, ધનની લોભાંધતા નહિ. ।।૫૫।।

શ્લોક :-

तिष्ठात्रैव नियुञ्जानस्तदिदं द्रविणं बहु ।
मयोक्तं तात ! मा वादीरेवं धुर्य विवेकिनाम् ।।५६।।

શ્લોકાર્થ :-

તે કારણથી=ધનની લોલુપતા યુક્ત નથી તે કારણથી, ઘણા એવા ધનને નિયોજન કરતો અહીં જ તું રહે, મારા વડે કહેવાયું, હે તાત ! વિવેકીઓના ધુર્ય એવા તમે આ પ્રમાણે ન કહો. ।।૫૬।।

શ્લોક :-

लक्ष्मीः क्लीबादिव भवेन्निरारम्भात् पराङ्मुखी ।
कुटिलेव विटं त्यक्तुं सारम्भं तु न वाञ्छति ।।५७।।

શ્લોકાર્થ :-

જેમ નપુંસકથી લક્ષ્મી પરાઙ્મુખ થાય છે, તેમ નિરારંભથી લક્ષ્મી પરાઙ્મુખવાળી થાય. જેમ કુટિલ સ્ત્રી વ્યભિચારી પુરુષને છોડવા માટે ઈચ્છતી નથી, તેમ સારંભવાળા એવા પુરુષને લક્ષ્મી છોડવા માટે ઈચ્છતી નથી. ।।૫૭।।

શ્લોક :-

यो न मुञ्चति संरम्भं, प्राप्तैः क्लेशशतैरपि ।
अङ्कस्थले पतत्यस्य, लक्ष्मीरेत्य स्वयंवरा ।।५८।।

શ્લોકાર્થ :-

જે પ્રાપ્ત થયેલા સેંકડો ક્લેશોથી પણ આરંભને મૂકતો નથી, આના અંકસ્થલમાં=ખોળામાં, સ્વયંવરા એવી લક્ષ્મી આવીને પડે છે. ।।૫૮।।

શ્લોક :-

स्तोकप्राप्त्यैव सन्तुष्टे, श्रियो रागो न वर्द्धते ।
रतिं बध्नाति करिणी, न हि स्वल्पजलाश्रये ।।५९।।

શ્લોકાર્થ :-

થોડી પ્રાપ્તિથી જ સંતુષ્ટ પુરુષમાં લક્ષ્મીનો રાગ વધતો નથી, हि=જે કારણથી, સ્વલ્પજલાશ્રયમાં હાથિણી રતિને બાંધતી નથી. ।।૫૯।।

શ્લોક :-

अनुजानीहि मे तात !, रत्नद्वीपे गमं ततः ।
श्रेष्ठी प्राह न तत्रापि, श्रीर्भाग्यं लङ्घयिष्यति ।।६०।।

શ્લોકાર્થ :-

તેથી હે તાત ! રત્નદ્વીપમાં મને જવાની અનુજ્ઞા આપો. શ્રેષ્ઠી કહે છે, ત્યાં પણ=રત્નદ્વીપમાં પણ, લક્ષ્મી ભાગ્યને ઉલ્લંઘન કરતી નથી. ।।૬૦।।

શ્લોક :-

तथाऽपि यदि ते वत्स, निर्बन्धो दुरतिक्रमः ।
अनुज्ञातो मयाऽसि त्वं, गच्छ तद् यत्र रोचते ।।६१।।

શ્લોકાર્થ :-

તોપણ હે વત્સ ! જો તારો આગ્રહ દુરતિક્રમ છે, તો તું મારા વડે અનુજ્ઞાત છો, જ્યાં રુચે છે ત્યાં તું જા. ।।૬૧।।

શ્લોક :-

ततः प्रमुदितो मुक्त्वा, प्रमदां सदने पितुः ।
पृथक् पूरितपोतौघैः, सहितोऽन्यैर्महाधनैः ।।६२।।
अन्तर्मित्रयुतः काले, शुभे विहितमङ्गलः ।
यानपात्रं समारुह्य, चलितो वारिधावहम् ।।६३।।

શ્લોકાર્થ :-

પિતાના વચનથી પ્રમુદિત થયેલો, પિતાના ઘરમાં સ્ત્રીને મૂકીને પૃથક્ પુરાયેલાં વહાણોના સમૂહ વડે, મહાધનિક એવા અન્યોની સાથે, અંતર

મિત્રથી યુક્ત, શુભ કાલે વિહિત મંગલવાળો યાનપાત્રમાં આરોહણ કરીને સમુદ્રમાં હું ચાલ્યો. ॥૬૨-૬૩॥

શ્લોક :-

मध्येऽब्धेर्यानपात्रौघैश्चलद्भिर्धनिनां हृता ।
अन्तर्व्योमव्रजद्देवविमानश्रीः सितध्वजैः ।।६४।।

શ્લોકાર્થ :-

સમુદ્રની મધ્યમાં ચાલતાં એવાં યાનપાત્રોના સમૂહથી ધનવાનોના સિતધ્વજાઓથી અંતર આકાશમાં જતા એવા દેવવિમાનની લક્ષ્મી હરણ કરાઈ. ॥૬૪॥

શ્લોક :-

तद्वेगविचलद्वीचिबद्धफेनोऽम्बुधिर्बभौ ।
सहास इव संप्रेक्ष्य, वणिगुत्साहसाहसम् ।।६५।।

શ્લોકાર્થ :-

વણિક્ના ઉત્સાહના સાહસને જોઈને તેના વેગથી=વહાણોના વેગથી, ચાલતાં મોજાંઓથી બદ્ધ ફેનવાળો સમુદ્ર જાણે હાસ્યવાળો થયો. ॥૬૫॥

શ્લોક :-

तरङ्गहस्तैर्विततैरालिङ्गन्निव वारिधिः ।
पप्रच्छ यानपात्राणां, स्वागतं गर्जितच्छलात् ।।६६।।

શ્લોકાર્થ :-

વિસ્તાર પામતા એવા તરંગરૂપી હાથો વડે જાણે આલિંગન આપતા સમુદ્રે ગર્જનાના બહાનાથી યાનપાત્રોના સ્વાગતને પૂછ્યું. ॥૬૬॥

શ્લોક :-

वार्द्धौ वेगं दधुः पोता, उत्साहा वणिजामिव ।
दोःस्थ्यैरिव ततः क्षुब्धैः, कच्छपैः प्रपलायितम् ।।६७।।

શ્લોકાર્થ :-

વણિકોના ઉત્સાહની જેમ વહાણોએ સમુદ્રમાં વેગને ધારણ કર્યો. દૌ:સ્થ્યની જેમ તેનાથી=નાવોથી, ક્ષુબ્ધ થયેલા કચ્છપો વડે=જલપ્રાણીઓ વડે, પલાયન કરાયું. ।।૬૭।।

શ્લોક :-

प्राप्तानि यानपात्राणि, रत्नद्वीपं सुवायुना ।
वणिग्भिः प्राभृतं दत्त्वा, तत्र भूपः प्रसादितः ।।६८।।

શ્લોકાર્થ :-

યાનપાત્રોએ સુવાયુથી રત્નદ્વીપને પ્રાપ્ત કર્યો. ત્યાં વાણિયાઓ વડે ભેટણું આપીને રાજા પ્રસન્ન કરાયો. ।।૬૮।।

શ્લોક :-

जगृहुः प्रतिभाण्डानि, तेऽथ भाण्डौघविक्रयात् ।
प्रतिचेलुः प्राप्तलाभाः, स्वदेशे शेषवाणिजाः ।।६९।।

શ્લોકાર્થ :-

હવે તેઓએ=વાણિયાઓએ, ભાંડના સમૂહના વિક્રયથી પ્રતિભાંડોને ગ્રહણ કર્યાં. શેષ વાણિયાઓ પ્રાપ્ત લાભવાળા સ્વદેશમાં ગયા. ।।૬૯।।

શ્લોક :-

तत्रैव स्थापितोऽहं तु, सागरेण प्रसर्पता ।
प्रारब्धं रत्नवाणिज्यं, विधाय विततापणम् ।।७०।।

શ્લોકાર્થ :-

વળી વિસ્તાર પામતા સાગરથી=લોભથી, હું ત્યાં જ સ્થાપન કરાયો. વિસ્તારવાળી દુકાન કરીને રત્નવાણિજ્ય શરૂ કરાયું. ।।૭૦।।

શ્લોક :-

अन्यदैकाऽऽगता वृद्धा, नारी मां प्रत्यवोचत ।
अस्त्यानन्दपुरे राजा, केसरी तत्प्रिये उभे ।।७१।।
जयसुन्दर्याह्वयैका, परा कमलसुन्दरी ।
जातान् जातान् सुतान् हन्ति, गृध्नू राज्यसुखे नृपः ।।७२।।

શ્લોકાર્થ :-

અન્યદા આવેલી એક વૃદ્ધ નારીએ મને કહ્યું. આનંદપુર નગરમાં કેસરી રાજા છે. તેની બે પ્રિયા છે. જયસુંદરી નામની એક, બીજી કમલસુંદરી. રાજ્યસુખમાં ગૃદ્ધિવાળો રાજા ઉત્પન્ન થયેલા, ઉત્પન્ન થયેલા પુત્રોને હણે છે. ।।૭૧-૭૨।।

શ્લોક :-

अपत्यस्नेहतो नष्टा, ततः कमलसुन्दरी ।
गर्भिणी मां सखीं लात्वा, महाटव्यां पपात च ।।७३।।

શ્લોકાર્થ :-

તેથી=રાજા પુત્રોને મારી નાંખે છે તેથી, પુત્રના સ્નેહથી કમલસુંદરી નાસી. સખી એવી મને=તે વૃદ્ધ નારીને, લઈને ગર્ભિણી એવી કમલસુંદરી મહાઅટવીમાં ગઈ. ।।૭૩।।

શ્લોક :-

तत्रानुभूतः क्लेशौघो, रात्रिशेषे च वेदना ।
जाता शूलाङ्गभङ्गाद्यैस्तस्या हृदयदारिणी ।।७४।।

શ્લોકાર્થ :-

ત્યાં=અટવીમાં, ક્લેશનો સમૂહ અનુભવ કરાયો અને રાત્રિના શેષમાં શૂલ અને અંગભંગાદિ વડે તેણીને હૃદયને છેદનારી વેદના થઈ. ।।૭૪।।

શ્લોક :-

प्रसवासन्नतां मत्वा, वाचा साऽऽश्वासिता मया ।
कुर्वत्या मम तत्कालोचितं कर्म मुमूर्च्छ सा ।।७५।।

શ્લોકાર્થ :-

પ્રસવની આસન્નતાને માનીને, મને તત્કાલ ઉચિત કર્મને કરતી એવી મારા વડે=તે વૃદ્ધ નારી વડે, વાણીથી તે=કમલસુંદરી, આશ્વાસન કરાઈ. તેણી મૂર્ચ્છા પામી=કમલસુંદરી મૂર્ચ્છા પામી. ।।૭૫।।

શ્લોક :-

योनिद्वारेण निरगात्, दारकः स्वामिनी मृता ।
वज्राहतेव जाताऽहं, भूताविष्टेव शून्यहृत् ।।७६।।

શ્લોકાર્થ :-

યોનિદ્વારથી પુત્ર જન્મ્યો. સ્વામિની મરી. વજથી હણાયેલાની જેમ હું=વૃદ્ધ સ્ત્રી, ભૂતઆવિષ્ટની જેમ શૂન્ય હૃદયવાળી થઈ. ।।૭૬।।

શ્લોક :-

प्रवृत्ता च प्रलपितुं, देहि स्वामिनि ! मे गिरम् ।
क्व गताऽसि सुतं हित्वा, यस्यार्थे राज्यमुज्झितम् ।।७७।।

શ્લોકાર્થ :-

પ્રલાપ કરવા માટે પ્રવૃત્ત થઈ. હે સ્વામિની ! મને વાણી આપ. પુત્રને છોડીને તું ક્યાં ગઈ ? જેના અર્થે=જે પુત્રના અર્થે, રાજ્ય છોડાયું. ।।૭૭।।

શ્લોક :-

गतैवं विलपन्त्या मे, रजनी रविरुद्गतः ।
तत्पथेनेयुषा दृष्टा, सार्थवाहेन तादृशी ।७८।।
आश्वास्य तेन वृत्तान्तः, पृष्टो निगदितो मया ।
विस्मितोऽसौ मया पृष्टः, क्व गन्तव्यं त्वयाऽनघ ! ।।७९।।

શ્લોકાર્થ :-

આ રીતે વિલાપ કરતી મારી રાત્રિ પસાર થઈ. સૂર્ય ઊગ્યો. તે પથથી આવતા સાર્થવાહ વડે તેવા પ્રકારની મને જોઈને આશ્વાસન આપીને તેના વડે વૃત્તાંત પુછાયો=સાર્થવાહ વડે વૃત્તાંત પુછાયો. મારા વડે કહેવાયું. વિસ્મય પામેલો આ=સાર્થવાહ, મારા વડે=દાસી વડે, પુછાયો. હે અનઘ સાર્થવાહ ! તારા વડે ક્યાં જવાનું છે ? ।।૭૮-૭૯।।

શ્લોક :-

यास्यामि स जगौ रत्नद्वीपं ध्यातं मया ततः ।
नीलकण्ठोऽस्ति कमलसुन्दर्यास्तत्र सोदरः ।।८०।।

શ્લોકાર્થ :-

તે સાર્થવાહ બોલ્યો. રત્નદ્વીપમાં હું જાઉં છું, તેથી મારા વડે વિચારાયું. ત્યાં=રત્નદ્વીપમાં કમલસુંદરીનો ભાઈ નીલકંઠ છે. ।।૮૦।।

શ્લોક :-

भागिनेयं सुसार्थेन, गत्वा तस्यार्पयाम्यहम् ।
सार्द्धं तत् सार्थवाहेन, प्राप्ता द्वीपमिमं ततः ।।८१।।

શ્લોકાર્થ :-

સુસાર્થની સાથે જઈને તેને=નીલકંઠને, ભાણેજને હું સોંપું. તે કારણથી સાર્થવાહની સાથે ત્યારપછી આ દ્વીપને હું પ્રાપ્ત થઈ. ।।૮૧।।

શ્લોક :-

दर्शितो नीलकण्ठाय, भागिनेयो मनोहरः ।
वार्ता कमलसुन्दर्याः, सर्वा च कथिता मया ।।८२।।

શ્લોકાર્થ :-

મનોહર એવો ભાણેજ નીલકંઠને બતાવાયો. કમલસુંદરીની વાર્તા સર્વ પણ મારા વડે કહેવાઈ. ।।૮૨।।

શ્લોક :-

खेदगर्भोऽस्य हर्षोऽभूद्, हरिरित्यभिधा कृता ।
दारकस्याथ सोऽस्याभूद् वर्धमानोऽतिवल्लभः ।।८३।।

શ્લોકાર્થ :-

આને=નીલકંઠને, ખેદગર્ભ હર્ષ થયો. હરિ એ પ્રમાણે પુત્રનું નામ કરાયું. હવે વધતો એવો તે આને=નીલકંઠને, અતિવલ્લભ થયો. ।।૮૩।।

શ્લોક :-

ग्राहितोऽसौ कलाः सर्वाः, संप्राप्तश्चारुयौवनम् ।
श्रिया सुरकुमारस्याकारं न्यक्कुरुते कृती ।।८४।।

શ્લોકાર્થ :-

આ=હરિ, સર્વ કલાઓને, ગ્રહણ કરાવાયો. ચારુ યૌવનને પામ્યો. કૃતી એવો આ=પુણ્યશાળી એવો હરિ, લક્ષ્મીથી સુરકુમારના આકારને તિરસ્કાર કરે છે. ।।૮૪।।

શ્લોક :-

अस्योक्तः पूर्ववृत्तान्तो, मयाऽनेन श्रुतः पुनः ।
भवानानन्दनगरादागतो वणिजां वरः ।।८५।।

શ્લોકાર્થ :-

આનો પૂર્વવૃત્તાંત=હરિનો પૂર્વવૃત્તાંત, મારા વડે=વૃદ્ધ સ્ત્રી વડે, કહેવાયો. વળી આના વડે=હરિ વડે, સંભળાયું. આનંદ નગરથી વણિજોના શ્રેષ્ઠ એવા તમે=ધનશેખર, આવ્યા છો. ।।૮૫।।

શ્લોક :-

ततः स(स्व)देशजं मत्वा, त्वां द्रष्टुं सोऽभिवाञ्छति ।
तत्समीपं ततो गन्तुं, भवानर्हति कोविदः ।।८६।।

શ્લોકાર્થ :-

તેથી સ્વદેશમાં થયેલા તમને માનીને તે=હરિ, તને=ધનશેખરને, જોવા માટે ઇચ્છે છે. તે કારણથી=હરિ તમને જોવા ઇચ્છે છે તે કારણથી, બુદ્ધિમાન એવા તમારે=ધનશેખરે, તેની સમીપે જવું યોગ્ય છે. ॥૮૬॥

શ્લોક :-

ततो हरिकुमारस्य, वसुमत्या तया समम् ।
गतोऽभ्यर्णं तया तस्य, ज्ञापितोऽहं जहर्ष सः ।।८७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તે વસુમતીની સાથે હું=ધનશેખર, હરિકુમારની પાસે ગયો. તેણી વડે=વસુમતી વડે, તેને=હરિકુમારને, હું જ્ઞાપિત કરાયો= ઓળખાણ કરાવાયો. તે=હરિકુમાર હર્ષ પામ્યો. ॥૮૭॥

શ્લોક :-

अस्थापयत् समालिङ्ग्य, गाढं मामर्धविष्टरे ।
जगौ चोक्तोऽम्बया तातमित्रं मे हरिशेखरः ।।८८।।

શ્લોકાર્થ :-

ગાઢ સમાલિંગન કરીને મને અડધા આસન ઉપર સ્થાપન કર્યો અને બોલ્યો. માતા વડે કહેવાયેલા હરિશેખર મારા તાતમિત્ર=પિતાના મિત્ર, છે. ॥૮૮॥

શ્લોક :-

त्वं च तस्य सुतस्तेन, भ्राताऽसि मम सर्वथा ।
मयोक्तं यादृशस्तातो, भृत्यः केसरिभूपतेः ।।८९।।
तादृशस्तेऽहमप्यस्मि, तद् भृत्ये कोऽयमादरः ।
ततः सोऽकारयद् गाढं, तुष्टो मित्रागमोत्सवम् ।।९०।।

શ્લોકાર્થ :-

અને તું=ધનશેખર, તેનો=હરિશેખરનો, પુત્ર છે. તેથી મારો સર્વથા ભાઈ છે. મારા વડે કહેવાયું. કેસરી રાજાના જેવા પ્રકારના પિતા=મારા પિતા ભૃત્ય છે.

હું=ધનશેખર પણ તેવા પ્રકારનો તારો છું. તે કારણથી ભૃત્યમાં આ શું આદર ? તેથી=આ પ્રમાણે ધનશેખરે કહ્યું તેથી, ગાઢ તોષ પામેલા એવા તેણે=હરિકુમારે, મિત્રના આગમનનો ઉત્સવ કરાવ્યો. ॥૮૯-૯૦॥

શ્લોક :-

ततो हरिकुमारेण, सह लीलां वितन्वतः ।
दिनानि मे सुखं यान्ति, संप्राप्तोऽथ मधूत्सवः ।।९१।।

શ્લોકાર્થ :-

ત્યારપછી હરિકુમારની સાથે લીલાને વિસ્તારતા મારા દિવસો સુખે જાય છે. હવે મધુ ઉત્સવ પ્રાપ્ત થયો. ॥૯૧॥

શ્લોક :-

ततो हरिकुमारोऽसौ, मित्रमण्डलराजितः ।
मदन्वितो ययौ द्रष्टुं, वने मधुकृतश्रियम् ।।९२।।

શ્લોકાર્થ :-

ત્યારપછી મિત્રમંડલથી શોભતો, મારાથી યુક્ત આ હરિકુમાર વનમાં મધુકૃત લક્ષ્મીને જોવા માટે ગયો=વસંતઋતુને જોવા માટે ગયો. ॥૯૨॥

શ્લોક :-

सहकारतले तत्र, स्थितः कोकिलकूजितैः ।
प्रपञ्चितस्मरयशःपटहध्वनिविभ्रमे ।।९३।।

શ્લોકાર્થ :-

ત્યાં=વનમાં, કોકિલના અવાજો વડે વિસ્તારિત કામના યશના પટહના

ધ્વનિથી વિભ્રમવાળા આંબાના વૃક્ષના તલમાં રહ્યો=હરિકુમાર બેઠો. ॥૯૩॥

શ્લોક :-

तावत् तत्रागता काचिद्, व्रतिनी रौद्ररूपभृत् ।
वृद्धा सा चित्रालिखितां, कन्यां तस्य करे ददौ ॥९४॥

શ્લોકાર્થ :-

તેટલામાં રૌદ્રરૂપને ધારણ કરનારી કોઈક વ્રતિની=તાપસી, ત્યાં=હરિકુમાર પાસે, આવી. વૃદ્ધ એવી તેણીએ હરિકુમારના હાથમાં ચિત્રમાં આલેખન કરાયેલ કન્યાને આપી. ॥૯૪॥

શ્લોક :-

कुमारभावं पश्यन्ती, सा ततः स्तिमिता स्थिता ।
सविकारं तमाक्षिप्तमालोक्य च विनिर्गता ॥९५॥

શ્લોકાર્થ :-

ત્યારપછી=ચિત્ર આપ્યા પછી, તે=તાપસી, કુમારના ભાવને જોતી=હરિકુમારના ચિત્તને જોતી સ્થિર રહી. સવિકારવાળા આક્ષિપ્ત તેને જોઈને=કુમારને જોઈને, ચાલી ગઈ. ॥૯૫॥

શ્લોક :-

कुमारस्तां मुहुः पश्यन्, दृष्टो मित्रैः पराहतः ।
दीर्घनिःश्वासहुंकाराव्यक्तवाग्मूर्द्धकम्पनैः ॥९६॥

શ્લોકાર્થ :-

કુમાર તેણીને=ચિત્રમાં રહેલી કન્યાને, વારંવાર જોતો મિત્રો વડે દીર્ઘ નિઃશ્વાસ, હુંકાર, અવ્યક્તવાણી અને મસ્તકનાં કંપનો વડે અત્યંત હણાયેલો જોવાયો=કામથી વિહ્વળ થયેલો જોવાયો. ॥૯૬॥

શ્લોક :-

अभूत् क्षणं स मन्दाक्षः, क्षणं विस्फारितेक्षणः ।
क्षणं स्मेरः क्षणं लीनः, क्षणक्षणविलक्षणः ।।९७।।

શ્લોકાર્થ :-

મંદ અક્ષવાળો એવો તે=કુમાર, ક્ષણમાં થયો. ક્ષણમાં વિસ્ફારિત ચક્ષુવાળો થયો. ક્ષણ સ્મેર=વિસ્મયવાળો, ક્ષણ લીન, ક્ષણ ક્ષણ વિલક્ષણ થયો=દરેક ક્ષણે પરાવર્તન પામતા પરિણામવાળો થયો. ॥૯૭॥

શ્લોક :-

सस्मितं मन्मथः प्रोचे, ततो नानारसाकुलम् ।
किं नरीनृत्यते चित्ते, कुमार ! स्फारविभ्रमैः ।।९८।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સસ્મિત, નાના રસથી આકુલ એવા તેને=કુમારને, મન્મથ બોલ્યો=મન્મથ નામનો મિત્ર બોલ્યો. હે કુમાર ! સ્ફાર વિભ્રમો વડે ચિત્તમાં કોણ અત્યંત નૃત્ય કરે છે ? ॥૯૮॥

શ્લોક :-

विदग्धः सोऽवदत् तस्मै, निह्नुवानो निजाशयम् ।
हृष्याम्यस्मादहमितश्चित्रकृत्करकौशलात् ।।९९।।

શ્લોકાર્થ :-

વિદગ્ધ એવો તે=કુમાર, નિજઆશયને ગોપવતો તેને બોલ્યો=મન્મથને બોલ્યો. આ ચિત્રકારના કરના કૌશલ્યને કારણે આનાથી=ચિત્રથી, હું હર્ષિત થાઉં છું. ॥૯૯॥

શ્લોક :-

चित्रेऽस्मिन् लिखिता बाला, दत्ते नालापमेव हि ।
अन्यैस्तु विभ्रमैः सर्वैः, साक्षाद्भूतेव दृश्यते ।।१००।।

શ્લોકાર્થ :-

આ ચિત્રમાં આલેખાયેલી બાલા આલાપને જ આપતી નથી. વળી, અન્ય સર્વ વિભ્રમો વડે સાક્ષાત્‌ભૂત જ દેખાય છે. ||૧૦૦||

શ્લોક :-

विभावयामि तदिदमेतच्चित्रैककर्मणः ।
बहुक्रियाव्यग्रमना, विश्वकर्माऽपि नाधिकः ।।१०१।।

શ્લોકાર્થ :-

આ ચિત્રના એક કર્મને કારણે તે આ હું વિભાવન કરું છું. શું વિભાવન કરું છું તે બતાવે છે. ઘણી ક્રિયાના વ્યગ્ર મનવાળા વિશ્વકર્મા પણ અધિક નથી=આ ચિત્રકારથી અધિક નથી. ||૧૦૧||

શ્લોક :-

किं सत्यमिदमित्यूचे, मन्मथः पद्मकेसरम् ।
सोऽप्याह प्राणिनां मित्र !, विचित्राश्चित्तवृत्तयः ।।१०२।।

શ્લોકાર્થ :-

શું આ સત્ય છે એ પ્રમાણે=હરિકુમાર કહે છે એ સત્ય છે એ પ્રમાણે, મન્મથ નામનો મિત્ર પદ્મકેસરને કહે છે, તે પણ કહે છે હે મિત્ર મન્મથ ! જીવોની ચિત્તવૃત્તિઓ વિચિત્ર છે. ||૧૦૨||

શ્લોક :-

चित्रेऽतिकुशला कन्या, भाति चित्रकृतोऽपि मे ।
ललितः प्राह किं चित्रं, दृष्टं क्वाप्यनया कृतम् ।।१०३।।

શ્લોકાર્થ :-

ચિત્રને કરનારા પણ મને=પદ્મકેસરને, ચિત્રમાં અતિકુશલ કન્યા દેખાય છે. લલિત કહે છે=ત્રીજો મિત્ર લલિત પદ્મકેસરને કહે છે. આના વડે=કન્યા વડે, કરાયેલું ચિત્ર શું ક્યાંય પણ તારા વડે જોવાયું છે ? ||૧૦૩||

શ્લોક :-

किन्नरीणामविषये, दुर्गमे सुरयोषिताम् ।
विद्याधरीणां दुर्लङ्घ्ये, दुष्प्रवेशेऽन्ययोषिताम् ।।१०४।।
चित्ते गूढे कुमारस्य, सत्त्वसारे न दृश्यते ।
किमेतया कृतं चित्रमित्यूचे पद्मकेसरः ।।१०५।।

શ્લોકાર્થ :-

કિન્નરીઓના અવિષયવાળા, દેવતાઓની સ્ત્રીઓ માટે દુર્ગમ, વિદ્યાધરીઓને દુર્લંઘ્ય, અન્ય સ્ત્રીઓને માટે દુષ્પ્રવેશવાળા એવા સત્ત્વસાર કુમારના ગૂઢ ચિત્તમાં શું આના વડે=રાજકન્યા વડે, કરાયેલું ચિત્ર દેખાતું નથી ? એ પ્રમાણે પદ્મકેસર બોલ્યો.

કુમાર અતિ સત્ત્વસાર છે જેના હૈયામાં કોઈ સ્ત્રીઓ સ્થાન લઈ શકે નહિ, એવા પણ કુમારના ચિત્તમાં આ રાજકન્યા વડે પોતાના સ્વરૂપનું આલેખન કર્યું અર્થાત્ સ્થાન લીધું એ શું દેખાતું નથી ? એમ કહીને પદ્મકેસર કુમારના વિકારને જ વ્યક્ત કરે છે. **॥૧૦૪-૧૦૫॥**

શ્લોક :-

विभ्रमः प्राह किं चित्रं, नन्वाश्चर्यमिदं स्फुटम् ।
मूढ ! श्लेषादिदं ह्येतदित्यूचे पद्मकेसरः ।।१०६।।

શ્લોકાર્થ :-

વિભ્રમ કહે છે. શું આશ્ચર્ય છે ? ખરેખર આ સ્પષ્ટ આશ્ચર્ય છે. હે મૂઢ વિભ્રમ ! શ્લેષથી=રાજકન્યા પ્રત્યે કુમારના શ્લેષથી, આ=કુમારના ચિત્તમાં રાજકન્યાનું ચિત્ર આલેખાયેલું છે એ પ્રમાણે પદ્મકેસર કહે છે. ॥૧૦૬॥

શ્લોક :-

कपोलोऽवक् कथं गम्यं, हृतमस्य मनोऽनया ।
मूढ ! लिङ्गैरतिव्यक्तैरित्यूचे पद्मकेसरः ।।१०७।।

શ્લોકાર્થ :-

કપોલ બોલ્યો. આણી વડે=રાજકન્યા વડે, આનું મન હરાયું=કુમારનું મન હરાયું, કેવી રીતે જણાય ? હે મૂઢ કપોલ ! અતિવ્યક્ત એવા લિંગો વડે જણાય છે, એ પ્રમાણે પદ્મકેસર બોલ્યો. ||૧૦૭||

શ્લોક :-

यावन्न भवति श्रान्तं, मनः कामाध्वलङ्घनात् ।
न निःश्वासादयो भावास्तावदाविर्भवन्ति हि ।।१०८।।

શ્લોકાર્થ :-

જ્યાં સુધી કામરૂપી અધ્વના લંઘનથી મન શ્રાંત થતું નથી, ત્યાં સુધી નિઃશ્વાસ આદિ ભાવો આવિર્ભાવ પામતા નથી. ||૧૦૮||

શ્લોક :-

कुमारमेव पृच्छ स्याद्, यदि न प्रत्ययो मयि ।
प्रोचे हरिकुमारोऽथ कृतं यत्तत्प्रलापतः ।।१०९।।

શ્લોકાર્થ :-

કુમારને જ તું પૂછ. જો મારામાં વિશ્વાસ ન હોય. હવે હરિકુમારે કહ્યું. જે તે પ્રલાપથી સર્યું. ||૧૦૯||

શ્લોક :-

चारु प्रश्नोत्तरं किञ्चित्, पठ तावदनाविलः ।
जगावथ विनोदार्थं, सहासं पद्मकेसरः ।।११०।।

શ્લોકાર્થ :-

સુંદર પ્રશ્નોત્તર કંઈક બોલ. ત્યાં સુધી વિનોદ માટે સહાસ=હાસ્યપૂર્વક અનાવિલ એવો પદ્મકેસર બોલ્યો. ||૧૧૦||

શ્લોક :-

हृदि प्राप्नोति कश्चित्रं, कां चित्रामधिगत्य मे ।
वाचामाचारपूतात्मा, साधुस्त्यजति कां पुनः ।।१११।।

શ્લોકાર્થ :-

મારી કઈ ચિત્ર વાણીને પામીને કોણ હૃદયમાં આશ્ચર્યને પ્રાપ્ત કરે છે ? આચારથી પવિત્ર એવા સાધુ વળી કોનો ત્યાગ કરે છે ?

હરિકુમારે કંઈક સુંદર પ્રશ્ન કરવાનું કહ્યું તેથી પદ્મકેસરે હરિકુમારને શ્લોક-૧૧૧માં કહ્યું એ પ્રકારનો કોયડો પૂછ્યો. **॥૧૧૧॥**

શ્લોક :-

श्रुत्वेदं शून्यहुंकारं, कुमारो व्यग्रधीर्ददौ ।
पुनः पपाठ विस्पष्टधृतये पद्मकेसरः ।।११२।।

શ્લોકાર્થ :-

આ સાંભળીને વ્યગ્ર બુદ્ધિવાળા એવા કુમારે શૂન્ય હુંકારો આપ્યો. ફરી વિસ્પષ્ટ ધારણા માટે=વિશેષથી કોયડાની સ્પષ્ટ ધારણા માટે, પદ્મકેસર બોલ્યો. ।।૧૧૨।।

શ્લોક :-

चित्रकन्याहृतस्वान्तस्तथाऽप्यस्थात् स तादृशः ।
स्मित्वा सर्वे ततोऽपश्यन्, वदनानि परस्परम् ।।११३।।

શ્લોકાર્થ :-

તોપણ=પદ્મકેસરે તે કોયડો ફરી કહ્યો તોપણ, ચિત્રની કન્યાથી હરણ કરાયેલા સ્વઅંતઃકરણવાળો તે=કુમાર, તેવા પ્રકારનો રહ્યો. ત્યારપછી હસીને સર્વ પણ પરસ્પર મુખોને જોયાં. ।।૧૧૩।।

શ્લોક :-

चेतो हरिकुमारस्य, प्रत्यावृत्तं तदीक्षणात् ।
श्लोकं श्रुत्वाऽथ तं तेनावष्टम्भाद् दत्तमुत्तरम् ।।११४।।

अहंकृतिम् ।

શ્લોકાર્થ :-

તે જોવાથી=બધા પરસ્પર હસ્યા તે જોવાથી, હરિકુમારનું ચિત્ત પાછું વળ્યું. હવે તે શ્લોકને સાંભળીને તેના વડે=હરિકુમાર વડે, અવષ્ટંભથી ઉત્તર અપાયો='અહંકાર' એ પ્રકારે હરિકુમારે ઉત્તર આપ્યો. ॥૧૧૪॥

❖ શ્લોક-૧૧૧માં કરેલા પ્રશ્નનો ઉત્તર 'અહંકાર' છે.

શ્લોક :-

ततोऽतिविस्मितः पद्मकेसरोऽन्यत् पुनर्जगौ ।
कथं बध्नाति काः प्राज्ञः, के गीतरसलम्पटाः ।।११५।।

શ્લોકાર્થ :-

તેથી અતિ વિસ્મિત પદ્મકેસરે બીજું કહ્યું=બીજો કોયડો કહ્યો. પ્રાજ્ઞ કોણીને કેવી રીતે બાંધે છે ? કોણ ગીતરસના લંપટ છે ? ॥૧૧૫॥

શ્લોક :-

तदपि प्रत्युदतरद्, विचिन्त्य हृदये हरिः ।
सारंगाः ।।
पप्रच्छाथ विलासोऽन्यज्जैनेन्द्रमतवासितः ।।११६।।

શ્લોકાર્થ :-

તેને પણ હૃદયમાં વિચારીને=તે કોયડાને હૃદયમાં વિચારીને, હરિએ પ્રત્યુત્તર આપ્યો. સારંગો=ચાતક પક્ષીઓ. જૈનેન્દ્ર મતવાસિત એવા હે વિલાસ ! હવે તું અન્ય પૂછ. ॥૧૧૬॥

શ્લોક :-

प्राबल्यं केन वाच्यं कलयति रसना कं भवेत् पक्षिणः का,
संबुद्धिर्बुद्धिमन्तः क्व च विरचनया यत्नमुल्लासयन्ति ।
कः प्रार्थ्यः केन तुल्योऽलस इह गरगीः(?) कीदृशी स्यात् पुराऽर्था,
व्यापद्वल्लीकृपाणी जयति जिनपतेः कीदृशी ब्रूहि वाणी ।।११७।।

શ્લોકાર્થ :-

કોના વડે વાચ્ય એવું પ્રાબલ્ય રસનાને જાણે છે ? પક્ષીઓનો કોણ થાય ? સંબુદ્ધિ કઈ છે ? અને બુદ્ધિમાન પુરુષો વિરચનાથી ક્યાં યત્નને ઉલ્લાસિત કરે છે ? કોણ પ્રાર્થના કરવા યોગ્ય કોના તુલ્ય છે. અહીં અલસ એવી ગરગી પુર અર્થવાળી કેવા પ્રકારની થાય ? આપત્તિઓની વલ્લીમાં કૃપાણી એવી જિનપતિની વાણી કેવા પ્રકારની જય પામે છે ? તું કહે ? ।।૧૧૭।।

શ્લોક :-

हरिर्जगौ बृहद् व्यस्तसमस्तं खल्विदं ततः ।
पुनः पठ पपाठासौ, विचार्योदतरद्धरिः ।।११८।।
उदारसंवेगविरागवासना ।

શ્લોકાર્થ :-

હરિ બોલ્યો. મોટું, વ્યસ્ત અને સમસ્ત ખરેખર આ છે=વિલાસે કરેલા કોયડાનો અર્થ મોટો છે. પ્રત્યેકના જુદા જુદા અર્થરૂપ વ્યસ્ત છે અને બધાથી વાચ્ય એવું સમસ્ત રૂપ એક અર્થ છે. તેથી=તારો પ્રશ્ન મોટા અને ઘણા અર્થવાળો છે. તેથી ફરી કહે=હે વિલાસ ! તું ફરી કહે, એમ હરિ કહે છે. આણે કહ્યું=વિલાસે ફરી કહ્યું. હરિએ વિચારીને= વિલાસનો પ્રશ્ન વિચારીને, ઉત્તર આપ્યો='ઉદાર સંવેગથી વિરાગની વાસના' ઉત્તર છે. ।।૧૧૮।।

શ્લોક :-

तच्छ्रुत्वा विस्मितश्चित्ते, पुनः पप्रच्छ तादृशम् ।
कुमारस्य विलासार्थी, विलासः प्रश्नकोविदः ।।११९।।

શ્લોકાર્થ :-

તે='ઉદાર સંવેગ વિરાગવાસના' એ પ્રકારનો હરિએ ઉત્તર આપ્યો તે, સાંભળીને=હરિનો ઉત્તર સાંભળીને, ચિત્તમાં વિસ્મિત થયેલો, કુમારના

વિલાસના અર્થી પ્રશ્નમાં કોવિદ એવા વિલાસે ફરી તેવો પ્રશ્ન પૂછ્યો. ॥૧૧૯॥

શ્લોક :-

पूजायां किं पदं स्यात् कुरु दहनवपुर्बोधनं निःस्तनः कः,
शून्यं कीदृग् पुरं स्याद् वनमपि च घनं कीदृशं नैति शोभाम् ।
का वेश्या का महत्री समिति भवति कः सत्त्वभाजां भटानाम्,
धावल्लावण्यपुरे वपुषि जिनपतेः का निमज्जन्ति नित्यम् ।।१२०।।

શ્લોકાર્થ :-

પૂજામાં ક્યું પદ થાય ? બળતા એવા શરીરવાળો તું બોધનને કર. નિઃસ્તનવાળો કોણ ? શૂન્ય નગર કેવું થાય ? અને ઘન એવું પણ વન કેવા પ્રકારની શોભાને પામતું નથી ? કોણ વેશ્યા છે ? કોણ મોટી સમિતિ છે ? યુદ્ધમાં સત્ત્વશાળી એવા સૈનિકોનો કોણ થાય ? દોડતા લાવણ્યના પુરવાળા જિનપતિના શરીરમાં નિત્ય કોણ ડૂબે છે ? ॥૧૨૦॥

શ્લોક :-

तदपि प्रत्युदतरद्, विस्फुरद्बुद्धिपाटवः ।
हरिः परिस्मृतव्यस्तसमस्तपदपद्धतिः ।।१२१।।
सुराङ्गनानेत्रसरोजराजयः ।

શ્લોકાર્થ :-

વિસ્ફુરાયમાન થતા બુદ્ધિના પાટવવાળા, ચારે બાજુથી સ્મરણ કરી છે વ્યસ્ત સમસ્ત પદની પદ્ધતિ જેણે એવા હરિએ તેનો પણ ઉત્તર આપ્યો. 'દેવીઓના નેત્રરૂપ કમળની રાજીઓ' એ પ્રમાણે હરિએ ઉત્તર આપ્યો. ॥૧૨૧॥

શ્લોક :-

जहास विमलश्चारु, कुमारोऽस्याहरन्मदम् ।
विलासोऽवक् पठत्वन्यः, सर्वस्मयहरो ह्ययम् ।।१२२।।

શ્લોકાર્થ :-

વિમલ હસ્યો. સુંદર કુમારે આના=વિલાસના, મદને હર્યો. વિલાસ બોલ્યો, અન્ય કહો, हि=જે કારણથી, સર્વ આશ્ચર્યને હરનારો આ=હરિ છે. ।।૧૨૨।।

શ્લોક :-

मन्मथोऽभिदधे क्लृप्तं, मया स्पष्टान्धकद्वयम् ।
तदर्थं कथयत्वार्यः, सुविभाव्याविलम्बतः ।।१२३।।

શ્લોકાર્થ :-

મન્મથ બોલ્યો, મારા વડે સ્પષ્ટ અંધકદ્વય પ્રગટ કરાયું, સુંદર વિભાવન કરીને અવિલંબથી હે આર્ય ! તેના અર્થને=સ્પષ્ટ અંધકદ્વય જે મારા વડે પૂર્વમાં કહેવાયેલા તેના અર્થને, કહો. ।।૧૨૩।।

શ્લોક :-

राजन् ! रूपेण नारीणां, हरसे बलताफलम् ।
कामाज्ञयाऽपि वामाक्ष्यो, यान्ति नैतावतीं भुवम् ।।१२४।।
सदाख्यातिमनोज्ञश्रीली(र्ली)लाढ्यगुणगौरवम् ।
अभिधत्ते च तेजस्ते, रणसंमर्दधीरताम् ।।१२५।।
हरिर्जगाद हरसे, बालतायाः फलं त्रपाम् ।
इत्येष प्रथमे भङ्गः, सदाख्येति द्वितीयके ।।१२६।।

શ્લોકાર્થ :-

મન્મથ નામના મિત્રએ હરિને સ્વસ્થ કરવા શ્લોક-૧૨૪-૧૨૫માં બે કોયડા પૂછેલ છે તેનો ઉત્તર હરિએ શ્લોક-૧૨૬માં આપેલ છે. ।।૧૨૪થી ૧૨૬।।

શ્લોક :-

बाला अपि रूपातिशयात् सुरतप्रार्थनापराः कृत्वा तासां त्रपामपनयसि । कामस्तु वयःक्रमादिना धाष्ट्र्यमापादयतीति कामादप्यधिकस्त्वं

रामाणामुन्मादक इति प्रथमस्य भावार्थः ।। द्वितीयस्य तु सुलभ एव ।

गूढतूर्यं मया पद्यमथैकं विनिवेदितम् ।
सम्पूर्णः पठितः श्लोको, हरिणा परिपूर्य तत् ।।१२७।।

શ્લોકાર્થ :-

હવે, ગૂઢ ચોથું પદ્ય છે જેમાં એવું એક પદ્ય મારા વડે=ધનશેખર વડે, નિવેદન કરાયું=बाला.....થી માંડીને त्वं સુધી નિવેદન કરાયું. હરિ વડે પરિપૂર્ણ કરીને તે સંપૂર્ણ શ્લોક બોલાયો. ।।૧૨૭।।

શ્લોક :-

दाने मेघो रतो धर्मे, प्रशस्तः प्रौढतेजसा ।
यस्तनोति सतां प्रीतिं, यशस्तस्य समेधते ।।१२८।।

શ્લોકાર્થ :-

દાનમાં મેઘ, ધર્મમાં રત, પ્રૌઢ તેજથી પ્રશસ્ત, જે સંતોની પ્રીતિને વિસ્તારે છે, તેનો યશ વિસ્તાર પામે છે. ।।૧૨૮।।

શ્લોક :-

तच्छ्रुत्वा विस्मिताः सर्वे, वयस्या धीरहो परा ।
कुमारस्येति सोऽप्येवं व्यस्मरच्चित्रकन्यकाम् ।।१२९।।

શ્લોકાર્થ :-

તે સાંભળીને સર્વ મિત્રો વિસ્મિત થયા, અહો કુમારની=હરિકુમારની શ્રેષ્ઠ બુદ્ધિ છે, એ પ્રમાણે તે પણ=હરિકુમાર પણ, એ રીતે=વિવિધ કોયડાઓને પૂરા કર્યા એ રીતે, ચિત્રકન્યાને વિસ્મરણ કરી. ।।૧૨૯।।

શ્લોક :-

पारापतं प्रियाचाटुकारिणं प्रेक्ष्य तां स्मरन् ।
अथ सोऽभूद् भृशं कम्प्रः, पतच्छिल इव ह्रदः ।।१३०।।

શ્લોકાર્થ :-

હવે પ્રિયાના ચાટુને કરનાર કબૂતરને જોઈને તેણીને=તે કન્યાને, સ્મરણ કરતો તે=હરિ, જેમ પડતી શિલાવાળું સરોવર તેમ અત્યંત કંપવાળો થયો. ।।૧૩૦।।

શ્લોક :-

वाताहतो दीप इव, मानी वारिपराजितः ।
सम्यक्त्ववानविरतो भवभीत इव क्षणात् ।।१३१।।

શ્લોકાર્થ :-

જેમ પવનથી હણાયેલો દીપક, જેમ શત્રુથી પરાજિત થયેલો માની, જેમ ભવથી ભય પામેલ અવિરત સમ્યગ્દષ્ટિ પુરુષ ક્ષણથી કંપવાળો થાય તેમ તે=હરિ, અત્યંત કંપવાળો થયો. એમ પૂર્વશ્લોક સાથે અન્વય છે. ।।૧૩૧।।

શ્લોક :-

ततो मयोक्तं किमिदं कुमार ! तव बाधते ।
स प्राह नागताऽऽसीन्मे, निद्रा रात्रौ शिरोऽर्तितः ।।१३२।।

શ્લોકાર્થ :-

તેથી=કબૂતરને જોઈને હરિને રાજકન્યાનું સ્મરણ થવાથી કંપાયમાન થયો તેથી, મારા વડે=ધનશેખર વડે, કહેવાયું. હે કુમાર ! તને આ શું પીડા કરે છે, તે=હરિ, કહે છે. રાત્રિમાં મસ્તકની પીડાથી મને નિદ્રા આવી ન હતી. ।।૧૩૨।।

શ્લોક :-

गच्छन्तु वाऽत्र तिष्ठन्तु, तदेते मन्मथादयः ।
एहि त्वमेको निद्रामि, यच्चन्दनलतागृहे ।।१३३।।

શ્લોકાર્થ :-

તે કારણથી આ મિત્રો જાઓ અથવા અહીં રહો, તું એક આવ, જે કારણથી ચંદનલતાના ગૃહમાં હું સૂઈ જાઉં. ।।૧૩૩।।

શ્લોક :-

कुमारः प्राविशत् तत्र, मद्युक्तोऽथ गताः परे ।
पल्लवैः शिशिरैः शय्यामारूढोऽसौ कृतां मया ।।१३४।।

શ્લોકાર્થ :-

હવે ત્યાં=ચંદનલતાના ગૃહમાં, મારાથી યુક્ત કુમારે પ્રવેશ કર્યો, બીજા ગયા. મારા વડે=ધનશેખર વડે, કરાયેલી શિશિર ઋતુ સંબંધી પાંદડાંઓ વડે શય્યામાં આ=હરિકુમાર, આરૂઢ થયો. ।।૧૩૪।।

શ્લોક :-

न तत्र लभते तप्तसैकते मीनवद् रतिम् ।
विहितेऽथोपविष्टोऽसावासने कोमले मया ।।१३५।।

શ્લોકાર્થ :-

ત્યાં=શય્યામાં, તપાવેલી રેતીમાં માછલાની જેમ રતિને પ્રાપ્ત કરતો નથી. હવે આ=હરિકુમાર, મારા વડે કરાયેલા કોમલ આસનમાં બેસાડાયો. ।।૧૩૫।।

શ્લોક :-

तत्रापि नाश्नुते सौख्यं, शूलाग्रप्रोतचौरवत् ।
करोतीतस्ततो लग्नः, स्कन्धे चंक्रमणं मम ।।१३६।।

શ્લોકાર્થ :-

ત્યાં પણ=કોમળ આસનમાં પણ, શૂલના અગ્રભાગમાં પરોવાયેલા ચોરની જેમ સૌખ્યને પામતો નથી. મારા સ્કંધમાં લાગેલો હરિ આમતેમ ચંક્રમણને કરે છે=માથું આમતેમ ફેરવે છે.

કામના અતિશયથી થતી જીવની અતિ વિહ્વલતાનું સ્વરૂપ છે. **।।૧૩૬।।**

શ્લોક :-

तथाऽपि स्मरतापेन, मुच्यते न महीयसा ।
लङ्घिता शीतलेऽपीत्थं, बृहद्वेला लतागृहे ।।१३७।।

શ્લોકાર્થ :-

તોપણ મોટા સ્મરના તાપથી મુકાતો નથી. આ રીતે શીતલ એવા લતાગૃહમાં બહુવેળા પસાર કરાઈ. ।।૧૩૭।।

શ્લોક :-

प्रच्छन्नैस्तत् स्थितैः सर्वं कुमारस्य विचेष्टितम् ।
दृष्टं कुतूहलवशाद्, वयस्यैर्मन्मथादिभिः ।।१३८।।

શ્લોકાર્થ :-

પ્રચ્છન્ન રહેલા મન્મથાદિ મિત્રો વડે કુતૂહલના વશથી કુમારનું તે સર્વ વિચેષ્ટિત જોવાયું. ।।૧૩૮।।

શ્લોક :-

जयध्वनिरिव प्रौढः, पुष्पेषोस्तापदायिनः ।
उत्थितः शङ्खनादोऽथ, मध्याह्नसमये महान् ।।१३९।।

શ્લોકાર્થ :-

હવે પુષ્પઈષુના=કામદેવના જયધ્વનિ જેવો તાપને દેનારો, પ્રૌઢ મધ્યાહ્નના સમયમાં મહાન શંખનાદ ઉત્થિત થયો. ।।૧૩૯।।

શ્લોક :-

मन्मथाद्यास्ततः सर्वे, संभूयैत्य लतागृहे ।
हरिमूचुर्गृहे गन्तुमधुनाऽवसरोऽस्ति नः ।।१४०।।

શ્લોકાર્થ :-

ત્યારપછી મન્મથાદિ સર્વએ લતાગૃહમાં એકઠા થઈને આવીને હરિને કહ્યું. આપણો ઘરે જવાનો અવસર હમણાં છે. ।।૧૪૦।।

શ્લોક :-

हरिर्जगौ यात यूयं, विमुच्य धनशेखरम् ।
शान्तायां शूलतापार्त्तावागमिष्याम्यहं पुनः ॥१४१॥

શ્લોકાર્થ :-

હરિ બોલ્યો. ધનશેખરને છોડીને તમે જાઓ. વળી, શૂલતાપની પીડા શાંત થયે છતે હું=હરિકુમાર, આવીશ. ॥૧૪૧॥

શ્લોક :-

प्रतीत एव सर्वेषां, तस्य तद्धेतुरान्तरः ।
तथाप्येतादृशो जल्पश्छलान्मित्रैः प्रवर्तितः ॥१४२॥

શ્લોકાર્થ :-

બધાને=મન્મથાદિ બધા મિત્રોને, તેનો=હરિકુમારનો, તે અંતર્હેતુ પ્રતીત જ છે તોપણ આવા પ્રકારનો જલ્પ મિત્રો વડે છલથી પ્રવર્તિત કરાયો. ॥૧૪૨॥

શ્લોક :-

आयुर्वेदविदग्धोऽसि, भोः कपोल ! निरूपय ।
विकारः किंनिमित्तोऽयं, शमोपायोऽस्य कः पुनः ॥१४३॥

શ્લોકાર્થ :-

હે કપોલ ! તું આયુર્વેદમાં જાણકાર છો. નિરૂપણ કર. કયા નિમિત્તે આ વિકાર છે ? વળી, આના શમનનો ઉપાય કયો છે ? ॥૧૪૩॥

શ્લોક :-

कपोलः प्राह दोषाणां, वायुः पित्तं कफस्तथा ।
शारीरो मानसो हेतू, रजश्च तम एव च ॥१४४॥

શ્લોકાર્થ :-

કપોલ કહે છે. શરીર સંબંધી વાયુ, પિત્ત અને કફ દોષોનો હેતુ છે અને મન સંબંધી રજ અને તમ જ દોષોનો હેતુ છે. ॥૧૪૪॥

શ્લોક :-

प्रशाम्यत्यौषधैः पूर्वो, दिव्ययुक्तिव्यपाश्रयैः ।
मानसो ज्ञानविज्ञानधैर्यस्मृतिसमाधिभिः ।।१४५।।

શ્લોકાર્થ :-

દિવ્ય યુક્તિના આશ્રયવાળા ઔષધોથી પૂર્વ=શરીર સંબંધી, દોષો શાંત થાય છે. જ્ઞાન, વિજ્ઞાન, ધૈર્ય, સ્મૃતિ, સમાધિ વડે માનસ સંબંધી દોષો શાંત થાય છે.

શારીરિક રોગો ઉચિત ઔષધથી શાંત થાય છે અને માનસ રોગો કષાયોના વશથી થાય છે તેને શાંત કરવા તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. ધૈર્યપૂર્વક ચિત્તને તત્ત્વથી વાસિત કરવા યત્ન કરવો જોઈએ અને તત્ત્વના સ્મરણપૂર્વક ચિત્ત શાંત થાય તે રીતે સમાધિમાં યત્ન કરવો જોઈએ જેથી ભાવરોગ સ્વરૂપ કષાયો શાંત થાય છે. **॥૧૪૫॥**

શ્લોક :-

रूक्षः शीतो लघुः सूक्ष्मश्चलोऽथ विशदः खरः ।
विपरीतगुणैर्द्रव्यैर्मारुतः संप्रशाम्यति ।।१४६।।

શ્લોકાર્થ :-

રુક્ષ, શીત, લઘુ, સૂક્ષ્મ, ચલ, વિશદ, ખર એવો વાયુ વિપરીત ગુણોવાળાં દ્રવ્યોથી શાંત થાય છે. ।।૧૪૬।।

શ્લોક :-

सस्नेहमुष्णं तीक्ष्णं च, द्रवमम्लरसं पटु ।
विपरीतगुणैः पित्तं, द्रव्यैराशु प्रशाम्यति ।।१४७।।

શ્લોકાર્થ :-

સસ્નેહ, ઉષ્ણ, તીક્ષ્ણ, દ્રવ, અમ્લરસવાળું, પટુ એવું પિત્ત વિપરીત ગુણોવાળાં દ્રવ્યો વડે શીઘ્ર શાંત થાય છે. ।।૧૪૭।।

શ્લોક :-

गुरुशीतमृदुस्निग्धमधुरस्थिरपिच्छलाः ।
श्लेष्माणः प्रकृतिं यान्ति, विपरीतगुणैर्गुणाः ।।१४८।।

શ્લોકાર્થ :-

ગુરુ, શીત, મૃદુ, સ્નિગ્ધ, મધુર, સ્થિર, પિચ્છલ એવા ગુણોવાળા શ્લેષ્મો વિપરીત ગુણોથી પ્રકૃતિને પામે છે. ।।૧૪૮।।

શ્લોક :-

कफं स्वाद्वम्ललवणाः, कषायकटुतिक्तकाः ।
जनयन्त्यनिलं पित्तं, कट्वम्ललवणा रसाः ।।१४९।।

શ્લોકાર્થ :-

સ્વાદુ, અમ્લ અને લવણ રસો કફને, કષાય, કટુ અને તિક્ત રસો વાયુને, કટુ, અમ્લ, લવણ રસો પિત્તને ઉત્પન્ન કરે છે. ।।૧૪૯।।

શ્લોક :-

स्वाद्वम्ललवणा वायुं, कषायस्वादुतिक्तकाः ।
जयन्ति पित्तं श्लेष्माणं, कषायकटुतिक्तकाः ।।१५०।।

શ્લોકાર્થ :-

સ્વાદુ, અમ્લ, લવણ વાયુનો જય કરે છે. કષાય, સ્વાદુ, તિક્ત પિત્તને જય કરે છે. કષાય, કટુ, તિક્ત શ્લેષ્મનો જય કરે છે. ।।૧૫૦।।

શ્લોક :-

अजीर्णप्रभवा रोगास्तच्चाजीर्णं चतुर्विधम् ।
आमं विदग्धं विश्रब्धं, रसशेषं तथा परम् ।।१५१।।

શ્લોકાર્થ :-

અજીર્ણથી પ્રભવ રોગો છે અને તે અજીર્ણ ચાર પ્રકારનું છે. આમ, વિદગ્ધ, વિષ્ટબ્ધ અને છેલ્લું રસશેષ છે. ।।૧૫૧।।

શ્લોક :-

आमे सदृशगन्धः स्याद्, विदग्धे धूमगन्धता ।
विश्रब्धे गात्रभङ्गश्च, रसशेषेऽन्नद्वेषिता ।।१५२।।

શ્લોકાર્થ :-

આમમાં=આમરૂપ અજીર્ણમાં, સદૃશ ગંધ થાય. વિદગ્ધમાં ધૂમગંધતા થાય. વિષ્ટબ્ધમાં ગાત્રભંગ અને રસશેષમાં અન્નદ્વેષિતા થાય. ।।૧૫૨।।

શ્લોક :-

आमेषु वमनं कुर्याद्, विदग्धे चाम्लकं पिबेत् ।
विश्रब्धे स्वेदनं कुर्याद्, रसशेषे तथा स्वपेत् ।।१५३।।

શ્લોકાર્થ :-

આમરૂપ અજીર્ણોમાં વમન કરવું જોઈએ. વિદગ્ધરૂપ અજીર્ણમાં આમ્લકનું પાન કરે. વિષ્ટબ્ધમાં સ્વેદન કરે અને રસશેષમાં ઊંઘે. ।।૧૫૩।।

શ્લોક :-

इत्थं स्थिते कुमारस्याजीर्णं तापेन लक्ष्यते ।
पित्तं विदग्धावस्थेन, क्षोभितं तेन वायुयुग् ।।१५४।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે સ્થિત હોતે છતે કુમારનું અજીર્ણ તાપથી જણાય છે. વિદગ્ધ અવસ્થાને કારણે ક્ષોભિત પિત્ત છે, તેનાથી=ક્ષોભિત હોવાને કારણે, વાયુથી યુક્ત છે. ।।૧૫૪।।

શ્લોક :-

अन्तस्तापश्च शूलं च, वर्धतेऽस्य ततस्तनौ ।
प्रकृत्याद्यविदन् यत्तत्, किं ब्रूषे विभ्रमो जगौ ।।१५५।।

શ્લોકાર્થ :-

અને આને=કુમારને, તેથી=ક્ષોભિત વાયુથી યુક્ત પિત્ત છે તેથી,

શરીરમાં અંતસ્તાપ અને શૂલ વધે છે. પ્રકૃતિ આદિને નહિ જાણતો= કુમારની પ્રકૃતિ આદિને નહિ જાણતો, જે તે કેમ બોલે છે, એ પ્રમાણે વિભ્રમ બોલ્યો. ।।૧૫૫।।

શ્લોક :-

कपोलः प्राह विज्ञातं प्रकृत्याद्यखिलं मया ।
विकारोऽयमजीर्णस्य, कुमारस्यापरस्य न ।।१५६।।

શ્લોકાર્થ :-

કપોલ કહે છે. મારા વડે પ્રકૃતિ આદિ અખિલ જણાયું છે. કુમારના અજીર્ણનો આ વિકાર છે, બીજાનો નથી. ।।૧૫૬।।

શ્લોક :-

ततोऽहो मूढताऽस्येति, ध्यात्वा चक्रे स्मितं हरिः ।
प्राहुर्वयस्याः संसिद्धं, कार्यं नस्त्वद्विनोदतः ।।१५७।।

શ્લોકાર્થ :-

તેથી=કપોલે વિભ્રમને આ પ્રમાણે કહ્યું તેથી, અહો આની=કપોલની, મૂઢતા છે એ પ્રમાણે વિચારીને હરિએ સ્મિત કર્યું. મિત્રોએ કહ્યું. તમારા વિનોદથી અમારું કાર્ય સિદ્ધ થયું.

કપોલ અને વિભ્રમના વિનોદથી હરિએ સ્મિત કર્યું એ રૂપ અમારું કાર્ય સિદ્ધ થયું. ।।૧૫૭।।

શ્લોક :-

सा परिव्राजिकैवास्य, विकारस्य तु भेषजम् ।
कार्यं पर्येषणं तस्यास्तत् कुमाराविलम्बतः ।।१५८।।

શ્લોકાર્થ :-

આ વિકારનું ઔષધ તે પરિવ્રાજિકા જ છે. તે કારણથી તેણીનું ગવેષણ કુમારે અવિલંબનથી કરવું જોઈએ. ।।૧૫૮।।

શ્લોક :-

ततोऽहं प्रहितस्तेन, तदन्वेषणकाम्यया ।
पश्यामि स्मान्तराले तां, नगराभिमुखं व्रजन् ।।१५९।।

શ્લોકાર્થ :-

તેથી=મિત્રોએ કહ્યું કે પરિવ્રાજિકા જ કુમારના વિકારનું ઔષધ છે તેથી, તેના વડે=કુમાર વડે, તેની અન્વેષણની કામનાથી=પરિવ્રાજિકાની અન્વેષણની કામનાથી, હું=ધનશેખર, મોકલાવાયો. નગરને અભિમુખ જતા એવા મેં અંતરાલમાં તેણીને જોઈ=પરિવ્રાજિકાને જોઈ. ।।૧૫૯।।

શ્લોક :-

नत्वा पृष्टा च सा चित्रपट्टिकोदन्त एष कः ।
केयं कन्या किमर्थं चोच्चलिताऽसि निवेदय ।।१६०।।

શ્લોકાર્થ :-

નમીને તેણી પુછાઈ. 'ચિત્રપટ્ટિકાનું કથન' આ કોણ છે ? આ કન્યા કોણ છે ? અને કયા પ્રયોજનથી તું જઈ રહી છો, નિવેદન કર. એ પ્રમાણે ધનશેખરે પરિવ્રાજિકાને પૂછ્યું. ।।૧૬૦।।

શ્લોક :-

सा प्राह शृणु भद्रैतत्सम्बन्धमिह विद्यते ।
नीलकण्ठस्य नृपतेर्देवी शिखरिणी शुचिः ।।१६१।।

શ્લોકાર્થ :-

તે=પરિવ્રાજિકા, કહે છે. હે ભદ્ર ! તું સાંભળ. અહીં=તારા પ્રશ્નમાં, આ સંબંધ વિદ્યમાન છે. નીલકંઠ રાજાની શિખરિણી નામની પવિત્ર દેવી છે. ।।૧૬૧।।

શ્લોક :-

प्राप्ताऽहं तद्गृहे भिक्षाकृते दृष्टो विषादभाग् ।
सर्वः परिजनः पृष्टा, देवी तत्कारणं जगौ ।।१६२।।

શ્લોકાર્થ :-

હું તેના ઘરમાં ભિક્ષા માટે ગયેલી. વિષાદવાળો સર્વ પરિજન જોવાયો. દેવી પુછાઈ. તેનું કારણ કહ્યું=વિષાદનું કારણ કહ્યું. ॥૧૬૨॥

શ્લોક :-

मयूरमञ्जरी पुत्री, जीवितादपि मेऽधिका ।
बन्धुले ! ते प्रतीतैव, सेयमातपनोदयात् ।।१६३।।
केनापि हेतुना शून्या, जाता तीव्रज्वरारतिः ।
भूषणानि न गृह्णाति, नाङ्गरागं तनोति च ।।१६४।।

શ્લોકાર્થ :-

મયૂરમંજરી પુત્રી જીવિતથી પણ મને અધિક છે. હે બંધુલા પરિવ્રાજિકા ! તે આ=મારી પુત્રી જીવિતથી પણ મને અધિક છે તે આ, તને પ્રતીત જ છે. આતપનના ઉદયથી=સૂર્યના ઉદયથી, કોઈ પણ હેતુથી તીવ્ર જ્વરની પીડાવાળી શૂન્ય થઈ. ભૂષણોને ગ્રહણ કરતી નથી અને શરીરના અંગરાગને કરતી નથી. ॥૧૬૩-૧૬૪॥

શ્લોક :-

नास्वादयति ताम्बूलं, कन्दुकेन न खेलति ।
मुहुर्धावत्यभिद्वारं, सखिभ्यः परिरुष्यति ।।१६५।।

શ્લોકાર્થ :-

તાંબૂલનો આસ્વાદ કરતી નથી. દડાથી રમતી નથી. વારંવાર દ્વાર સન્મુખ દોડે છે. સખીઓ ઉપર રોષ કરે છે. ॥૧૬૫॥

શ્લોક :-

तन्मां भगवति ! ब्रूहि, किमेषा चिन्तयत्यहो ।
कदा च लप्स्यतेऽभीष्टं, निमित्तेऽसि स्फुरन्मतिः ।।१६६।।

શ્લોકાર્થ :-

તે કારણથી હે ભગવતી ! મને તું કહે. આ=મયૂરમંજરી, શું ચિંતન કરે છે અને ક્યારે અભીષ્ટને પામશે. નિમિત્તમાં સ્ફુરત મતિવાળી તું છો=નિમિત્તને તું જાણનારી છો. ।।૧૬૬।।

શ્લોક :-

दृष्ट्वा होरां ततः प्रोक्तं, ध्वजादिन्यासतो मया ।
एषा जीवं चिन्तयन्ति, नरं नृपसुतं हरिम् ।।१६७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી હોરાને જોઈને ધ્વજાદિના ન્યાસથી મારા વડે=પરિવ્રાજિકા વડે, કહેવાયું. રાજાના પુત્ર નરરૂપ હરિ એવા જીવને આ=મયૂરમંજરી, વિચારે છે. ।।૧૬૭।।

શ્લોક :-

यतः—
ध्वजो धूमस्तथा सिंहः, श्वा बलीवर्द इत्यपि ।
खरो गजेन्द्रो ध्वांक्षश्च, अष्टायाः परिकीर्तिताः ।।१६८।।

શ્લોકાર્થ :-

જે કારણથી અષ્ટાનો=આઠનો, ધ્વજ, ધૂમ, સિંહ, કૂતરો, બળદ, ગધેડો, હાથી અને કાગડો કહેવાયો છે. ।।૧૬૮।।

શ્લોક :-

कालवासरवेलानां, मुहूर्तककुभोस्तथा ।
नक्षत्रग्रहयोश्चैव, निसर्गबलमष्टमम् ।।१६९।।

શ્લોકાર્થ :-

કાલ-દિવસ-વેલાનું મુહૂર્ત, કકુભ છે અને નક્ષત્ર અને ગ્રહનું નિસર્ગબલ આઠમું છે. ।।૧૬૯।।

શ્લોક :-

ध्वजः खरस्तथा ध्वांक्षः, प्रस्तुते च प्रयोजने ।
समापन्नास्त्रयो ह्याया, न्यस्ताद् गोमूत्रिकात्रयात् ।।१७०।।

શ્લોકાર્થ :-

પ્રસ્તુત પ્રયોજનમાં ધ્વજ, ખર અને કાગડો છે. ન્યસ્ત કરાયેલા=સ્થાપન કરાયેલા, ગોમૂત્રિકાના ત્રયથી ત્રણનો લાભ સમાપન્ન થયો. ।।૧૭૦।।

શ્લોક :-

प्रथमाद् ज्ञायते चिन्ता, द्वितीयात् तु शुभाशुभम् ।
तृतीयात् कालनिर्देशं, कुर्यादायादिति श्रुतिः ।।१७१।।

શ્લોકાર્થ :-

પ્રથમથી ચિંતા જણાય છે=ધ્વજથી ચિંતા જણાય છે. બીજાથી=ખરથી, શુભાશુભ જણાય છે. ત્રીજાથી=કાગડાથી, કાલનિર્દેશ જણાય છે, એ પ્રકારે આયાત્‌થી શ્રુતિ કરવી. ।।૧૭૧।।

શ્લોક :-

तत्र—
शुनि ध्वजे वृषे चैव, जीवचिन्ता प्रकीर्तिता ।
सिंहवायसयोर्मूलं, धातुर्धूमेभरासभे ।।१७२।।

શ્લોકાર્થ :-

ત્યાં કૂતરામાં, ધ્વજમાં અને બળદમાં જીવની ચિંતા કહેવાઈ છે. સિંહ અને કાગડાનું મૂલ છે. ધૂમ, હાથી અને ગધેડામાં ધાતુ છે. ।।૧૭૨।।

શ્લોક :-

ध्वजस्य प्रथमं पातात्, तज्जीवं चिन्तयत्यसौ ।
नरादिव्यक्तिबोधश्च, स्फुटः कालबलादिभिः ।।१७३।।

શ્લોકાર્થ :-

તે કારણથી ધ્વજનું પ્રથમ પાત હોવાને કારણે આ=મયૂરમંજરી જીવનું ચિંતવન કરે છે. કાલબલાદિથી નરાદિ વ્યક્તિનો બોધ સ્પષ્ટ છે. ।।૧૭૩।।

શ્લોક :-

अवश्यं तस्य लाभश्च, धूमोपरि खरागमात् ।
अद्यैव च तृतीयस्य, पाताद् ध्वांक्षस्य यत् स्मृतम् ।।१७४।।

શ્લોકાર્થ :-

અને તેનો=ચિંતવન કરાયેલા પુરુષનો અવશ્ય લાભ છે; કેમ કે ધૂમ ઉપર ગધેડાનું આગમન છે અને ત્રીજા એવા કાગડાનો પાત હોવાથી જે કારણે આજે જ કથિત છે. ।।૧૭૪।।

શ્લોક :-

स्थानं लाभं च कुरुते, रासभो ध्वजधूमयोः ।
सिंहस्योपरि नाशं तु, शेषेषु तु स मध्यमः ।।१७५।।

શ્લોકાર્થ :-

ધૂમ અને ધ્વજમાં સ્થાન અને લાભને રાસભ કરે છે. વળી, સિંહના ઉપર નાશને કરે છે=સિંહ ઉપર રહેલો રાસભ નાશને કરે છે અને વળી, શેષમાં તે મધ્યમ છે=રાસભ મધ્યમ છે. ।।૧૭૫।।

શ્લોક :-

ध्वजकुञ्जरयोर्वर्षं, मासो वृषभसिंहयोः ।
पक्षाः श्वखरयोर्ज्ञेया, धूमवायसयोर्दिनम् ।।१७६।।

શ્લોકાર્થ :-

ધ્વજ અને કુંજરમાં વર્ષને કરે છે અને વૃષભ અને સિંહમાં માસને કરે છે. શ્વ અને ખરમાં પક્ષો જાણવા. ધૂમ અને કાગડામાં દિવસ જાણવો. ।।૧૭૬।।

શ્લોક :-

ततः शिखरिणी तुष्टाऽऽसन्नजामातृलाभतः ।
जगाद यत् त्वया प्रोक्तं, तत्र शङ्का न काचन ।।१७७।।

શ્લોકાર્થ :-

તેથી=પરિવ્રાજિકાએ આ પ્રમાણે કહ્યું તેથી, આસન્ન જમાઈના લાભથી શિખરિણી=માતા તુષ્ટ થઈ અને બોલી. જે તારા વડે=પરિવ્રાજિકા વડે, કહેવાયું તેમાં કોઈ શંકા નથી. ।।૧૭૭।।

શ્લોક :-

अस्याः सख्या मम प्रोक्तं, प्रातर्दृष्टोऽनया हरिः ।
तत्रानुरागातिशयात्, ततः प्राप्ता दशामिमाम् ।।१७८।।

શ્લોકાર્થ :-

આણીની=મયૂરમંજરીની, સખી વડે મને કહેવાયું. એણી વડે=મયૂરમંજરી વડે, હરિ જોવાયો છે. તેથી=હરિ જોયો છે તેથી, તેમાં અનુરાગના અતિશયથી આ દશા પ્રાપ્ત થઈ છે. ।।૧૭૮।।

શ્લોક :-

करोतु भगवत्येव, तदस्यास्तत्समागमम् ।
बोद्धुं भावं कुमारस्य, चित्रितेयं ततो मया ।।१७९।।

શ્લોકાર્થ :-

તે કારણથી=સખીએ કહ્યું કે હરિના અનુરાગથી આ દશાને પામી છે તે કારણથી, આનો=મયૂરમંજરીનો તેની સાથે સમાગમ=હરિ સાથે સમાગમ, ભગવતી જ કરો. તેથી કુમારના ભાવને જાણવા માટે મારા વડે=પરિવ્રાજિકા વડે, આ ચિતરાઈ. ।।૧૭૯।।

શ્લોક :-

तत्प्रदर्शनतो ज्ञात्वा, कुमाराशयमागता ।
देवी प्रोक्तवती मुष्टिमध्येऽसौ मम वर्तते ।।१८०।।

શ્લોકાર્થ :-

તેના પ્રદર્શનથી=ચિત્રના પ્રદર્શનથી, કુમારના આશયને જાણીને આવી, દેવી કહેવાઈ=શિખરિણી દેવી કહેવાઈ, મુષ્ટિના મધ્યમાં આ=હરિ, મને વર્તે છે. ॥૧૮૦॥

શ્લોક :-

तया मयूरमञ्जर्याः, प्रोक्तं प्रत्येति सा तु न ।
शिखरिण्या ततो राज्ञे, प्रोक्तो व्यतिकरोऽखिलः ॥१८१॥

શ્લોકાર્થ :-

તેણી વડે=માતા વડે, મયૂરમંજરીને કહેવાયું. પરંતુ તે=મયૂરમંજરી, વિશ્વાસ પામતી નથી. તેથી શિખરિણી વડે અખિલ પ્રસંગ રાજાને કહેવાયો. ॥૧૮૧॥

શ્લોક :-

प्रहिताऽऽनयनायाहं, हरेस्ताभ्यां ततो द्रुतम् ।
एष व्यतिकरश्चित्रपट्टिकागोचरोऽखिलः ॥१८२॥

શ્લોકાર્થ :-

ત્યારપછી=શિખરિણીએ રાજાને વાત કરી ત્યારપછી, તે બંને દ્વારા હરિને લાવવા માટે હું શીઘ્ર મોકલાઈ. ચિત્રપટ્ટિકા ગોચર આ અખિલ વ્યતિકર છે. ॥૧૮૨॥

શ્લોક :-

एषा सा कन्यकाहेतोरितश्चोच्चलिताऽस्म्यहम् ।
ततो मयोक्तमनघे !, किं पुनस्त्वत्करेऽस्त्यदः ॥१८३॥

શ્લોકાર્થ :-

આ તે હું કન્યાના હેતુથી=મયૂરમંજરીના હેતુથી, અહીંથી ઉચ્ચલિત છું= શીઘ્ર જઈ રહી છું. ત્યારપછી મારા વડે કહેવાયું=ધનશેખર વડે કહેવાયું, હે અનઘા ! પરિવ્રાજિકા ! તારા હાથમાં વળી શું આ છે ? ॥૧૮૩॥

શ્લોક :-

उक्तं बन्धुलया भद्र !, कुमारप्रत्ययावहम् ।
मयूरमञ्जरीहस्तलिखितं चित्रमस्त्यदः ।।१८४।।

શ્લોકાર્થ :-

બંધુલા વડે કહેવાયું. હે ભદ્ર ! કુમારના વિશ્વાસને લાવનાર મયૂરમંજરીના હાથથી લખાયેલું આ ચિત્ર છે. ।।૧૮૪।।

શ્લોક :-

मयोक्तं चारु विहितं, कुमारस्यार्पितास्त्वया ।
प्राणास्ततो मया सार्द्धं, साऽऽगता हरिसन्निधौ ।।१८५।।

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું, સુંદર કરાયું. તારા વડે કુમારને પ્રાણ અર્પિત કરાયા, ત્યારપછી મારી સાથે તે=પરિવ્રાજિકા, હરિની સન્નિધિમાં આવી. ।।૧૮૫।।

શ્લોક :-

मया बन्धुलया चोक्तं, हरये राजशासनम् ।
उक्तः सर्वोऽपि वृत्तान्तः, श्रद्धत्ते न हरिः परम् ।।१८६।।

શ્લોકાર્થ :-

મારા વડે=ધનશેખર વડે અને બંધુલા વડે હરિને રાજાની આજ્ઞા કહેવાઈ. સર્વ પણ વૃત્તાંત કહેવાયો, પરંતુ હરિ શ્રદ્ધા કરતો નથી. ।।૧૮૬।।

શ્લોક :-

ततोऽर्पितो बन्धुलया, हरेश्चित्रपटः करे ।
स्मरध्वजपटप्रायः, स्फुटद्विपुटचित्रितः ।।१८७।।
सद्यो हरिकुमारेण, प्रोद्घाट्य स निरूपितः ।
तत्रैकत्र पुटे दृष्टं, विद्याधरयुवद्वयम् ।।१८८।।

શ્લોકાર્થ :-

તેથી બંધુલા વડે હરિના હાથમાં ચિત્રપટ અર્પણ કરાયું, કામદેવના પટ જેવો, સ્પષ્ટ બે વિભાગથી ચિતરાયેલો, હરિકુમાર વડે શીઘ્ર ઉઘાડીને, તે=પટ જોવાયો. ત્યાં=પટમાં, એકપુટમાં, વિદ્યાધર યુવાન યુગલ જોવાયું. ।।૧૮૭-૧૮૮।।

શ્લોક :-

शुद्धैरालिखितं वर्णैरलक्ष्यैस्तूलिकापदैः ।
सूक्ष्मानुरूपरेखाभिः सुविभक्ताङ्गशोभया ।।१८९।।
चित्रया बिन्दुविच्छित्त्या विस्फुटेन मनोहरम् ।
निम्नोन्नतविभागेन, भूषणैश्चोचितोचितैः ।।१९०।।
नवस्नेहरसावेशाद्, बद्धदृष्टि परस्परम् ।
चित्तैक्यपिशुनस्पष्टचेष्टाजनितविस्मयम् ।।१९१।।
प्रदृष्टं लिखितं पद्यं, तस्याधस्तादिदं पुनः ।
शृङ्गाराम्भोधिपियूषमनवद्यं किमुद्धृतम् ।।१९२।।

શ્લોકાર્થ :-

અલક્ષ્ય એવાં તૂલિકાનાં પદો વડે, શુદ્ધ વર્ણો વડે, સૂક્ષ્મ અનુરૂપ રેખાઓ વડે, સારી રીતે વિભક્ત કરાયેલી અંગશોભા વડે, અનેક પ્રકારનાં બિંદુની વિચ્છિત્તિ વડે સ્પષ્ટથી મનોહર વિદ્યાધર યુવાન યુગલ જોવાયું, એમ પૂર્વના શ્લોકો સાથે અન્વય છે. નિમ્ન ઉન્નત વિભાગથી, ઉચિત ઉચિત ભૂષણો વડે, નવ સ્નેહરસના આવેશથી પરસ્પર બદ્ધ દૃષ્ટિવાળું, ચિત્તના ઐક્યનું સૂચક, સ્પષ્ટ ચેષ્ટાથી જનિત એવું વિસ્મયવાળું, તેની નીચે=વિદ્યાધર યુગલની નીચે, વળી આ લિખિત પદ જોવાયું. શૃંગારરૂપી સમુદ્રમાં અમૃત જેવું, અનવદ્ય, કંઈક ઉદ્ધૃત પદ જોવાયું. ।।૧૮૯થી ૧૯૨।।

શ્લોક :-

धन्यास्ता दयिताः प्रियाननविधोर्लावण्यलीलासुधा,
यासां नेत्रचकोरकैरविरतं पेपीयते सस्पृहम् ।
यासां तद्वचनैश्च चन्दनरसैरालिप्यते हृत्तटी,
ता एवाप्तजनुःफला रतिरसादेषा यथा खेचरी ।।१९३।।
ततो दृष्टं चित्रपुटं, द्वितीयं राजसूनुना ।
दृष्टा च तत्र लिखिता, राजहंसी विदग्धया ।।१९४।।

શ્લોકાર્થ :-

પ્રિયના મુખરૂપી ચંદ્રથી લાવણ્યની લીલારૂપી સુધાવાળી તે ધન્ય સ્ત્રી છે, જેણીના=જે સ્ત્રીના, નેત્રરૂપી ચકોરો વડે અવિરત સસ્પૃહ અત્યંત પિવાય છે. અને ચંદનના રસરૂપ તેનાં=તે પુરુષનાં, વચનો વડે જેણીની હૃદયરૂપી તટી આલેપન કરાય છે, રતિના રસથી પ્રાપ્ત થયેલા જન્મના ફલવાળી તે જ આ=સ્ત્રી છે, જે પ્રમાણે વિદ્યાધરી. ત્યારપછી બીજું ચિત્રપુટ રાજપુત્ર વડે જોવાયું અને ત્યાં આલેખાયેલી રાજહંસી (કામથી) બળેલી જોવાઈ. ।।૧૯૩-૧૯૪।।

શ્લોક :-

पद्मिनी हिमदग्धेव, म्लानेवाम्रस्य मञ्जरी ।
अर्काहतेन्दुलेखेव, पुष्पमालेव मर्दिता ।।१९५।।

શ્લોકાર્થ :-

હિમથી બળેલું જાણે કમળ હોય તેવી, આમ્રની મંજરી જાણે મ્લાન થયેલી હોય તેવી, સૂર્યથી હણાયેલા ચંદ્રની લેખા જાણે હોય તેવી, પુષ્પની માળા મર્દિત થયેલી જાણે હોય તેવી, ।।૧૯૫।।

શ્લોક :-

वनवल्लिरिव प्लुष्टा, गतविद्येव खेचरी ।
संस्पृष्टस्याम्बुना दिव्यमुकुरस्येव दीधितिः ।।१९६।।

શ્લોકાર્થ :-

વનની વેલડી જાણે બળેલી હોય તેવી, ગતવિદ્યાવાળી ખેચરી જેવી, પાણી વડે સંસ્પૃષ્ટ એવા દિવ્ય કમળનાં કિરણો જેવી, ॥૧૯૬॥

શ્લોક :-

सर्वथा विगतच्छाया, शोकप्रसरदुर्बला ।
कण्ठावलम्बितप्राणा, परित्यक्ताखिलक्रिया ।।१९७।।

શ્લોકાર્થ :-

સર્વથા ચાલી ગયેલી છાયાવાળી, શોકના પ્રસરથી દુર્બલ, કંઠમાં અવલંબિત પ્રાણવાળી, ત્યાગ કરાયેલી અખિલ ક્રિયાવાળી=શ્લોક-૧૯૫થી ૧૯૭માં બતાવાયેલાં વિશેષણોવાળી આલેખાયેલી કામથી બળેલી રાજહંસી જોવાઈ એમ શ્લોક-૧૯૪ સાથે સંબંધ છે. ॥૧૯૭॥

શ્લોક :-

अधस्ताल्लिखितं पद्यद्वयं तस्याश्च वीक्षितम् ।
साक्षाद्वियोगावेशेन, स्वान्तस्येव दलद्वयम् ।।१९८।।

શ્લોકાર્થ :-

તેણીના=રાજહંસીના, નીચે આલેખાયેલું પદ્યદ્વય જોવાયું, સાક્ષાત્ વિયોગવશથી સ્વઅંતઃકરણનું જ દલદ્વય ન હોય તેવું પદ્યદ્વય જોવાયું. ॥૧૯૮॥

શ્લોક :-

भ्रमति परितस्तीरे नीरे निजप्रतिबिम्बिनि,
प्रियतमधिया गत्वा सत्त्वात् पतत्यफलश्रमा ।
त्यजति वदनादात्तं दुःखान्मृणाललताङ्कुरम्,
विरहविधुरा शुष्यत्येषा मरालकुटुम्बिनी ।।१९९।।

શ્લોકાર્થ :-

કિનારામાં ચારે બાજુથી ભમતી, પાણીમાં નિજપ્રતિબિંબવાળી, પ્રિયતમની બુદ્ધિથી જઈને સત્ત્વથી અફલ શ્રમવાળી પડે છે. મુખથી ખાધેલા મૃણાલલતાના અંકુરને દુઃખથી ત્યાગ કરે છે. વિરહવિધુરવાળી આ હંસની કુટુંબિની=પત્ની એવી હંસી, શોષાય છે. ॥૧૯૯॥

શ્લોક :-

इयमिव भवत्यन्या प्रेयोवियोगकृशानुना,
ज्वलितहृदया नारी भारीभवन्निजजीविता ।
असुखवपुषस्तस्या न स्यात् पुराऽर्जितदुष्कृता-
नुभवकलनादन्यत् किञ्चित् फलं जनुषः किल ॥२००॥

શ્લોકાર્થ :-

આની જેમ=હંસીની જેમ, પ્રિયના વિયોગરૂપી અગ્નિથી જ્વલિત હૃદયવાળી સ્ત્રી, ભારરૂપ થતા નિજ જીવિતવાળી એવી અન્ય આ છે. પૂર્વ અર્જિત દુષ્કૃતના અનુભવનું વેદન હોવાને કારણે તેણીનું અસુખ એવું શરીર અન્ય થતું નથી=મૃત્યુ પામતું નથી, ખરેખર ! જન્મનું કંઈક ફલ છે. ॥૨૦૦॥

શ્લોક :-

ततो हरिकुमारेण, चिन्तितं यन्ममोपरि ।
राजपुत्र्या दृढस्नेहः, कौशलेन प्रदर्शितः ॥२०१॥

શ્લોકાર્થ :-

તેથી=આવું ચિત્ર જોયું તેથી, હરિકુમાર વડે વિચારાયું, જે કારણથી મારા ઉપર રાજપુત્રીનો દૃઢ સ્નેહ છે, તે કારણથી કૌશલથી બતાવાયું છે. ॥૨૦૧॥

શ્લોક :-

विद्याभृन्मिथुनालेखात्, स्वाभिलाषः स्फुटीकृतः ।
इष्टाप्राप्तिकृतं दैन्यं, राजहंस्याश्च चित्रतः ।।२०२।।

શ્લોકાર્થ :-

વિદ્યાને ધારણ કરનાર મિથુનના આલેખથી પોતાનો અભિલાષ સ્પષ્ટ કરાયો અને રાજહંસીના ચિત્રથી ઈષ્ટની અપ્રાપ્તિકૃત દૈન્ય સ્પષ્ટ કરાયું. ।।૨૦૨।।

શ્લોક :-

दर्शितो मन्मथादीनां, तेन चित्रपटस्ततः ।
तैरुक्तं राजहंस्येषा, गत्वा संधीर्यतां द्रुतम् ।।२०३।।

શ્લોકાર્થ :-

તેના વડે=હરિકુમાર વડે, ત્યારપછી મન્મથાદિને ચિત્રપટ બતાવાયું. તેઓ વડે કહેવાયું. આ રાજહંસી છે. જઈને શીઘ્ર આશ્વાસન અપાવો. ।।૨૦૩।।

શ્લોક :-

सर्वेऽपि राजसदने, ततः प्रमुदिता गताः ।
मयूरमञ्जरीं नीलकण्ठश्च हरये ददौ ।।२०४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સર્વ પણ રાજસદનમાં પ્રમુદિત થયેલા ગયા અને નીલકંઠે હરિને મયૂરમંજરી આપી. ।।૨૦૪।।

શ્લોક :-

ततः शुभेऽह्नि संजातो, विवाहस्य महोत्सवः ।
पाणौ गृहीत्वा तां प्राप्तो, हरिर्हर्षं रमामिव ।।२०५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી શુભ દિવસમાં વિવાહનો મહોત્સવ થયો. પાણીમાં તેણીને ગ્રહણ કરીને રમાની જેમ હરિ હર્ષને પામ્યો. ।।૨૦૫।।

શ્લોક :-

अथ सान्तःपुरं सर्वं, राजलोकाः सबान्धवाः ।
प्रजाश्च रागं विपुलं, गुणपूर्णे हरौ दधुः ।।२०६।।

શ્લોકાર્થ :-

હવે અંતઃપુર સહિત સર્વ, બાંધવ સહિત રાજલોક અને પ્રજાએ ગુણપૂર્ણ એવા હરિમાં વિપુલ રાગને ધારણ કર્યો. ।।૨૦૬।।

શ્લોક :-

इतश्च स हरिर्भूरिपुण्यवान् प्रेमनिर्भरः ।
यन्त्रितो मम पुण्येन, मद्वियोगं न वाञ्छति ।।२०७।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ ઘણા પુણ્યવાળો પ્રેમનિર્ભર એવો તે હરિ, મારા પુણ્યથી યંત્રિત=આવર્જિત મારા વિયોગને ઈચ્છતો નથી=ધનશેખરના વિયોગને ઈચ્છતો નથી. ।।૨૦૭।।

શ્લોક :-

प्राप्ता मया तत्प्रसादाद्, विलासा देवदुर्लभाः ।
यशश्च चन्द्रविमलं, सज्जनस्पृहणीयता ।।२०८।।

શ્લોકાર્થ :-

તેના પ્રસાદથી=હરિના પ્રસાદથી, મારા વડે દેવદુર્લભ વિલાસો પ્રાપ્ત કરાયા અને ચંદ્રના વિમલ જેવો યશ, સજ્જનથી સ્પૃહણીયતા પ્રાપ્ત કરાયાં. ।।૨૦૮।।

શ્લોક :-

जनिताः कुविकल्पौघाः, सागरेण तथाऽपि मे ।
यन्ममायं हरेः संगो, हेतुरर्थार्जनक्षतेः ।।२०९।।

શ્લોકાર્થ :-

તોપણ કુવિકલ્પના સમૂહો સાગર વડે મને કરાયા, જે કારણથી હરિનો આ સંગ મને અર્થઅર્જનની ક્ષતિનો હેતુ છે. ॥૨૦૯॥

શ્લોક :-

रत्नौघमिह लास्यामि, निर्विघ्नमिति चिन्तितम् ।
अत्रापि मित्ररूपो मे, विघ्नोऽयं समुपस्थितः ।।२१०।।

શ્લોકાર્થ :-

અહીં=રત્નદ્વીપમાં, નિર્વિઘ્ન રત્નના સમૂહને હું પ્રાપ્ત કરીશ, એ પ્રમાણે વિચારાયું. અહીં પણ=રત્નદ્વીપમાં પણ, મિત્રરૂપ આ મને વિઘ્ન ઉપસ્થિત થયો. ॥૨૧૦॥

શ્લોક :-

सर्वथा राजपुत्रोऽयं, त्यक्तुं शक्यश्च नाधुना ।
रुष्टो ह्यपहरेदेष, सर्वस्वमपि मामकम् ।।२११।।

શ્લોકાર્થ :-

અને આ રાજપુત્ર હાલમાં સર્વથા ત્યાગ કરવા માટે શક્ય નથી. हि=જે કારણથી, રોષ પામેલો આ મારું સર્વસ્વ પણ હરણ કરે. ॥૨૧૧॥

શ્લોક :-

तद् रत्नोपार्जनं कुर्वे, हरेरपि च रञ्जनम् ।
अत्यासङ्गस्तु मित्रेऽस्मिन्, मम स्वार्थं विनाशयेत् ।।२१२।।

શ્લોકાર્થ :-

તે કારણથી રત્નનું ઉપાર્જન હું કરું અને હરિનું પણ રંજન કરું, આ મિત્રમાં અતિઆસંગ મારા સ્વાર્થનો વિનાશ કરે. ॥૨૧૨॥

શ્લોક :-

कृतं मया यथा ध्यातं, रत्नौघो मीलितस्ततः ।
क्वचित् पश्यामि रत्नानि गतो मूर्च्छां पुनः पुनः ।।२१३।।

શ્લોકાર્થ :-

મારા વડે જે પ્રમાણે વિચારાયું, તે પ્રમાણે કરાયું, ત્યારપછી રત્નનો સમૂહ ભેગો કરાયો, ક્યારેક રત્નોને જોઉં છું. ફરી ફરી મૂર્ચ્છાને પામું છું. ॥૨૧૩॥

શ્લોક :-

क्वचित् स्पृशामि हस्तेन, मुहुरुच्छालयामि च ।
क्वचिद् वक्षःस्थले दत्त्वा, हर्षमग्नो भवामि च ।।२१४।।

શ્લોકાર્થ :-

ક્યારેક હાથથી સ્પર્શું છું, વારંવાર ઉછાળું છું, ક્યારેક વક્ષઃસ્થલમાં સ્થાપન કરીને હું હર્ષમગ્ન થાઉં છું. ॥૨૧૪॥

શ્લોક :-

निखनामि क्वचिद् गर्त्ते, शङ्कां धृत्वोत्खनामि च ।
सुखं दिने च रात्रौ च, नाविश्वासाद् बभूव मे ।।२१५।।

શ્લોકાર્થ :-

ક્યારેક ખાડામાં દાટું છું અને શંકાને ધારણ કરીને ખોદું છું. અવિશ્વાસને કારણે દિવસમાં અને રાત્રિમાં મને સુખ થયું નહિ. ॥૨૧૫॥

શ્લોક :-

ध्यानं सर्वजगद्रत्नसंग्रहस्य मया धृतम् ।
स्थितोऽहं सदने नित्यं, रत्नोपार्जनलोलुपः ।।२१६।।

શ્લોકાર્થ :-

સર્વ જગતના રત્નના સંગ્રહનો વિચાર મારા વડે ધારણ કરાયો. સદનમાં નિત્ય રત્નના ઉપાર્જનમાં લોલુપ હું રહ્યો. ।।૨૧૬।।

શ્લોક :-

इतश्च द्वौ नरौ कालपरिणत्यनुजीविनौ ।
कदाचिच्चक्रतुर्जल्पं, मिथो मैथुनयौवनौ ।।२१७।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ કાલપરિણતિની ઉપર જીવનારા બે મનુષ્યો મૈથુન અને યૌવને પરસ્પર ક્યારેક જલ્પ કર્યો.

જીવમાં કાલની પરિણતિથી મૈથુન અને યૌવનની પ્રાપ્તિ થાય છે, તેઓ કઈ રીતે પરસ્પર એકબીજાની પૂરતી કરે છે, તે બતાવવા અર્થે કહે છે. **।।૨૧૭।।**

શ્લોક :-

यौवनेनोदितं मित्र ! भवजन्तुर्ममाधुना ।
धनशेखररूपेण, गतोऽस्ति वशवर्तिताम् ।।२१८।।

શ્લોકાર્થ :-

યૌવન વડે કહેવાયું કે મિત્ર મિથુન ! હમણાં ધનશેખરરૂપે ભવજંતુ મારી વશવર્તિતાને પામેલો છે. ।।૨૧૮।।

શ્લોક :-

तवाप्यवसरो गन्तुमस्ति तस्यान्तिकेऽधुना ।
भाषितं मैथुनेनापि, तत्सम्बन्धं कुरुष्व मे ।।२१९।।

શ્લોકાર્થ :-

તેની પાસે જવા માટે હમણાં તારો પણ=મૈથુનનો પણ, અવસર છે, મૈથુન વડે કહેવાયું. તે કારણથી=મારો જવાનો અવસર છે તે કારણથી, મારો સંબંધ કર=ધનશેખર સાથે સંબંધ કર. ॥૨૧૯॥

શ્લોક :-

यौवनेनोदितमसौ, पूर्वं संसेवितो मया ।
तद् दृढं तव सम्बन्धं, करिष्यामि सहामुना ॥२२०॥

શ્લોકાર્થ :-

યૌવન વડે કહેવાયું, મારા વડે પૂર્વે આ=ધનશેખર, સંસેવિત છે, તે કારણથી આની સાથે=ધનશેખરની સાથે, તારો સંબંધ=મૈથુનનો સંબંધ, હું દઢ કરાવીશ. ॥૨૨૦॥

શ્લોક :-

एवं तु कृतसंभाषौ, प्राप्तौ यौवनमैथुनौ ।
उक्तश्च यौवनेनाहं, वत्सलोऽयं सुहृन्मम ॥२२१॥

શ્લોકાર્થ :-

વળી આ પ્રમાણે કરાયેલા સંભાષાવાળા યૌવન અને મૈથુન પ્રાપ્ત થયા=મારી પાસે આવ્યા અને યૌવન વડે હું કહેવાયો, વત્સલ એવો આ=મૈથુન, મારો મિત્ર છે. ॥૨૨૧॥

શ્લોક :-

अतोऽहमिव सर्वत्र, द्रष्टव्योऽयं सदा त्वया ।
अकृत्रिमदृशा दृष्टस्तव दास्यत्यसौ सुखम् ॥२२२॥

શ્લોકાર્થ :-

આથી મારી જેમ સર્વત્ર આ=મૈથુન, સદા તારા વડે=ધનશેખર વડે, જોવા યોગ્ય છે. અકૃત્રિમ દૃષ્ટિથી જોવાયેલો આ=મૈથુન, તને સુખ આપશે.

જીવમાં રહેલ વિપર્યાસથી યુક્ત યૌવન જીવને બતાવે છે કે કામનું સુખ પણ વાસ્તવિક છે અને તેમ જોનારા જીવોને કામ સુખ આપે છે. વસ્તુતઃ કામથી આકુળ થયેલા જીવો પોતાની કામકૃત અસ્વસ્થતાને જોઈ શકતા નથી. **॥૨૨૨॥**

શ્લોક :-

ततो यौवनवाक्येन, तेनाहं मुदितो हृदि ।
प्रतिपन्नौ च मयका, तौ प्रीतेनान्तरात्मना ।।२२३।।
मैथुनाय मया दत्तः, प्रासादः स्वान्तसंज्ञकः ।
यौवनाय च गात्राख्यस्तत्सम्बद्धो द्वितीयकः ।।२२४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તે યૌવનનાં વાક્યો વડે હું હૃદયમાં આનંદિત થયો. આનંદિત થયેલા અંતરાત્મા એવા મારા વડે તે બંને સ્વીકારાયા=યૌવન અને મૈથુન સ્વીકારાયા. મૈથુન માટે મારા વડે સ્વઅંતઃકરણ સંજ્ઞાવાળો પ્રસાદ અપાયો અને યૌવન માટે તત્સંબંધવાળો=સ્વઅંતઃકરણના સંબંધવાળો ગાત્ર નામનો બીજો પ્રસાદ અપાયો=મૈથુનની પરિણતિ અંતઃકરણમાં રહે છે અને યૌવન દેહમાં વર્તે છે. ॥૨૨૩-૨૨૪॥

શ્લોક :-

कृता विलासशौर्याद्या यौवनेन गुणा मम ।
मैथुनेन कृतोऽतृप्तो, भुक्तैः स्त्रीणां शतैरपि ।।२२५।।

શ્લોકાર્થ :-

વિલાસ, શૌર્ય આદિ મારા ગુણો યૌવન વડે કરાયા. મૈથુન વડે સેંકડો પણ સ્ત્રીઓના ભોગોથી અતૃપ્ત કરાયો. ॥૨૨૫॥

શ્લોક :-

मैथुनेनेरितो यावद्, रन्तुमीहे पणाङ्गनाम् ।
धनरक्षापरस्तावत्, सागरो मां निषेधति ।।२२६।।

શ્લોકાર્થ :-

મૈથુનથી પ્રેરાયેલો યાવત્ વેશ્યાઓને ભોગવવા માટે ઈચ્છું છું. તેટલામાં ધનરક્ષામાં પર સાગર મને નિષેધ કરે છે=કામની ઈચ્છાથી લોભની ઈચ્છા બળવાન હતી તેથી ધન વ્યય કરીને વેશ્યાગમન કરતો નથી. ।।૨૨૬।।

શ્લોક :-

इतो मैथुननिर्देश, इतः सागरलङ्घनम् ।
सम्पन्नस्तदयं न्याय, इतो व्याघ्र इतस्तटी ।।२२७।।

શ્લોકાર્થ :-

આ બાજુ મૈથુનનો નિર્દેશ છે=વેશ્યાગમન કરવા મૈથુન પ્રેરણા કરે છે. આ બાજુ=બીજી બાજુ, સાગરનું ઉલ્લંઘન પ્રાપ્ત થયું=વેશ્યાગમન કરે તો લોભની આજ્ઞાનું ઉલ્લંઘન પ્રાપ્ત થાય. તેથી આ ન્યાય છે. આ બાજુ વાઘ, આ બાજુ તટી. ।।૨૨૭।।

શ્લોક :-

सागरस्यातिवाल्लभ्यान्मैथुनाज्ञाऽनतिक्रमात् ।
ततो मया कृतं कर्म, दारुणं लोकगर्हितम् ।।२२८।।

શ્લોકાર્થ :-

સાગરનું અતિવલ્લભપણું હોવાને કારણે, મૈથુનની આજ્ઞાનું અનતિક્રમપણું હોવાથી ત્યારપછી મારા વડે=ધનશેખર વડે, દારુણ લોકગર્હિત કર્મ કરાયું.

ધનશેખરના ચિત્તમાં લોભનો પરિણામ અતિશય હોવાથી વેશ્યાના ત્યાં જવાનું વારે છે અને મૈથુનની ઇચ્છા અવરોધ કરી શકે તેમ નહિ હોવાથી લોકમાં નિંદ્ય એવાં કૃત્યો કરીને મૈથુનને સેવે છે. **।।૨૨૮।।**

શ્લોક :-

याः काश्चिद् बालविधवा, रण्डाः प्रोषितभर्तृकाः ।
व्रतिन्योऽन्याश्च मूल्येन, विना ताः सेविता मया ।।२२९।।

શ્લોકાર્થ :-

જે કોઈ બાળવિધવા, રંડા, ત્યાગ કરાયેલા પતિવાળી, વ્રતવાળીથી અન્ય મૂલ્ય વગરની તે=તે સ્ત્રીઓ, મારા વડે સેવન કરાઈ. ॥૨૨૯॥

શ્લોક :-

ततोऽहं मैथुनहृतस्तृप्तो नैवान्त्यजास्वपि ।
योषित्सम्बन्धिभिर्लोकैस्ताडितश्च विगोपितः ॥२३०॥

શ્લોકાર્થ :-

તેથી મૈથુનથી હરાયેલો હું અંત્યજા સ્ત્રીઓમાં પણ તૃપ્ત થયો નહિ. સ્ત્રીઓ સંબંધી લોકો વડે તાડન કરાયો અને વિગોપન કરાયો. ॥૨૩૦॥

શ્લોક :-

हरिपुण्योदयबलात्, केवलं नैव मारितः ।
जीवन्मृतस्तु धिक्कारप्रहारैर्नागरैः कृतः ॥२३१॥

શ્લોકાર્થ :-

હરિના પુણ્યના ઉદયના બળથી કેવળ મારી નંખાયો નહિ, પરંતુ ધિક્કારના પ્રહારોથી નાગરો વડે=નગરજન લોકો વડે, જીવતો છતો મૃત કરાયો. ॥૨૩૧॥

શ્લોક :-

तथाऽपि मे न मूढस्य, व्यावृत्तं मैथुनान्मनः ।
जातोऽहं प्रियमित्रेऽस्मिन्निर्मिथ्यस्नेहनिर्भरः ॥२३२॥

શ્લોકાર્થ :-

તોપણ મૂઢ એવા મારું મન મૈથુનથી વ્યાવૃત્ત થયું નહિ. હું આ પ્રિય મિત્રમાં=મૈથુનમાં, નિર્મિથ્યા સ્નેહનિર્ભર થયો. પારમાર્થિક સુખનું કારણ આ મિત્ર છે એ પ્રકારના સ્નેહવાળો થયો. ॥૨૩૨॥

શ્લોક :-

अभूत् तुच्छमतेरित्थं, मैथुनो मम वल्लभः ।
ततोऽपि वल्लभतरः, सागरो रागरोचितः ।।२३३।।

શ્લોકાર્થ :-

આ રીતે તુચ્છ મતિવાળા મને મૈથુન વલ્લભ થયો. તેથી પણ=મૈથુનથી પણ, સાગર વલ્લભતર રાગની રુચિવાળો થયો. ।।૨૩૩।।

શ્લોક :-

मित्रयुग्मेन तेनेत्थं, मयकाऽभिमतं सुखम् ।
दुःखितेनाप्यखण्डाभ्यां, पक्षाभ्यामिव पक्षिणा ।।२३४।।

શ્લોકાર્થ :-

અખંડ પાંખવાળા બે પક્ષીની જેમ તે મિત્રયુગ્મ દ્વારા આ રીતે દુઃખિત એવા મારા વડે સુખ મનાયું.

જેમ પક્ષીઓને બે અખંડ પાંખો હોય છે, તેમ મને લોભ અને કામરૂપ બે પાંખો હતી અને તે બંને મિત્રોથી હું અત્યંત વ્યાકુળ રહેતો હતો. છતાં હું સુખી છું એમ ધનશેખર માનતો હતો. **।।૨૩૪।।**

શ્લોક :-

अन्तःपुरं पुरं राज्यं, हरौ रक्तमथाखिलम् ।
बभूव नीलकण्ठस्य, पराकुण्ठितविक्रमे ।।२३५।।

શ્લોકાર્થ :-

હવે નીલકંઠનું પરાકુંઠિત વિક્રમ થયે છતે હરિમાં સંપૂર્ણ અંતઃપુર, નગર, રાજ્ય રક્ત થયું. ।।૨૩૫।।

શ્લોક :-

ततोऽभूत् तस्य विपुला, समृद्धिः कोशदण्डयोः ।
जनानुरागो वल्लीनां, सम्पदा नववारिदः ।।२३६।।

શ્લોકાર્થ :-

તેથી તેની=હરિની કોશદંડની વિપુલ સમૃદ્ધિ થઈ, લોકોનો અનુરાગ થયો (જેમ) નવાં વાદળાંઓમાં વલ્લીની સંપદા થાય છે. ।।૨૩૬।।

શ્લોક :-

अथासौ कुञ्जरारूढो, राजलोकेन वेष्टितः ।
छत्रेण ध्रियमाणेन, चारुचामरवीजितः ।।२३७।।
युक्तो मयूरमञ्जर्या, पौलोम्या मघवानिव ।
पुरेऽखिले विशिष्टश्रीर्विचचार वयस्ययुग् ।।२३८।।

શ્લોકાર્થ :-

હવે આ=હરિ, હાથી ઉપર આરૂઢ થયેલો, રાજલોકથી વીંટાળાયેલો, ધારણ કરાયેલા છત્ર વડે, સુંદર ચામરથી વીંઝાતો, ઈન્દ્રાણીથી ઈન્દ્રની જેમ મયૂરમંજરીયુક્ત અખિલ નગરમાં મિત્રોથી યુક્ત વિશિષ્ટ લક્ષ્મીવાળો વિચર્યો. ।।૨૩૭-૨૩૮।।

શ્લોક :-

ततश्च वीक्ष्य विपुलं, प्रजारागं हरौ नृपः ।
नीलकण्ठो दधौ चित्ते, कलुषत्वं दुराशया ।।२३९।।

શ્લોકાર્થ :-

અને તેથી વિપુલ એવા પ્રજારાગને હરિમાં જોઈને નીલકંઠ રાજાએ દુરાશયથી ચિત્તમાં કલુષપણાને ધારણ કર્યું. ।।૨૩૯।।

શ્લોક :-

अचिन्तयच्च चित्तेऽसौ, वृद्धोऽहं तनयोज्झितः ।
तन्त्रं सबान्धवं सर्वमनुरक्तं हरौ मम ।।२४०।।

શ્લોકાર્થ :-

અને ચિત્તમાં આણે=નીલકંઠે, વિચાર્યું. પુત્રથી રહિત વૃદ્ધ હું છું. બાંધવોથી સહિત મારું સર્વ રાજ્ય હરિમાં અનુરક્ત છે. ।।૨૪૦।।

શ્લોક :-

महाबलोऽयं द्रुमवत्, तन्मामुन्मूलयिष्यति ।
वर्धमानः समुत्तोल्यबलादप्रतिबन्धकः ।।२४१।।

શ્લોકાર્થ :-

તે કારણથી=હરિમાં બધા અનુરક્ત છે તે કારણથી, સમુત્તોલ્ય બળથી વધતો અપ્રતિબંધક એવો મહાબલવાળો આ=હરિ, વૃક્ષની જેમ મને ઉન્મૂલન કરશે. ।।૨૪૧।।

શ્લોક :-

नोपेक्षणीयस्तदयं, यतो नीतिविदो विदुः ।
अर्धराज्यहरं भृत्यं, यो न हन्यात् स हन्यते ।।२४२।।

શ્લોકાર્થ :-

તે કારણથી=હરિ મારું ઉન્મૂલન કરશે તે કારણથી, આ ઉપેક્ષણીય નથી, જે કારણથી નીતિના જાણનારા કહે છે. અર્ધરાજ્ય હરનારા નોકરને જે હણતો નથી, તે હણાય છે. ।।૨૪૨।।

શ્લોક :-

अमन्त्रयत् ततो राजा, कर्तव्यं हरिमारणम् ।
सुबुद्धिमन्त्रिणा सार्धं, सोऽपि राजाऽनुवृत्तिभाग् ।।२४३।।
वज्राहतोऽपि वाक्येन, तेन प्रत्यब्रवीदिदम् ।
युक्तं ते रुचितं देव !, शिष्टानां युक्तबुद्धयः ।।२४४।।

શ્લોકાર્થ :-

તેથી સુબુદ્ધિ મંત્રીની સાથે રાજાએ હરિના મારણના કર્તવ્યની મંત્રણા કરી. તે વાક્ય વડે વજ્રથી હણાયેલા પણ=હરિના મારવાના રાજાના વચનથી દુઃખિત થયેલા પણ, રાજાની અનુવૃત્તિને ભજનારા એવા તેણે પણ=સુબુદ્ધિ મંત્રીએ પણ આ ઉત્તર આપ્યો. હે દેવ ! તમારું રુચિત યુક્ત છે. શિષ્ટોને યુક્ત બુદ્ધિ હોય છે. ।।૨૪૩-૨૪૪।।

શ્લોક :-

सुबुद्धिर्नीलकण्ठश्च, ततः स्वं स्वं गृहं गतौ ।
सुबुद्धेरथ संजाताः, संकल्पा मनसीदृशाः ।।२४५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સુબુદ્ધિ અને નીલકંઠ સ્વસ્વ ઘરે ગયા. હવે સુબુદ્ધિના મનમાં આવા પ્રકારના સંકલ્પો થયા. ॥૨૪૫॥

શ્લોક :-

धिग् मोहसुखलुब्धत्वं, धिग् महामोहजृम्भितम् ।
धिग् राज्यं काष्ठवज्जीर्णं, कुविकल्पघुणव्रजैः ।।२४६।।

શ્લોકાર્થ :-

મોહસુખમાં લુબ્ધપણું ધિક્કાર થાઓ. મહામોહનું જૃંભિત=વિલસિત, ધિક્કાર થાઓ. કુવિકલ્પરૂપી કીડાઓના સમૂહોથી કાષ્ઠની જેમ જીર્ણ એવું રાજ્ય ધિક્કાર થાઓ. ॥૨૪૬॥

શ્લોક :-

जामाता भागिनेयश्च, प्रियोऽस्याभूत् पुरा हरिः ।
तृष्णाकृष्णाहिदष्टस्य, सांप्रतं भाति शत्रुवत् ।।२४७।।

શ્લોકાર્થ :-

જમાઈ અને ભાણિયો આને=નીલકંઠ રાજાને, પૂર્વમાં હરિ પ્રિય હતો. હવે તૃષ્ણારૂપી કાળા સર્પથી દંશાયેલા આને=નીલકંઠ રાજાને, શત્રુની જેમ ભાસે છે. ॥૨૪૭॥

શ્લોક :-

राज्यलोभादमुं हन्तुं, राजा यद्यपि वाञ्छति ।
रक्षणीयस्तथाऽप्येष, नररत्नं मया हरिः ।।२४८।।

શ્લોકાર્થ :-

રાજ્યના લોભથી રાજા જોકે આને હણવા માટે ઈચ્છે છે તોપણ આ નરરત્ન હરિ મારા વડે રક્ષણીય છે. ॥૨૪૮॥

શ્લોક :-

ततो दमनकं चेटं, प्रच्छन्नं प्रजिघाय सः ।
तत्सन्देशं हरेः सोऽवग्, देशस्त्याज्योऽधुना त्वया ।।२४९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તેણે=મંત્રીએ, દમનક ચેટકને પ્રચ્છન્ન મોકલ્યો. તે=દમનક ચેટકે, હરિને તેનો સંદેશો કહ્યો. હમણાં તમારા વડે દેશ ત્યાજ્ય છે. ॥૨૪૯॥

શ્લોક :-

सुबुद्ध्युक्तमिति श्रुत्वा, निर्भयोऽपि हरिर्मनः ।
समुद्रलङ्घने चक्रे, प्रोक्ता वार्ता च सा मम ।।२५०।।

શ્લોકાર્થ :-

સુબુદ્ધિએ કહ્યું છે, એ પ્રમાણે સાંભળીને નિર્ભય પણ હરિએ સમુદ્રના ઉલ્લંઘનમાં મનને કર્યું. તે વાર્તા=સુબુદ્ધિ મંત્રીએ જે કથન કર્યું તે વાર્તા, મને=ધનશેખરને, કરાઈ. ॥૨૫૦॥

શ્લોક :-

यद् राजा कार्यकुपितो, मन्त्रिणा च हितैषिणा ।
आदिष्टमिति गन्तव्यमुल्लङ्घ्याम्बुनिधिं मया ।।२५१।।

શ્લોકાર્થ :-

જે કારણથી રાજા કાર્યકુપિત છે અને હિતૈષી એવા મંત્રી વડે આદિષ્ટ છે=આદેશ કરાયો છે, એથી સમુદ્રને ઉલ્લંઘીને મારા વડે જવું જોઈએ. ॥૨૫૧॥

શ્લોક :-

प्रतिष्ठस्व त्वमपि तत्, त्वां विना मम नो धृतिः ।
मयाऽपि गाढदाक्षिण्याद्, वचस्तस्य प्रतिश्रुतम् ।।२५२।।

શ્લોકાર્થ :-

તે કારણથી તું પણ=ધનશેખર પણ, જવા માટે તત્પર થા. તારા વગર મને ધૃતિ નથી. ગાઢ દાક્ષિણ્યથી મારા વડે પણ તેનું વચન સ્વીકારાયું. ।।૨૫૨।।

શ્લોક :-

यानपात्रद्वयं सज्जीकारितं सुदृढं ततः ।
तत्रैकं मम रत्नौघैर्भृतमन्यत् पुनर्हरेः ।।२५३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સુદૃઢ બે યાનપાત્ર સજ્જ કરાયાં. ત્યાં એક મારું યાનપાત્ર રત્નોના સમૂહથી ભરાયું. વળી અન્ય હરિનું. ।।૨૫૩।।

શ્લોક :-

हरिर्मयूरमञ्जर्या, वसुमत्या च संयुतः ।
प्रदोषेऽहं च संप्राप्तौ, तीरं वारांनिधेरुभौ ।।२५४।।

શ્લોકાર્થ :-

મયૂરમંજરી અને વસુમતીથી સંયુક્ત એવો હરિ અને હું=ધનશેખર, એવા અમે બંને પ્રદોષમાં સમુદ્રના તીરે પ્રાપ્ત થયા. ।।૨૫૪।।

શ્લોક :-

आरूढो यानपात्रे स्वे, विधावभ्युद्गते हरिः ।
तेनारुरुक्षुः स्वं पोतमप्यहं स्थापितोऽन्तिके ।।२५५।।

શ્લોકાર્થ :-

ચંદ્રનો ઉદય થયે છતે હરિ સ્વયાનપાત્રમાં આરૂઢ થયો. પોતાંના

વહાણમાં આરૂઢ થવાની ઈચ્છાવાળો એવો હું તેના વડે=હરિ વડે, પોતાની પાસે સ્થાપન કરાયો. ॥૨૫૫॥

શ્લોક :-

मरुद्वेगादथ तयोर्गच्छतोर्यानपात्रयोः ।
व्यतीयुः कतिचिद् वार्द्धौ, वासरा बहुलङ्घिते ॥२५६॥

શ્લોકાર્થ :-

હવે બહુલંઘિત સમુદ્ર હોતે છતે પવનના વેગથી જતા એવા તે બે યાનપાત્રના કેટલાક દિવસો પસાર થયા. ॥૨૫૬॥

શ્લોક :-

अत्रान्तरे पापमित्ररूपौ सागरमैथुनौ ।
ममैवं चक्रतुर्बुद्धिं, नाशितह्रीकुलक्रमौ ॥२५७॥

શ્લોકાર્થ :-

એટલામાં નાશિત કરી છે લજ્જા અને કુલક્રમ જેણે એવા પાપમિત્રરૂપ સાગર અને મૈથુને મારી આ પ્રકારની બુદ્ધિને કરી. ॥૨૫૭॥

શ્લોક :-

भृतं ममैकं बोहित्थं, रत्नैरन्यद्धरेरिदम् ।
ममैवोपस्थितं भाग्यैस्तत् त्यक्तुं नैव युज्यते ॥२५८॥

શ્લોકાર્થ :-

મારું એક વહાણ રત્નથી ભરાયું છે, અન્ય હરિનું આ છે. ભાગ્ય વડે મને ઉપસ્થિત એવા તેને ત્યાગ કરવું ઘટતું નથી. ॥૨૫૮॥

શ્લોક :-

मयूरमञ्जरी चेयं यावद् भुक्ता न भामिनी ।
पद्माक्षी मन्थरगतिर्जघनस्तनगौरवात् ॥२५९॥

रम्भोरुः क्षाममध्या च, लावण्यामृतवाहिनी ।
तावत् किं मम रम्येण, यौवनेनावकेशिना ?।।२६०।। युग्मम् ।।

શ્લોકાર્થ :-

જઘન અને સ્તનના ગૌરવના કારણે મંથર ગતિવાળી, પદ્માક્ષી, રંભાના ઊરુવાળી, ક્ષામમધ્યવાળી, લાવણ્ય અમૃતને વહન કરનારી એવી આ મયૂરમંજરી ભામિની ભોગવાઈ નથી, ત્યાં સુધી મારા અવકેશી= ખીલેલા એવા રમ્ય યૌવન વડે શું ? ।।૨૫૯-૨૬૦।।

શ્લોક :-

तदिदं रत्नबोहित्थमेनां च हरिणेक्षणाम् ।
हरिं व्यापाद्य गृह्णामि, नान्यथा चित्तनिर्वृतिः ।।२६१।।

શ્લોકાર્થ :-

તે કારણથી આ રત્નનું વહાણ અને સુંદર દૃષ્ટિવાળી એવી આ મયૂરમંજરીને હરિને મારીને હું ગ્રહણ કરું, અન્યથા ચિત્તની નિર્વૃતિ નથી. ।।૨૬૧।।

શ્લોક :-

ततो विस्मृत्य तस्योच्चैर्निर्व्याजस्नेहहृद्यताम् ।
अङ्गीकृत्य महापापं, कुलदूषणकारणम् ।।२६२।।
रात्रौ शरीरचिन्तार्थं, बोहित्थान्ते स्थितो हरिः ।
मया संप्रेरितो वेगात्, द्राट्कृत्य पतितोऽम्बुधौ ।।२६३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તેની=હરિની, અત્યંત નિર્વ્યાજ સ્નેહહૃદયતાને વિસ્મરણ કરીને કુલદૂષણના કારણ એવા મહાપાપનો સ્વીકાર કરીને રાત્રિમાં શરીરની ચિંતા માટે વહાણના અંતમાં રહેલો હરિ મારા વડે વેગથી સંપ્રેરિત=ધક્કો અપાયેલો, દ્રાટ્ કરીને સમુદ્રમાં પડ્યો. ।।૨૬૨-૨૬૩।।

શ્લોક :-

द्राट्कारादुत्थितैर्लोकैः, कृतः कोलाहलो महान् ।
मयूरमञ्जरी भीता, स्थितोऽहं शून्यधीरिव ।।२६४।।

શ્લોકાર્થ :-

દ્રાટ્કારથી ઉત્થિત લોકો વડે મહાન કોલાહલ કરાયો. મયૂરમંજરી ભય પામી. હું શૂન્ય બુદ્ધિવાળાની જેમ રહ્યો. ।।૨૬૪।।

શ્લોક :-

कर्म मे निर्घृणं तादृक्, चुकोप प्रेक्ष्य मय्यथ ।
समुद्राधिपतिर्देवस्तुतोष च हरेर्गुणैः ।।२६५।।

શ્લોકાર્થ :-

હવે મારું તેવા પ્રકારનું નિર્ઘૃણ કર્મ જોઈને સમુદ્રઅધિપતિ દેવ મારા ઉપર કોપ પામ્યો. હરિના ગુણોથી તોષ પામ્યો. ।।૨૬૫।।

શ્લોક :-

सोऽब्धिनीरात् समुत्पाट्य, बोहित्थेऽस्थापयद्धरिम् ।
अर्थं कविरिव प्रौढं पद्ये हृदयगह्वरात् ।।२६६।।

શ્લોકાર્થ :-

તેણે=દેવે, સમુદ્રના નીરથી ઉપાડીને હરિને વહાણમાં સ્થાપન કર્યો. જેમ કવિ પ્રૌઢ અર્થને હૃદયના ગહ્વરથી સ્થાપન કરે. ।।૨૬૬।।

શ્લોક :-

मत्तः प्रातः शशीवाभ्रान्नष्टः पुण्योदयस्तदा ।
मत्संमुखं बभाषेऽथ, स देवो भीषणाकृतिः ।।२६७।।

શ્લોકાર્થ :-

ત્યારે પ્રાતઃકાળમાં આકાશથી ચંદ્રની જેમ પુણ્યોદય મારાથી નષ્ટ થયો. હવે ભીષણ આકૃતિવાળો તે દેવ મારી સન્મુખ બોલ્યો. ।।૨૬૭।।

શ્લોક :-

रे नराधम पापिष्ठ !, श्रीह्रीधीपरिवर्जित ।
पापकर्मेदृशं कृत्वा, किं त्वमद्यापि जीवसि ! ।।२६८।।
इत्युक्त्वा कम्पमानं मां, गृहीत्वाऽसौ स्थितोऽम्बरे ।
हरिः प्रणम्य तं देवमेवं स्नेहाद् व्यजिज्ञपत् ।।२६९।।

શ્લોકાર્થ :-

લક્ષ્મી-લજ્જા-બુદ્ધિથી પરિવર્જિત રે નરાધમ પાપિષ્ઠ ! આવા પ્રકારનું પાપકર્મ કરીને તું હજી પણ કેમ જીવે છે ? આ પ્રમાણે કહીને કંપાયમાન એવા મને ગ્રહણ કરીને આ=દેવ, આકાશમાં રહ્યો. હરિએ તે દેવને પ્રણામ કરીને આ રીતે સ્નેહથી વિનંતી કરી. ।।૨૬૮-૨૬૯।।

શ્લોક :-

मुच्यतामेष मित्रं मे, कृपालुर्मयि यद्यसि ।
आकृष्याब्धेरहं क्षेप्यो, न मित्रविरहावटे ।।२७०।।

શ્લોકાર્થ :-

આ મારો મિત્ર મુકાવાય. જો મારામાં કૃપાળુ છો. સમુદ્રથી કાઢીને મિત્રના વિરહરૂપી અવટમાં=કૂવામાં, મને નાખવો જોઈએ નહીં. ।।૨૭૦।।

શ્લોક :-

अभूद् घृतं तत्कोपाग्नौ, स्नेहमुग्धं हरेर्वचः ।
मयि गाढतरं रुष्टस्ततो देवोऽब्रवीदिदम् ।।२७१।।

શ્લોકાર્થ :-

તેના કોપરૂપી અગ્નિમાં=દેવના કોપરૂપી અગ્નિમાં, હરિનું સ્નેહ-મુગ્ધ વચન ઘી થયું. તેથી મારામાં ગાઢતર રુષ્ટ થયેલો દેવ આ બોલ્યો. ।।૨૭૧।।

શ્લોક :-

मुग्धोऽसि त्वं न जानासि, पापस्यास्य विचेष्टितम् ।
तद् गच्छाभिमतस्थानं, यच्छाम्यस्य फलं पुनः ।।२७२।।

શ્લોકાર્થ :-

તું=હરિ, મુગ્ધ છો. આના પાપના વિચેષ્ટિતને જાણતો નથી. તે કારણથી અભિમત સ્થાને તું જા. વળી હું આને ફળ આપીશ. ।।૨૭૨।।

શ્લોક :-

इत्युक्त्वाऽहं तथा तेन, क्षिप्तोऽगाधमहोदधौ ।
यथा गतोऽवनितलं, पाषाण इव निष्ठुरः ।।२७३।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે કહીને હું તે પ્રકારે તેના વડે=દેવતા વડે, અગાધ મહોદધિમાં નંખાયો. જે પ્રમાણે નિષ્ઠુર પાષાણ જેવો હું અવનિતલમાં ગયો. ।।૨૭૩।।

શ્લોક :-

आगतः पुनरूर्ध्वं मां, मृतं मत्वा ययौ सुरः ।
पोतद्वयं क्रमात् प्राप्तं, वेलाकूले हरेः पुनः ।।२७४।।

શ્લોકાર્થ :-

ફરી ઊર્ધ્વમાં આવેલા મને મરેલો માનીને દેવ ગયો. વળી હરિનું પોતદ્વય ક્રમથી વેલાકૂલમાં પ્રાપ્ત થયું. ।।૨૭૪।।

શ્લોક :-

इतश्चानन्दनगरे, श्रुतः केसरिभूपतिः ।
मृतो हरिकुमारेण, तत्रागात् स ततो द्रुतम् ।।२७५।।

શ્લોકાર્થ :-

આ બાજુ આનંદનગરમાં કેસરી રાજા હરિકુમાર વડે મરેલો સંભળાયો. ત્યાં=આનંદનગરમાં, તે=હરિ, ત્યારપછી શીઘ્ર ગયો. ।।૨૭૫।।

શ્લોક :-

जग्राह पैतृकं राज्यं, वसुमत्या निवेदिते ।
बान्धवानां समस्तेऽपि, वृत्तान्ते क्लेशवर्जितम् ।।२७६।।

શ્લોકાર્થ :-

વસુમતી દ્વારા બાંધવોને સમસ્ત પણ વૃત્તાંત નિવેદન કરાયે છતે ક્લેશ રહિત પિતૃસંબંધી રાજ્ય ગ્રહણ કર્યું. ।।૨૭૬।।

શ્લોક :-

अनुरक्ताश्च सर्वेऽपि, लोका भूरिगुणे हरौ ।
तेनैकं रत्नबोहित्थमर्पितं जनकस्य मे ।।२७७।।

શ્લોકાર્થ :-

સર્વ પણ લોકો હરિના ભૂરિગુણમાં અનુરક્ત થયા. તેના વડે=હરિ વડે, મારા પિતાને રત્નનું એક વહાણ અર્પિત કરાયું. ।।૨૭૭।।

શ્લોક :-

इतश्च पातालतलादुन्मग्नो जलवीचिभिः ।
प्रेर्यमाणो बध्यमानः, सन्ततैस्तन्तुजन्तुभिः ।।२७८।।
मत्स्यपुच्छच्छटाच्छोटैर्लुलत्कमठकण्टकैः ।
प्राप्तदुःखोऽतिविकटैर्बिभ्यच्च जलमानुषैः ।।२७९।।
लोलद्भिः शङ्खनिकरैर्मकरैश्च प्रसर्पिभिः ।
उद्वृत्तैर्नक्रचक्रैश्च, संप्राप्तप्राणसंशयः ।।२८०।।
गहनैर्विद्रुमवनैर्मुह्यमानः कथञ्चन ।
प्राप्तोऽहं जलधेस्तीरं, सप्तरात्रेण पातकी ।।२८१।।

चतुर्भिः कुलकम् ।

શ્લોકાર્થ :-

અને આ બાજુ પાતાલના તલથી ઉન્મગ્ન, જલનાં મોજાંઓથી પ્રેરાતો,

સતત તંતુજંતુઓ વડે બંધાતો, મત્સ્યના પુચ્છના છટાટોપથી અને ચપળ એવા કાચબારૂપી કંટકો વડે પ્રાપ્ત દુઃખવાળો, અતિવિકટ એવા જલમાનુષોથી ભય પામતો, ચપળ એવા શંખના સમૂહોથી પ્રસર્પણ પામતા મકરો વડે, ઉદ્ધૃત્ત એવા નક્ર ચક્રો વડે, સંપ્રાપ્ત પ્રાણસંશયવાળો, ગહન વિદ્રુમ વનોથી કોઈક રીતે મોહ પામતો, સાત રાત્રિથી પાપી એવો હું સમુદ્રના તીરને પામ્યો. ॥૨૭૮થી ૨૮૧॥

શ્લોક :-

तत्रानिलकृताश्वासः, क्षुत्पिपासाऽभिबाधितः ।
भ्रान्तः फलजलार्थी सन्, प्राप्तो मरुसमं वनम् ।।२८२।।

શ્લોકાર્થ :-

ત્યાં=સમુદ્રના તીરમાં, પવનથી કરાયેલા આશ્વાસનવાળો, ક્ષુધા-પિપાસાથી અભિબાધિત, ફળ અને જળનો અર્થી છતો ભમતો મરુ જેવા વનને પામ્યો. ॥૨૮૨॥

શ્લોક :-

लब्धा तत्रापि च मया, प्राणवृत्तिः कथञ्चन ।
करणीयं यतोऽद्यापि, पातकं बहु वर्तते ।।२८३।।

શ્લોકાર્થ :-

અને ત્યાં પણ=તે વનમાં પણ, મારા વડે પ્રાણવૃત્તિ=આજીવિકા કોઈક રીતે પ્રાપ્ત કરાઈ. જે કારણથી હજુ પણ કરવા જેવું પાપ બહુ વર્તે છે અર્થાત્ આવા વિષમ સંયોગમાં પણ હું મર્યો નહિ, તેનું કારણ મનુષ્યભવમાં હજુ પણ ઘણાં પાપો કરવાનાં ધનશેખરને વિદ્યમાન છે. ॥૨૮૩॥

શ્લોક :-

अथाकीर्णं ग्रामपुरैर्वसन्तं देशमागतः ।
रिक्तत्वाल्लज्जमानोऽहमुपतातं गतस्तु न ।।२८४।।

શ્લોકાર્થ :-

હવે, ગ્રામનગરોથી આકીર્ણ વસ્તીવાળા દેશમાં આવ્યો. રિક્તપણું હોવાથી=વસ્ત્ર, ધન વગેરેથી રહિતપણું હોવાથી, લજ્જા પામતો હું ઉપતાપને પામ્યો નહિ=અકાર્ય કરવામાં ઉપતાપને પામ્યો નહિ. ॥૨૮૪॥

શ્લોક :-

नाशात् पुण्योदयस्याथ, मित्रद्वयजुषो मम ।
वाणिज्याचरणेऽर्धं स्यात्, कर्षणे वृष्टिरेव न ।।२८५।।

શ્લોકાર્થ :-

હવે, પુણ્યોદયનો નાશ થવાથી બે મિત્રયુક્ત એવા મને વાણિજ્ય આચરણમાં અર્ધું થાય=ધન અડધું થાય, ખેતીમાં વૃષ્ટિ જ ન થાય.॥૨૮૫॥

શ્લોક :-

सेवां कुर्वंस्ततो राज्ञो, गतो योद्धुं महाऽऽहवे ।
तत्रापि निशितास्त्रौघप्रहारैरेव पीडितः ।।२८६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી રાજાની સેવા કરતો મોટા સંગ્રામમાં યુદ્ધ કરવા માટે ગયો, ત્યાં પણ તીક્ષ્ણ અસ્ત્રોના સમૂહના પ્રહારોથી પીડિત થયો. ॥૨૮૬॥

શ્લોક :-

मयाऽन्यदा बलीवर्दा, गृहीता वाहनेच्छया ।
मृतास्तिलकरोगेण, सर्वे ते मदभाग्यतः ।।२८७।।

શ્લોકાર્થ :-

અન્યદા મારા વડે વાહનની ઈચ્છાથી બળદો ગ્રહણ કરાયા, મારા ભાગ્યથી તે સર્વે તિલકરોગ વડે મૃત્યુ પામ્યા. ॥૨૮૭॥

શ્લોક :-

खरसार्थेन वाणिज्ये, मयकाऽथ चिकीर्षिते ।
ससार्थो मुषितश्चौरैर्जातोऽहं कर्मकृत् ततः ।।२८८।।

શ્લોકાર્થ :-

મારા વડે ખરસાર્થની સાથે વાણિજ્ય કરવાની ઈચ્છા કરાયે છતે, સાર્થ સહિત હું લુંટાયો, ચોરો વડે લુંટાયો, ત્યારપછી હું કર્મકૃત થયો. ।।૨૮૮।।

શ્લોક :-

वृत्तिस्तथाऽपि नो लब्धा, भूत्वाऽन्यस्याथ सेवकः ।
गतोऽब्धौ पोतमारुह्य, भग्नः सोऽपि मदंहसा ।।२८९।।

શ્લોકાર્થ :-

તોપણ આજીવિકા પ્રાપ્ત થઈ નહિ, હવે અન્યનો સેવક થઈને, વહાણમાં આરોહણ કરીને સમુદ્રમાં ગયો, તે પણ મારા પાપથી ભાંગ્યું. ।।૨૮૯।।

શ્લોક :-

उत्तीर्य फलकेनाब्धिं, द्वीपं प्राप्याथ रोधनम् ।
प्रवृत्तः खनितुं बाढं, धूलिः प्राप्ता परं करे ।।२९०।।

શ્લોકાર્થ :-

હવે ફલકથી સમુદ્રને ઊતરીને, હવે દ્વીપને પામીને રોધને=નદીના કિનારે, ખોદવા માટે પ્રવૃત્ત થયો, પરંતુ હાથમાં ધૂલ પ્રાપ્ત થઈ. ।।૨૯૦।।

શ્લોક :-

अथान्यत्र नगे गत्वा, धातुवादः कृतो मया ।
मृद्भिर्मूलैश्च पाषाणैः, स्थितः क्षारः परं करे ।।२९१।।

શ્લોકાર્થ :-

હવે અન્યત્ર પર્વતમાં જઈને મારા વડે માટીથી, મૂલથી અને પાષાણથી ધાતુવાદ કરાયો, પરંતુ હાથમાં ક્ષાર પ્રાપ્ત થયો. ॥૨૯૧॥

શ્લોક :-

कृता ततो द्यूतलीला, तत्र द्यूतकरैर्जितः ।
ततो लातुं विभावर्यां, प्रविष्टो रसकूपिकाम् ।।२९२।।
सिंहेन त्रासितस्तत्र, कथंचिन्न तु मारितः ।
विना पुण्यमभूद् व्यर्थमित्थं कर्माखिलं मम ।।२९३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી ધૂતલીલા કરાઈ, ત્યાં ધૂતકરો વડે જિતાયો, ત્યારપછી રાત્રિમાં રસકૂપિકાને લાવવા માટે પ્રવેશ કરાયો. ત્યાં સિંહ વડે ત્રાસિત કરાયો, વળી, કોઈક રીતે મરાયો નહિ. આ રીતે પુણ્ય વગર મારું અખિલ કર્મ વ્યર્થ થયું. ॥૨૯૨-૨૯૩॥

શ્લોક :-

लब्धा भिक्षाऽपि न क्वापि, बुभुक्षाक्षामकुक्षिणा ।
पादप्रसारिकां कृत्वा, मौनं धृत्वा ततः स्थितः ।।२९४।।

શ્લોકાર્થ :-

ખાવાની ઈચ્છાથી દુર્બળ થયેલા ઉદરવાળા એવા મારા વડે ક્યાંય પણ ભિક્ષા પણ પ્રાપ્ત કરાઈ નહિ. ત્યારપછી પાદપ્રસારિકા કરીને મૌન ધારણ કરીને રહ્યો. ॥૨૯૪॥

શ્લોક :-

सागरः प्रेरयामास, ततो मां स्फोरयोद्यमम् ।
अविषादः श्रियो मूलं, पुनः कुरु धनार्जनम् ।।२९५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી મને સાગરે પ્રેરણા કરી, ઉદ્યમને તું સ્ફોરવ, અવિષાદ લક્ષ્મીનું મૂલ છે, ફરી ધનનું અર્જન કર. ॥૨૯૫॥

શ્લોક :-

इत्याहितकुधीस्तेन, पातकेषु प्रवर्तितः ।
कृतानि तानि पापानि, यानि यान्यादिदेश सः ॥२९६॥

શ્લોકાર્થ :-

આ પ્રમાણે તેના વડે=સાગર વડે, આધાન થયેલી કુબુદ્ધિવાળો એવો હું પાપોમાં પ્રવર્ત્યો, તે તે પાપો કરાયાં, જે જે પાપોનો તેણે=સાગરે, આદેશ કર્યો. ॥૨૯૬॥

શ્લોક :-

धनगन्धोऽपि न प्राप्तः, परं पुण्योदयं विना ।
न गतः श्वसुरस्यापि, गृहे मिथ्याभिमानतः ॥२९७॥

શ્લોકાર્થ :-

પરંતુ પુણ્યોદય વગર ધનની ગંધ પણ પ્રાપ્ત થઈ નહિ, મિથ્યાભિમાનથી સસરાના ગૃહે પણ ગયો નહિ. ॥૨૯૭॥

શ્લોક :-

तदाऽपि प्रेरयन्नेव, मैथुनो यौवनान्वितः ।
मां तिष्ठति तदिष्टं तु, नाप्यते सुकृतं विना ॥२९८॥

શ્લોકાર્થ :-

ત્યારે પણ યૌવનથી યુક્ત મૈથુન મને પ્રેરણા કરતો જ રહે છે. વળી, તેનું ઈષ્ટ=મૈથુનનું ઈષ્ટ, સુકૃત વગર પ્રાપ્ત થતું નથી. ॥૨૯૮॥

શ્લોક :-

इतश्चानन्दनगरे, हरिणा सूरिरुत्तमः ।
दृष्टो मनोरमोद्याने, निषण्णस्तं प्रणम्य सः ॥२९९॥

ततो भगवता तेन, देशना क्लेशनाशिनी ।
दत्ता नृपो जहर्षोच्चैस्तामाकर्ण्य श्रवःसुधाम् ।।३००।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ આનંદ નગરમાં હરિ વડે મનોરમોદ્યાનમાં ઉત્તમસૂરિ જોવાયા, તેમને પ્રણામ કરીને તે=હરિ બેઠો, ત્યારપછી તે ભગવાન વડે ક્લેશનાશિની એવી દેશના અપાઈ, શ્રોત્રેન્દ્રિયને અમૃત જેવી તેણીને સાંભળીને=દેશના સાંભળીને, રાજા અત્યંત હર્ષ પામ્યો. ॥૨૯૯-૩૦૦॥

શ્લોક :-

यावद् विचिन्तयामास, भगवान् सर्वभाववित् ।
तदिदं परिपृच्छामि, किमहो तत्र कारणम् ।।३०१।।

શ્લોકાર્થ :-

જ્યાં સુધી વિચાર્યું, ભગવાન સર્વ ભાવને જાણનારા છે, તે કારણથી આ હું પૂછું, ત્યાં=ધનશેખરની તે પ્રકારની પ્રવૃત્તિમાં, શું કારણ છે ? ॥૩૦૧॥

શ્લોક :-

जातोऽहं प्राक् प्रियस्तस्य, स च मे धनशेखरः ।
किं पुनः क्षणमात्रेण, क्षिप्तोऽहं तेन वारिधौ ।।३०२।।

શ્લોકાર્થ :-

પૂર્વે હું તેને=ધનશેખરને, પ્રિય હતો અને મને=હરિને, તે ધનશેખર પ્રિય હતો. વળી, ક્ષણમાત્રથી હું તેના વડે સમુદ્રમાં કેમ ફેંકાયો ? ॥૩૦૨॥

શ્લોક :-

कुपितः किं स देवोऽस्मै, कुतः क्षिप्तोऽम्बुधावसौ ।
किं जीवति मृतो वाऽसौ, तावत् सूरिरवोचत ।।३०३।।

શ્લોકાર્થ :-

તે દેવ આના ઉપર કેમ કુપિત થયો, ક્યા કારણથી આ=ધનશેખર,

સમુદ્રમાં ફેંકાયો ? શું જીવે છે અથવા આ મર્યો છે, તેટલામાં=આ પ્રકારના હરિએ સૂરિને પ્રશ્ન કર્યા એટલામાં, સૂરિ બોલ્યા. ।।૩૦૩।।

શ્લોક :-

विरूपं त्वयि यद् भूप !, चकार धनशेखरः ।
तत्रापराध्यतः पापमित्रे सागरमैथुनौ ।।३०४।।

શ્લોકાર્થ :-

હે રાજા ! તારા વિષયમાં ધનશેખરે જે વિરૂપ કર્યું, ત્યાં સાગર અને મૈથુન પાપમિત્ર અપરાધવાળા છે. ।।૩૦૪।।

શ્લોક :-

स हि चारुः स्वरूपेण, ताभ्यां च क्रियतेऽन्यथा ।
त्वद्‌बोहित्थस्य हरणे, सागरेणास्य धीः कृता ।।३०५।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, સ્વરૂપથી તે=ધનશેખર, સુંદર છે અને તે બંને દ્વારા=મૈથુન અને સાગરથી અન્યથા કરાય છે, તારા વહાણના હરણમાં સાગર વડે આની=ધનશેખરની, બુદ્ધિ કરાઈ. ।।૩૦૫।।

શ્લોક :-

मयूरमञ्जरीभोगे, मैथुनेन कृता मतिः ।
तद्वशात् त्वं जले क्षिप्तस्तेनास्मै कुपितः सुरः ।।३०६।।

શ્લોકાર્થ :-

મયૂરમંજરીના ભોગમાં મૈથુન વડે મતિ કરાઈ, તેના વશથી=સાગર અને મૈથુનના વશથી તું=હરિ, જલમાં ફેંકાયો. તે કારણથી દેવ આના ઉપર=ધનશેખર ઉપર, કુપિત થયો. ।।૩૦૬।।

શ્લોક :-

तेन त्वमुद्धृतः सोऽब्धौ, क्षिप्तस्तदपि नो मृतः ।
अधुना पापमित्राभ्यां, नानादेशेषु पीड्यते ।।३०७।।

શ્લોકાર્થ :-

તેના વડે=દેવતા વડે, તું બહાર કઢાયો, તે=ધનશેખર, સમુદ્રમાં ફેંકાયો, તે કારણથી પણ=દરિયામાં ફેંકાયો તે કારણથી પણ, મર્યો નહિ. હમણાં પાપમિત્રો દ્વારા=સાગર અને મૈથુન દ્વારા, જુદા જુદા દેશોમાં પીડાય છે. ॥૩૦૭॥

શ્લોક :-

इत्थं चतुर्ज्ञानभृता सूरिणाऽभिहिते नृपः ।
दध्यावहो मुनेर्ज्ञानं, पापोऽहो धनशेखरः ।।३०८।।

શ્લોકાર્થ :-

આ રીતે ચાર જ્ઞાનથી યુક્ત સૂરિ વડે કહેવાયે છતે રાજાએ વિચાર્યું. અહો મુનિજ્ઞાન, અહો પાપવાળો એવો ધનશેખર. ॥૩૦૮॥

શ્લોક :-

पुनः पप्रच्छ सूरीन्द्रं, हरिर्मयि कृपापरः ।
कदा त्यक्ष्यति संसर्गं, स तयोः पापमित्रयोः ।।३०९।।

શ્લોકાર્થ :-

ફરી મારામાં કૃપાપર એવા હરિએ સૂરીન્દ્રને પૂછ્યું, તે=ધનશેખર, તે બે પાપમિત્રનો=સાગર અને મૈથુનનો, ક્યારે સંસર્ગ ત્યાગ કરશે ? ॥૩૦૯॥

શ્લોક :-

सूरिराह पुरं भावप्रसादाख्यं विराजते ।
राजा शुद्धाशयस्तत्र, तस्य चात्मरतिः प्रिया ।।३१०।।

શ્લોકાર્થ :-

સૂરિ કહે છે. ભાવપ્રસાદ નામનું નગર શોભે છે. ત્યાં શુદ્ધાશય રાજા છે અને તેની આત્મરતિ પ્રિયા છે.

જીવનો પારમાર્થિક ભાવ જ્યારે જીવ ઉપર પ્રસાદ કરે છે, ત્યારે જીવ આત્માના પારમાર્થિક ભાવને અભિમુખ બને છે. તે ભાવપ્રસાદ નામનું નગર છે. અને આત્માના પારમાર્થિક ભાવને અભિમુખ થયા પછી મારે મારું પારમાર્થિક સ્વરૂપ પ્રગટ કરવું છે, એ પ્રકારનો શુદ્ધાશય પ્રગટે છે, ત્યારપછી આત્માના પારમાર્થિક સ્વરૂપમાં રતિરૂપ આત્મરતિ તેનામાં પ્રગટે છે. **||૩૧૦||**

શ્લોક :-

विद्येते तनये तस्या, उभे विततलोचने ।
एका ब्रह्मरतिर्नाम, द्वितीया मुक्तताऽभिधा ।।३११।।

શ્લોકાર્થ :-

તેને=આત્મરતિને, વિસ્તીર્ણ લોચનવાળી બે પુત્રી વિધમાન છે, એક બ્રહ્મરતિ નામવાળી અને બીજી મુક્તતા નામવાળી.

જીવને આત્માની નિરાકુળ અવસ્થામાં રાગ પ્રગટે છે. ત્યારપછી પાંચ ઇન્દ્રિયોના સંવરરૂપ બ્રહ્મમાં રતિ વર્તે છે અને સર્વ ઇચ્છાથી વિરામની પરિણતિરૂપ મુક્તતા ગમે છે. તે બ્રહ્મરતિ અને મુક્તતા નામની બાળા છે. **||૩૧૧||**

શ્લોક :-

यदा ते कन्यके भार्ये, लप्स्यसे धनशेखरः ।
- आभ्यां पापवयस्याभ्यां, तदा नूनं वियोक्ष्यते ।।३१२।।

શ્લોકાર્થ :-

જ્યારે ધનશેખર તે બે કન્યા પત્નીરૂપે પ્રાપ્ત કરશે, ત્યારે આ બે પાપમિત્રો દ્વારા ત્યારે ખરેખર મુકાશે.

જ્યારે ધનશેખર ભાવથી મુનિભાવને પામશે, ત્યારે સંપૂર્ણ બ્રહ્મમાં રતિ અને મુક્તતાને પ્રાપ્ત કરશે, ત્યારે આ ખરેખર બે પાપમિત્રોથી મુકાશે. ફક્ત સમ્યક્ત્વ કે દેશવિરતિ પ્રાપ્ત કરશે ત્યારે આ બે પાપમિત્રો વધતા જતા અટકશે. સર્વવિરતિના પ્રાપ્તિકાળમાં તે બે પાપમિત્રોથી મુકાશે અને વીતરાગ થશે, ત્યારે તેનો સદા વિયોગ થશે. **||૩૧૨||**

શ્લોક :-

तयोर्विलासमासाद्य, गलद्वेद्यान्तरप्रथम् ।
ज्ञानानन्दघने स्थाने, शिवे स्थास्यति निर्भयः ।।३१३।।

શ્લોકાર્થ :-

ગળતા વેદ્યાંતરના વિસ્તારવાળા તે બંનેના, વિલાસને પ્રાપ્ત કરીને, જ્ઞાનના આનંદથી ઘન એવા શિવરૂપ સ્થાનમાં નિર્ભય રહેશે.

જ્યારે જીવને બ્રહ્મમાં રતિ અને મુક્તતા નામની બે કન્યા મળશે, ત્યારે અન્ય સર્વનાં સંવેદનો તેના આત્મામાંથી ગળતાં જશે. માત્ર પાંચ ઇન્દ્રિયોના સંવરમાં અને અનિચ્છામાં જ તેનું ચિત્ત વિલાસવાળું થશે, જેનાથી જ્ઞાનના આનંદથી ઘન એવા મોક્ષસ્થાનને ધનશેખર પ્રાપ્ત કરશે. **॥૩૧૩॥**

શ્લોક :-

ततो हरिनरेन्द्रेण, पुनः पृष्टः स सूरिराट् ।
लप्स्यसे ते कथं कन्ये, भगवन् ! धनशेखरः ।।३१४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી હરિ રાજા વડે ફરી તે સૂરિરાજા પુછાયા. હે ભગવન્ ! ધનશેખર તે બે કન્યાને કેવી રીતે પ્રાપ્ત કરશે ? ॥૩૧૪॥

શ્લોક :-

सूरिराह महाराज !, प्रतीतो हि भवादृशाम् ।
स कर्मपरिणामाख्यो, राजाऽस्ति गुरुविक्रमः ।।३१५।।

શ્લોકાર્થ :-

સૂરિ કહે છે. હે મહારાજ ! हि=જે કારણથી, તારા જેવાને પ્રતીત છે. શું પ્રતીત છે ? એથી કહે છે. ગુરુ વિક્રમવાળો તે કર્મપરિણામ નામનો રાજા છે. ॥૩૧૫॥

શ્લોક :-

प्रसन्नस्तव मित्राय, स कन्ये दापयिष्यति ।
नात्र कश्चिदुपायोऽन्यस्तन्मुञ्चाकुलचित्तताम् ।।३१६।।

શ્લોકાર્થ :-

પ્રસન્ન થયેલો તે=કર્મપરિણામ રાજા, તારા મિત્રને તે બે કન્યા આપશે, અહીં=તારા મિત્રને કન્યાની પ્રાપ્તિમાં, અન્ય કોઈ ઉપાય નથી, તે કારણથી આકુલ ચિત્તતાને તું મૂક=ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમભાવ જ્યારે ધનશેખરના જીવને પ્રાપ્ત થશે ત્યારે તેનાથી બે કન્યારૂપ પરિણતિ પ્રગટ થશે. ।।૩૧૬।।

શ્લોક :-

तदाकर्ण्य वचः सूरेर्भूत्वा मयि निराकुलः ।
कृताञ्जलिः पुनः प्रोचे, सूरिराजं हरिर्नृपः ।।३१७।।

શ્લોકાર્થ :-

સૂરિનાં તે વચનો સાંભળીને, મારા વિષયમાં નિરાકુલ થઈને કૃતાંજલિવાળા એવા હરિ રાજાએ ફરી સૂરિરાજાને પૂછ્યું. ।।૩૧૭।।

શ્લોક :-

भदन्त ! यत् त्वया प्रोक्तं, पापमित्रप्रसङ्गतः ।
तेन घोरं कृतं कर्म, प्रकृत्या तु स निर्मलः ।।३१८।।

શ્લોકાર્થ :-

હે ભદંત ! જે તમારા વડે કહેવાયું, પાપમિત્રના પ્રસંગથી તેના વડે=ધનશેખર વડે, ઘોર કર્મ કરાયું. વળી, પ્રકૃતિથી તે નિર્મલ છે. ।।૩૧૮।।

શ્લોક :-

संशये तत्र किं प्राणी, स्वरूपेणापि निर्मलः ।
परदोषेण दुष्टः स्यात्, सूरिणोक्तं भवेत् तथा ।।३१९।।

શ્લોકાર્થ :-

ત્યાં=ધનશેખર પ્રકૃતિથી નિર્મલ છે ત્યાં, હું સંશય કરું છું. સ્વરૂપથી નિર્મલ પણ પ્રાણી શું પરદોષથી દુષ્ટ થાય=પાપમિત્રના સંસર્ગથી દુષ્ટ થાય ? સૂરિ વડે કહેવાયું, તે પ્રકારે થાય. ॥૩૧૯॥

શ્લોક :-

लोकानामन्तरङ्गाणां, दोषाः सांक्रामिका ध्रुवम् ।
एवं कथानकं राजन् !, शृणु तत्र समाहितः ।।३२०।।

શ્લોકાર્થ :-

અંતરંગ લોકોના દોષો નિશ્ચયે સાંક્રામિક છે. હે રાજન ! આ પ્રમાણે કથાનકને ત્યાં સમાધાન પામેલો તું સાંભળ.

અંતરંગ લોભ, કામાદિ લોકો છે. તેઓમાં જે પરિણામ વર્તે છે, તે નક્કી તે જીવમાં મિત્રતાને કારણે સંક્રમણ પામે છે. તે વિષયમાં કથાનક મહાત્મા કહે છે. **॥૩૨૦॥**

શ્લોક :-

प्रतीतमेतद् यत् कर्मपरिणामस्य भूभुजः ।
देव्याः कालपरिणतेश्चापत्यानि बहून्यपि ।।३२१।।

શ્લોકાર્થ :-

આ પ્રતીત છે. જે કર્મપરિણામ રાજાના અને કાલપરિણતિ દેવીના ઘણા પણ પુત્રો છે=સંસારવર્તી જે કોઈ જીવો છે, તે સર્વ કર્મપરિણામ અને કાલપરિણતિથી જન્ય છે. તેથી તેના ઘણા પણ પુત્રો છે. ॥૩૨૧॥

શ્લોક :-

खलदृग्दोषतो भीतैरविवेकादिमन्त्रिभिः ।
विनिह्नुतानि विद्यन्ते, भुवने स्थितिवेदिभिः ।।३२२।।

શ્લોકાર્થ :-

ખલપુરુષોની દૃષ્ટિના દોષથી ભય પામેલા સ્થિતિના જાણનારા એવા અવિવેકાદિ મંત્રીઓ વડે ભુવનમાં ગોપવાયેલા વિદ્યમાન છે=કર્મપરિણામ રાજાના ઘણા પુત્રો હોવા છતાં તે પુત્ર વગરના છે, એ પ્રકારે ભુવનમાં કહેવાયા છે. ॥૩૨૨॥

શ્લોક :-

इतश्चास्ति महासत्त्वः, सिद्धान्तः पुरुषोत्तमः ।
कर्माद्यत्यन्तभेदज्ञो, हितदः सर्वदेहिनाम् ।।३२३।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ મહાસત્ત્વ પુરુષોત્તમ, કર્માદિના અત્યંત ભેદને જાણનારો, સર્વ જીવોના હિતને આપનાર સિદ્ધાંત છે. ॥૩૨૩॥

શ્લોક :-

विनेयस्तस्य मृदुधीरप्रबुद्धाभिधोऽजनि ।
स पप्रच्छेह भगवन् !, किमिष्टं किं ततोऽन्यथा ।।३२४।।

શ્લોકાર્થ :-

તેનો=સિદ્ધાંતનો, મૃદુબુદ્ધિવાળો, અપ્રબુદ્ધ નામનો શિષ્ય હતો, તેણે પૂછ્યું, હે ભગવન્ ! શું ઈષ્ટ છે ? શું તેનાથી અન્યથા છે=જીવને માટે શું ઈષ્ટ છે ? અને શું અનિષ્ટ છે ? એ પ્રમાણે અપ્રબુદ્ધે પૂછ્યું. ॥૩૨૪॥

શ્લોક :-

सिद्धान्तः प्राह सर्वेषामभीष्टं देहिनां सुखम् ।
ज्ञेयं दुःखमनिष्टं च, प्रवृत्तिविनिवृत्तितः ।।३२५।।

શ્લોકાર્થ :-

સિદ્ધાંત કહે છે. સર્વ જીવોને સુખ અભીષ્ટ અને દુઃખ અનિષ્ટ

જાણવું; કેમ કે જીવોની સુખ માટે પ્રવૃત્તિ છે અને દુઃખથી નિવૃત્તિ માટે યત્ન છે. ॥૩૨૫॥

શ્લોક :-

अप्रबुद्धोऽब्रवीद्धेतुः, कस्तयोरथ तं जगौ ।
सिद्धान्तः सुखकृद् राज्यं, दुःखकारि तदेव च ॥३२६॥

શ્લોકાર્થ :-

અપ્રબુદ્ધ બોલ્યો, તે બેનો=સુખ અને દુઃખનો, હેતુ કોણ છે ? હવે તેને=અપ્રબુદ્ધને, સિદ્ધાંતે કહ્યું, રાજ્ય સુખને કરનારું છે અને રાજ્ય જ દુઃખને કરનારું છે. ॥૩૨૬॥

શ્લોક :-

नोद्भाव्यश्च विरोधोऽत्र, धर्मभेदव्यवस्थितेः ।
दुःखं दुष्पालितं दत्ते, सुखं राज्यं सुपालितम् ॥३२७॥

શ્લોકાર્થ :-

અને અહીં=રાજ્ય સુખને કરનારું અને દુઃખને કરનારું છે એ કથનમાં, વિરોધ ઉદ્ભાવન કરવો નહિ; કેમ કે ધર્મભેદની વ્યવસ્થિતિ છે= રાજ્યપાલનના વિષયક ધર્મભેદની વ્યવસ્થિતિ છે. દુષ્પાલિત રાજ્ય દુઃખને આપે છે, સુપાલિત રાજ્ય સુખને આપે છે. ॥૩૨૭॥

શ્લોક :-

अप्रबुद्धोऽवदद् राज्यं, स्तोकानामेव दृश्यते ।
सिद्धान्तः प्राह सर्वेषामेवाभ्यन्तरमस्त्यदः ॥३२८॥

શ્લોકાર્થ :-

અપ્રબુદ્ધ બોલ્યો, રાજ્ય થોડાઓને જ દેખાય છે. સિદ્ધાંત કહે છે. સર્વ જીવોને આ=રાજ્ય, અભ્યંતર છે. ॥૩૨૮॥

શ્લોક :-

एकं वा तदनेकं वेत्यप्रबुद्धेन भाषिते ।
जगौ यथास्थितं तत्त्वं, सिद्धान्तो विश्ववत्सलः ।।३२९।।

શ્લોકાર્થ :-

તે=સર્વ જીવોનું અભ્યંતર રાજ્ય એક છે કે અનેક એ પ્રમાણે અપ્રબુદ્ધે પૂછ્યે છતે, વિશ્વવત્સલ એવા સિદ્ધાંતે યથાસ્થિત તત્ત્વને કહ્યું. ।।૩૨૯।।

શ્લોક :-

एकं सामान्यतस्तद्धि नैकरूपं विशेषतः ।
सामान्यराज्ये संसारिजीवस्तत्र महानृपः ।।३३०।।

શ્લોકાર્થ :-

તે=અંતરંગ રાજ્ય, સામાન્યથી એક છે, વિશેષથી અનેક રૂપવાળું છે. તે સામાન્ય રાજ્યમાં સંસારી જીવ મોટો રાજા છે. ।।૩૩૦।।

શ્લોક :-

ज्ञानध्यानादिरत्नौघैः, कोशस्तत्र भृतः स्मृतः ।
गाम्भीर्यौदार्यशौर्याद्याः, स्यन्दनास्तत्र सुन्दराः ।।३३१।।

શ્લોકાર્થ :-

ત્યાં=સામાન્ય રાજ્યમાં, જ્ઞાન અને ધ્યાન આદિ રત્નના સમૂહોથી ભરાયેલો કોશ કહેવાયો છે, ત્યાં=સામાન્ય રાજ્યમાં ગાંભીર્ય, ઔદાર્ય, શૌર્યાદિ સુંદર રથો છે. આ સર્વ અંતરંગ ગુણોથી જીવનું અંતરંગ રાજ્ય સમૃદ્ધ છે. ।।૩૩૧।।

શ્લોક :-

गजाः सौष्ठवसौजन्यप्रभुत्वप्रणयादयः ।
वाग्मित्वमुख्यास्तुरगा, दाक्षिण्याद्याः पदातयः ।।३३२।।

શ્લોકાર્થ :-

સૌષ્ઠવ, સૌજન્ય, પ્રભુત્વ, પ્રીતિ આદિવાળા હાથીઓ છે, વાગ્મિત્વ= વાણીમાં સંયમ વગેરે ઘોડાઓ છે, દાક્ષિણ્યાદિ પદાતિઓ છે. જીવની ઉત્તમ પ્રકૃતિને બતાવનાર આ ગુણો છે. ।।૩૩૨।।

શ્લોક :-

चारित्रधर्मनामा च, राजते प्रतिनायकः ।
महानृपस्य संसारिजीवस्यातिहितावहः ।।३३३।।

શ્લોકાર્થ :-

અને સંસારી જીવરૂપ મહારાજાનો અતિહિતાવહ એવો ચારિત્રધર્મ નામનો પ્રતિનાયક શોભે છે. ।।૩૩૩।।

શ્લોક :-

मन्त्री तस्यास्ति सद्बोधः, सम्यक्त्वाख्यो महत्तमः ।
यतिधर्मस्तथा श्राद्धधर्मश्च तनयावुभौ ।।३३४।।

શ્લોકાર્થ :-

તેનો=ચારિત્રધર્મ રાજાનો, સદ્બોધ મંત્રી છે. સમ્યક્ત્વ નામનો મહત્તમ છે. યતિધર્મ અને શ્રાદ્ધધર્મ બે પુત્રો છે. ।।૩૩૪।।

શ્લોક :-

सन्तोषस्तन्त्रपालश्च, सुभावाद्या महाभटाः ।
संसारिजीवसौराज्यं, शक्तो वक्तुं विशिष्य कः ? ।।३३५।।

શ્લોકાર્થ :-

સંતોષ એ તંત્રપાલ છે=જીવના અંતરંગ રાજ્યને સુરક્ષિત કરનાર અનિચ્છાના પરિણામરૂપ સંતોષ છે અને સુભાવાદિ મહાભટો છે. જીવ જ્યારે સુંદર ભાવનાઓથી આત્માને ભાવિત કરે છે ત્યારે તે ભાવનાઓ મોહનાશમાં સમર્થ બને તેવા સુભટો છે. સંસારી જીવના સૌરાજ્યને વિશેષ કરીને કહેવા માટે કોણ સમર્થ છે ? ।।૩૩૫।।

શ્લોક :-

भूमिस्तत्र महाराज्ये, चित्तवृत्तिमहाटवी ।
पुराणि शुभ्रचित्तादीन्यस्यां राजन्ति कोटिशः ।।३३६।।

શ્લોકાર્થ :-

તે મહારાજ્યમાં ચિત્તવૃત્તિ મહાટવી ભૂમિ છે, એમાં=ચિત્તવૃત્તિ મહાટવીમાં, ક્રોડો શુભ્રચિત્તાદિ નગરો શોભે છે. ॥૩૩૬॥

શ્લોક :-

तस्यां तद्राज्यभुक्तौ च, कषायाभिधलूषकाः ।
घातिकर्माख्यचरटा, भ्रमन्तीन्द्रियतस्कराः ।।३३७।।

શ્લોકાર્થ :-

તેમાં=ચિત્તવૃત્તિ મહાટવીમાં અને તે રાજ્યની ભુક્તિમાં, કષાય નામના લુંટારાઓ, ઘાતિકર્મ નામના ચોરટાઓ અને ઈન્દ્રિય નામના ચોરો ભમે છે. ॥૩૩૭॥

શ્લોક :-

नोकषायाख्यलुण्टाका उपसर्गपरीषहाः ।
भुजङ्गा विलसन्त्युच्चैः, प्रमादाः षिड्गसन्निभाः ।।३३८।।

શ્લોકાર્થ :-

નોકષાય નામના લુંટારાઓ, ઉપસર્ગ અને પરિષહો રૂપ સર્પો, નપુંસક જેવા પ્રમાદો અત્યંત વિલાસ કરે છે. ॥૩૩૮॥

શ્લોક :-

तेषां द्वौ भ्रातरौ सर्वप्रधानौ परिकीर्तितौ ।
आद्यः कर्मपरिणामो, महामोहो द्वितीयकः ।।३३९।।

શ્લોકાર્થ :-

તેઓના=બે ભાઈઓ સર્વપ્રધાન કહેવાયા છે. પહેલો ભાઈ કર્મપરિણામ છે અને બીજો મહામોહ છે. ॥૩૩૯॥

શ્લોક :-

दर्पिष्ठौ तौ च मन्येते, भूरियं नः परेऽत्र के ।
कोऽयं संसारिजीवोऽस्ति, को वा चारित्रधर्मकः ।।३४०।।

શ્લોકાર્થ :-

દર્પિષ્ઠ એવા તે બંને ભાઈઓ માને છે – આ ભૂમિ=ચિત્તરૂપી અટવી, અમારી છે. અહીં=ચિત્તરૂપી અટવીમાં, બીજા કોણ=અમારા સિવાય અન્ય કોઈ માલિક નથી, આ સંસારી જીવ કોણ છે અથવા ચારિત્રધર્મ કોણ છે. ।।૩૪૦।।

શ્લોક :-

स कर्मपरिणामाख्यस्ततः सिद्धो महानृपः ।
रजस्तमोमुखान्येष नगराणि न्यवेशयत् ।।३४१।।

શ્લોકાર્થ :-

તેથી=કર્મપરિણામ અને મહામોહ આ રાજ્ય અમારું છે તેમ માને છે તેથી, તે કર્મપરિણામ નામનો મહારાજા સિદ્ધ છે, આણે=કર્મપરિણામ રાજાએ, રજસ્, તમસ્ વગેરે નગરોનો નિવેશ કર્યો. ।।૩૪૧।।

શ્લોક :-

अस्थापयन्महामोहं, पल्लिप्रायेषु तेषु सः ।
तस्य सर्वं बलं दत्त्वा, स्वयं पश्यति नाटकम् ।।३४२।।

શ્લોકાર્થ :-

પલ્લિપ્રાય એવાં તે નગરોમાં તેણે=કર્મપરિણામ રાજાએ, મહામોહને સ્થાપન કર્યો. તેને=મહામોહને, સર્વ સૈન્ય આપીને, સ્વયં નાટક જુએ છે. ।।૩૪૨।।

શ્લોક :-

परं संसारिजीवस्य, शक्तिमाकलयन्निव ।
चारित्रधर्मराजादिबलं पश्यन्निवातुलम् ।।३४३।।

तत्साम्राज्येऽपि नात्यन्तं, निरपेक्षोऽवतिष्ठते ।
प्रणयं दर्शयत्येषां, कुरुते चानुवर्तनम् ।।३४४।।

શ્લોકાર્થ :-

પરંતુ સંસારી જીવની શક્તિને જાણે જાણતો, અતુલ એવા ચારિત્રધર્મ રાજા આદિના બળને જાણે જોતો, તેનું સામ્રાજ્ય હોવા છતાં પણ= કર્મપરિણામ રાજાનું ચિત્તરૂપી અટવી આદિ ઉપર સામ્રાજ્ય હોવા છતાં પણ, અત્યંત નિરપેક્ષ રહેતો નથી=કર્મપરિણામ રાજા સંસારી જીવના બળને અને ચારિત્રના બળને જાણતો હોવાને કારણે અત્યંત નિરપેક્ષ રહેતો નથી, આમને=સંસારી જીવ વગેરેને, પ્રીતિ બતાવે છે અને અનુવર્તન કરે છે.

સંસારી જીવ તત્ત્વને અભિમુખ થાય છે, ત્યારે કંઈક મિથ્યાત્વની મંદતાવાળો થાય કે અનંતાનુબંધી આદિના ક્ષયોપશમવાળો થાય છે, તે વખતે કર્મપરિણામ રાજા જીવને પ્રીતિ બતાવે છે, ચારિત્રધર્મને અનુકૂળ વર્તે છે. તેથી જીવને સંસારમાં પુણ્યના ઉદયકૃત અનુકૂળતાઓ કરે છે અને કષાયોની અલ્પતા થવાને કારણે ચારિત્રની વૃદ્ધિ કરે છે. **||૩૪૩-૩૪૪||**

શ્લોક :-

ततश्चारित्रधर्माद्यैर्मध्यस्थोऽयमिति श्रितः ।
जातः संसारिजीवस्य, प्रष्टव्यः स्वप्रयोजने ।।३४५।।

શ્લોકાર્થ :-

તેથી=કર્મપરિણામ રાજા ચારિત્રધર્માદિને અનુવર્તન કરે છે તેથી, મધ્યસ્થ આ છે=કર્મપરિણામ છે, એ પ્રમાણે ચારિત્રધર્માદિ વડે સ્વીકારાયો છે. સ્વપ્રયોજનમાં=કર્મપરિણામ રાજાને પોતાના પ્રયોજનમાં, સંસારી જીવને પૂછવા યોગ્ય થયો.

ચારિત્રધર્માદિ રાજાઓ મોહને શત્રુરૂપે જુએ છે. મધ્યસ્થરૂપે જોતા નથી, પરંતુ કર્મપરિણામ રાજાને મધ્યસ્થ જુએ છે; કેમ કે ક્ષયોપશમભાવવાળાં કર્મો હોય છે, ત્યારે તે કર્મો ચારિત્રનો પક્ષપાત કરે છે અને ઔદયિકભાવવાળાં કર્મો

હોય છે, ત્યારે મોહનો પક્ષપાત કરે છે. વળી, કર્મપરિણામ રાજાને પોતાનું કાર્ય કરવું હોય ત્યારે સંસારી જીવનું મુખ જુએ છે. આથી સંસારી જીવ આત્મહિતને અભિમુખ હોય છે, ત્યારે તે પ્રમાણે જ કર્મપરિણામ વર્તન કરે છે અને જ્યારે સંસારી જીવ મોહને અભિમુખ હોય છે, ત્યારે તે પ્રમાણે કર્મપરિણામ વર્તન કરે છે. **॥૩૪૫॥**

શ્લોક :-

तृणवन्मन्यते सर्वं, महामोहस्तु दोर्मदात् ।
बलं चारित्रधर्मादेः, सर्वंकषपराक्रमः ।।३४६।।

શ્લોકાર્થ :-

વળી, ચારિત્રધર્માદિના સૈન્યને સંપૂર્ણ નાશ કરવાના પરાક્રમવાળો મહામોહ ભુજાના મદથી સર્વને તૃણની જેમ માને છે.

મહામોહ જીવના અજ્ઞાન સ્વરૂપ પરિણામ છે અને તે ચારિત્રધર્માદિના સૈન્યનો સંપૂર્ણ નાશ કરવાના પરાક્રમવાળો છે. આથી જ અનાદિકાળથી મહામોહને વશ ચારિત્ર રાજાનું સૈન્ય મૃતપ્રાયઃ વર્તે છે અને મહામોહ પોતાના ભુજાના બળથી કોઈને ગણકારતો નથી. તેથી ક્યારેય ચારિત્રધર્માદિના બળનો પક્ષ કરતો નથી. **॥૩૪૬॥**

શ્લોક :-

संसारिजीवो नो वेत्ति, यावत् स्वां राज्यसम्पदम् ।
तावत् तद्राज्यभुक्तिं स, स्वीकृत्य हृदि माद्यति ।।३४७।।

શ્લોકાર્થ :-

જ્યાં સુધી સંસારી જીવ પોતાની રાજ્યની સંપદાને જાણતો નથી, ત્યાં સુધી તે=મહામોહ, તેના રાજ્યની ભુક્તિને સ્વીકારીને=સંસારી જીવના રાજ્યના વૈભવને સ્વીકારીને, હૃદયમાં મદ કરે છે.

જ્યાં સુધી સંસારી જીવ ક્ષયોપશમભાવને પામતો નથી, ત્યાં સુધી મહામોહનું એકછત્ર સામ્રાજ્ય હોવાથી તે જીવમાં મહામોહનો પરિણામ તીવ્ર ભાવે વર્તે છે. **॥૩૪૭॥**

શ્લોક :-

यदा संसारिजीवस्तां, पश्यति स्वीयसम्पदम् ।
स्वशत्रुणा तदा सार्द्धं, महामोहेन युध्यति ।।३४८।।

શ્લોકાર્થ :-

જ્યારે સંસારી જીવ પોતાની તે સંપદાને જુએ છે, ત્યારે પોતાના શત્રુ એવા મહામોહની સાથે યુદ્ધ કરે છે.

સંસારી જીવ સર્વ ઉદ્યમથી જિનવચનનાં સૂક્ષ્મ સૂક્ષ્મતર રહસ્યોને જાણીને ગાઢ અજ્ઞાનરૂપ મહામોહને નાશ કરવા યત્ન કરે છે. **॥૩૪૮॥**

શ્લોક :-

जायेते चानयोर्युद्धे, मिथो जयपराजयौ ।
पराजयमितं दुःखं, सुखं च जयसंमितम् ।।३४९।।

શ્લોકાર્થ :-

આ બેના યુદ્ધમાં=સંસારી જીવ અને મહામોહના યુદ્ધમાં, પરસ્પર જય-પરાજય થાય છે. પરાજયથી મિત=નિર્માણ કરાયેલું, દુઃખ છે, જયથી સંમિત=સમ્યગ્ નિર્માણ કરાયેલું સુખ છે.

જીવ મહામોહની સાથે યુદ્ધ કરે છે, છતાં પ્રમાદવાળો હોય ત્યારે પરાજય પામીને દુઃખને પ્રાપ્ત કરે છે=કષાયોના ક્લેશને અને દુર્ગતિઓના ક્લેશોને પામે છે અને અપ્રમાદભાવથી યત્ન કરીને મહામોહનો જય કરે છે. તેનાથી ક્લેશોની અલ્પતા, સદ્ગતિઓની પરંપરા ઇત્યાદિ સુખોની પ્રાપ્તિ થાય છે. **॥૩૪૯॥**

શ્લોક :-

संसारिजीवः प्राप्नोति, युद्धाभ्यासाद् यदाऽतुलम् ।
वीर्यं तदा निजं राज्यं, गृह्णाति हतशात्रवः ।।३५०।।

શ્લોકાર્થ :-

સંસારી જીવ જ્યારે યુદ્ધના અભ્યાસથી અતુલ વીર્યને પ્રાપ્ત કરે છે, ત્યારે હણાયેલા શત્રુવાળો પોતાના રાજ્યને ગ્રહણ કરે છે.

સંસારી જીવ મહામોહને શત્રુરૂપે જાણ્યા પછી તેનો નાશ કરવા અર્થે સત્ શાસ્ત્રોનું શ્રવણ કરે છે, મનન કરે છે, નિદિધ્યાસન કરે છે. જેના બળથી સર્વજ્ઞના વચનનો સ્પર્શાત્મક બોધ થાય છે. તે મહામોહની સામે યુદ્ધના અભ્યાસ સ્વરૂપ છે, જેનાથી સંચિત વીર્યવાળો થયેલો જીવ મહામોહનો નાશ કરીને પોતાનું રાજ્ય પ્રાપ્ત કરે છે. **||૩૫૦||**

શ્લોક :-

ततस्तस्योन्मनीभावसमाधिध्वस्तपाप्मनः ।

नित्यं विज्ञानमानन्दं, ब्रह्मज्योतिः प्रकाशते ।।३५१।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=શત્રુનો નાશ કરીને પોતાનું રાજ્ય પ્રાપ્ત કરે છે ત્યારપછી, ઉન્મનીભાવની સમાધિથી ધ્વસ્ત થયેલા પાપવાળા તેને નિત્ય, વિજ્ઞાન, આનંદ સ્વરૂપ બ્રહ્મજ્યોતિ પ્રકાશમાન થાય છે.

જ્યારે સંસારી જીવ પોતાનું રાજ્ય ક્ષયોપશમભાવવાળું ગ્રહણ કરે છે, ત્યારે તે રાજ્ય ઉપર મોહરૂપી ચોરટાઓનું અસ્તિત્વ નથી, પરંતુ એ ચોરટાઓ ચારિત્રધર્મના સૈન્યના બળને જોઈને ચિત્તરૂપી અટવીમાં ક્યાંક ગુહ્યસ્થાનોમાં છુપાઈને રહે છે. તે વખતે સંસારી જીવ અભ્યાસના બળથી ઇન્દ્રિયોના ઉન્મનીભાવની સમાધિને પ્રાપ્ત કરે છે=વિષયોના સંસર્ગમાં પણ વિષયો ન સ્પર્શે તેવી ચિત્તની સ્વસ્થતા રૂપ સમાધિને પામે છે. તેનાથી તે પાપી શત્રુઓનો નાશ કરે છે, તેના કારણે હંમેશાં જ્ઞાનના આનંદરૂપ બ્રહ્મજ્યોતિ પ્રકાશમાન થાય છે. **||૩૫૧||**

શ્લોક :-

सामान्यराज्यसामग्री कारणं सुखदुःखयोः ।

पालनापालनाज्जाता, सेयमेकाऽपि तत्त्वतः ।।३५२।।

શ્લોકાર્થ :-

તત્ત્વથી તે આ એક પણ સામાન્ય રાજ્યની સામગ્રી પાલન-અપાલનથી સુખ-દુ:ખનું કારણ થઈ.

જીવની પોતાની અંતરંગ ગુણસંપદારૂપ રાજ્યની સામગ્રી છે અને તેનું જીવ સમ્યક્ પાલન કરે તો તે સામગ્રી સુખનું કારણ બને છે; કેમ કે તત્કાલ ઉપશમનું સુખ મળે છે, પુણ્યબંધને કારણે સદ્ગતિઓની પરંપરાનું સુખ મળે છે અને તે અંતરંગ ગુણસંપત્તિનું સમ્યક્ પાલન જીવ ન કરે તો ચોરટાઓ તેનું આધિપત્ય લઈને જીવની વિડંબના કરે છે. જેથી જીવ દુઃખી થાય છે. ક્લિષ્ટ કર્મો બાંધીને દુર્ગતિઓનાં ફળોને પ્રાપ્ત કરે છે. **॥૩૫૨॥**

શ્લોક :-

विशेषतस्त्वनेकत्वं, राज्यस्येत्थं विभावय ।
यः कर्मपरिणामाख्यो, भूपतिः कीर्तितः पुरा ।।३५३।।

શ્લોકાર્થ :-

વિશેષથી વળી રાજ્યનું આ રીતે=આગળમાં કહે છે એ રીતે, અનેકપણું વિભાવન કરો, પૂર્વમાં જે કર્મપરિણામ નામનો રાજા કહેવાયો. ॥૩૫૩॥

શ્લોક :-

सूनवस्तस्य चानन्तास्तेभ्यो दत्तमनेकताम् ।
इदमेव महाराज्यं, याति पात्रविशेषतः ।।३५४।।

શ્લોકાર્થ :-

અને તેના=કર્મપરિણામ રાજાના અનંતા પુત્રો છે, તેઓને અપાયેલું આ જ મહારાજ્ય પાત્રવિશેષથી અનેકતાને પામે છે.

જે અંતરંગ રાજ્યના સ્વામી અનંતા જીવો છે, તેઓનું રાજ્ય તે તે જીવના કર્મપરિણામ રાજાએ તે તે જીવોને તે તે રાજ્ય આપ્યું છે. તેથી તે રાજ્ય વિશેષથી અનેક ભેદવાળું છે. **॥૩૫૪॥**

શ્લોક :-

केषाञ्चिद् दुःखहेतुस्तत्, केषाञ्चित् सुखकारणम् ।
इत्थं हि भोक्तृभेदेन, भोज्यं राज्यं विभिद्यते ।।३५५।।

શ્લોકાર્થ :-

તે=અનેક ભેદવાળું મહારાજ્ય, કેટલાકને દુઃખહેતુ છે, કેટલાકને સુખનું કારણ છે. આ રીતે ભોક્તાના ભેદથી ભોજ્ય એવું રાજ્ય વિભેદને પામે છે.

સંસારી જીવોનું મહારાજ્ય છે, છતાં તેમાંથી કેટલાક જીવોનાં ક્લિષ્ટકર્મો વર્તે છે, તેથી જે જે પ્રકારનાં તેઓનાં ક્લિષ્ટકર્મો છે, તે તે પ્રમાણે તેઓનું તે રાજ્ય દુઃખનો હેતુ બને છે. વળી, કેટલાક જીવોનાં કર્મો અક્લિષ્ટતા આપાદક હોય છે. તેથી જે જે પ્રકારનો અક્લિષ્ટભાવ જે જે જીવને પ્રાપ્ત થાય છે, તે પ્રમાણે તે તે જીવને તે રાજ્ય સુખનું કારણ થાય છે. આ રીતે ભોક્તા એવા જીવોના ભેદથી તે રાજ્ય અનેક ભેદોને પ્રાપ્ત કરે છે. **॥૩૫૫॥**

શ્લોક :-

अप्रबुद्धोऽवदत् कर्मपरिणामसुतेष्वथ ।
कुर्वत्सु तेषु तद्राज्यं, किमभूत् कस्य संदिश ।।३५६।।

શ્લોકાર્થ :-

હવે, અપ્રબુદ્ધે કહ્યું, તે રાજ્યને કરતા તે કર્મપરિણામના પુત્રો હોતે છતે કોને શું થયું ? તે કહો. ॥૩૫૬॥

શ્લોક :-

सिद्धान्तः प्राह तेऽनन्ताः, कियतां वक्तुमीश्महे ।
वृत्तान्तं तदतो विद्धि, तद्भावं व्यक्तिसंग्रहात् ।।३५७।।

શ્લોકાર્થ :-

સિદ્ધાંત કહે છે તે અનંતા છે, કેટલાને કહેવા માટે અમે સમર્થ થઈએ ? તે કારણથી આનાથી=આગળમાં કહેવાય છે એનાથી, વ્યક્તિના સંગ્રહને કારણે તદ્ભાવવાળા વૃત્તાંતને તું જાણ. ॥૩૫૭॥

શ્લોક :-

षट् पुत्रास्तस्य विद्यन्ते, निकृष्टश्चाधमस्तथा ।
विमध्यमो मध्यमधीरुत्तमश्चोत्तमोत्तमः ।।३५८।।

શ્લોકાર્થ :-

તેના=કર્મપરિણામ રાજાના, છ પુત્રો વિધમાન છે. નિકૃષ્ટ=અધમાધમ, અધમ, વિમધ્યમ, મધ્યમબુદ્ધિવાળો, ઉત્તમ અને ઉત્તમોત્તમ. ।।૩૫૮।।

શ્લોક :-

राज्यानि द्रष्टुमेतेषां, वितर्कोऽनुचरस्त्वया ।
प्रेष्यः षट्स्वपि राज्येषु, सर्वोऽर्थो बुध्यते यथा ।।३५९।।

શ્લોકાર્થ :-

આમના રાજ્યોને જોવા માટે=છ પુત્રોના રાજ્યને જોવા માટે, તારા વડે=અપ્રબુદ્ધ વડે, વિતર્ક નામનો અનુચર મોકલવો જોઈએ. જે રીતે છએ પણ રાજ્યવિષયક સર્વ અર્થનો બોધ થાય.

સિદ્ધાંત હવે પછી કર્મપરિણામ રાજાના છ વિભાગમાં વિભક્ત પુત્રોના રાજ્યનું વર્ણન કરશે. તેને જાણવા માટે અપ્રબુદ્ધે પોતાની વિતર્ક શક્તિનો પ્રયોગ કરવો જોઈએ. જેથી તે રાજ્યના વાસ્તવિક સ્વરૂપનો બોધ થાય. **।।૩૫૯।।**

શ્લોક :-

प्रजिघायाप्रबुद्धोऽथ, प्रमाणीकृत्य तद्वचः ।
वितर्कं स समायातो, वर्षषट्केऽतिलङ्घिते ।।३६०।।

શ્લોકાર્થ :-

હવે, તેમના વચનને=સિદ્ધાંતના વચનને, પ્રમાણ કરીને, અપ્રબુદ્ધે વિતર્કને મોકલ્યો. અતિલંઘિત છ વર્ષ હોતે છતે તે=વિતર્ક આવ્યો.

અપ્રબુદ્ધ તત્ત્વના જિજ્ઞાસુ છે. સિદ્ધાંત તત્ત્વના જાણકાર છે. તેથી સિદ્ધાંતના વચનને સ્વીકારીને અપ્રબુદ્ધ સંસારી જીવોના રાજ્યપાલનના સ્વરૂપને જાણવા અર્થે સિદ્ધાંતના વચનાનુસાર વિતર્કની પ્રવૃત્તિ કરે છે=માનસ ઊહ કરે છે.

જેનાથી છ વર્ષે તે સર્વનો બોધ થાય છે અને તે વિતર્ક બોધ કરીને સંસારી જીવોના રાજ્યપાલનનું સ્વરૂપ બતાવે છે. ॥૩૬૦॥

શ્લોક :-

प्रोवाच सोऽन्तरङ्गायां, राज्यभुक्तावहं गतः ।

उद्घोष्यमाणः पटहः, श्रुतस्तत्र पुरादिषु ।।३६१।।

શ્લોકાર્થ :-

તે=વિતર્ક, બોલ્યો. અંતરંગ રાજ્યોમાં હું ગયો. ત્યાં=અંતરંગ રાજ્યમાં ઉદ્ઘોષણા કરાતો પટહ પુરાદિમાં સંભળાયો=અંતરંગ રાજ્યમાં વર્તતા પુરાદિમાં સંભળાયો. ॥૩૬૧॥

શ્લોક :-

निकृष्टो वर्तते राजा, सुखं पिबत खादत ।

यथेष्टं स्वस्वकृत्यानि, जनाः ! कुरुत निर्भयाः ।।३६२।।

શ્લોકાર્થ :-

નિકૃષ્ટ રાજા વર્તે છે. સુખે પીઓ, ખાઓ. હે લોકો ! નિર્ભય યથાઈષ્ટ સ્વસ્વકૃત્યોને કરો.

નિકૃષ્ટ માનસવાળા અધમાધમ જીવો માત્ર પોતાની ઇચ્છાનુસાર સર્વ પાપો કરનારા હોય છે અને તે પોતાના અંતરંગ રાજ્યના સ્વામી હોય ત્યારે તે કષાયોરૂપ ચોરોને કઈ રીતે પોતાના રાજ્યમાં સ્થાન આપે છે તે બતાવેલ છે. ॥૩૬૨॥

શ્લોક :-

तां श्रुत्वा घोषणां क्षोभं, राजाद्याः समुपागताः ।

मन्त्रयन्ति च कीदृक्षो, दत्तो भूपतिरेष नः ।।३६३।।

શ્લોકાર્થ :-

તે ઘોષણાને સાંભળીને ક્ષોભને પામેલા રાજાદિ મંત્રણા કરે છે. કેવા પ્રકારનો આ રાજા આપણને અપાયો.

સુખે ખાઓ, પીઓ, એ પ્રકારના વિચારો સાંભળીને ચિત્તવૃત્તિમાં વર્તતા મોહના પરિણામરૂપ રાજાઓ વિચાર કરે છે કે આ જીવરૂપ રાજા આપણને અપાયો છે, તે કેવો છે. **॥૩૬૩॥**

શ્લોક :-

ततो जगौ महामोहं, सचिवो निर्निमित्तकः ।
क्षोभोऽयमागतो भाग्यादस्माकं हीदृशः प्रभुः ।।३६४।।

શ્લોકાર્થ :-

તેથી=તે રાજાઓ મંત્રણા કરે છે તેથી, સચિવ મહામોહને બોલ્યો. આ ક્ષોભ નિર્નિમિત્તક આવ્યો છે. हि=જે કારણથી, ભાગ્યને કારણે આપણને આવો સ્વામી મળ્યો છે.

ઘોષણા સાંભળીને મહામોહના સૈન્યમાં ચિંતા થઈ કે આ સ્વામી આપણને અનુકૂળ છે કે નહિ, તેથી મંત્રણા કરવા બેઠા અને મહામોહના મંત્રીએ મહામોહને કહ્યું. આ સ્વામીને પામીને આપણે ક્ષોભ પામીએ છીએ તે નિર્હેતુક છે; કેમ કે આપણું ભાગ્ય સુંદર છે. જેથી આપણું પાલન કરે તેવો જ સ્વામી આપણને મળ્યો છે; કેમ કે અધમાધમ જીવો મહામોહના ચોરટાઓને જ પાલન કરે તેવા હોય છે. **॥૩૬૪॥**

શ્લોક :-

यो न नः पीडने शक्तो, योऽस्मन्निर्देशकारकः ।
अस्मत्पदातिवर्गेऽपि, भृत्यवद् यो भविष्यति ।।३६५।।
यः कर्मपरिणामेन, कुरूपो दुर्भगः कृतः ।
क्रूरो लोकद्वयभ्रष्टश्चतुर्वर्गार्थवर्जितः ।।३६६।।
दीनो देवगुरुद्वेषी, दोषाणामेकमास्पदम् ।
निर्गुणः शक्तिशून्यात्मा, सोऽस्माकं किं करिष्यति ? ।।३६७।।

શ્લોકાર્થ :-

જે=જે નિકૃષ્ટ રાજા, આપણને=મહામોહ આદિને, પીડનમાં સમર્થ

નથી, જે=જે નિકૃષ્ટ રાજા, આપણા નિર્દેશને કરનારો છે. આપણા પદાતિવર્ગમાં પણ=મહામોહાદિના સેવકવર્ગમાં પણ, નોકરની જેમ જે રાજા થશે, જે કર્મપરિણામ રાજા વડે કુરૂપ, દુર્ભગ, ક્રૂર, લોકદ્વયભ્રષ્ટ, ચતુર્વર્ગ અર્થથી વર્જિત=ચારે પ્રકારના પુરુષાર્થથી વર્જિત, કરાયો. દીન, દેવગુરુનો દ્વેષી, દોષોનું એક સ્થાન, નિર્ગુણ, શક્તિશૂન્ય સ્વરૂપવાળો કરાયો. એમ શ્લોક-૩૬૬ સાથે સંબંધ છે, તે આપણને શું કરશે ?=તે મહામોહાદિને કોઈ અનર્થ કરશે નહિ.

મહામોહનો મંત્રી કહે છે, જે અધમાધમ જીવો હોય છે તે આ ત્રણ શ્લોકમાં બતાવ્યા તેવા સ્વરૂપવાળા હોય છે અને તેઓનાં ક્લિષ્ટકર્મો તેઓને ખરાબ બનાવે છે. જેથી આ લોકમાં પણ તેઓ દુઃખી હોય છે અને પરલોકમાં પણ તેઓ દુઃખી થનારા હોય છે અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેય પુરુષાર્થને અનુકૂળ કોઈ યત્ન કરનારા નથી, પરંતુ કેવલ ક્લેશમય તેઓનું જીવન હોય છે. **॥૩૬૫થી ૩૬૭॥**

શ્લોક :-

तपस्वी नैष जानीते, स्वराज्यबलसम्पदम् ।
स्वरूपमपि भावेन, नाप्यस्मान् राज्यहारकान् ।।३६८।।

શ્લોકાર્થ :-

આ તપસ્વી=નિકૃષ્ટ એવો દુઃખી રાજા, સ્વરાજ્યના બળની સંપત્તિને, ભાવથી સ્વરૂપને પણ=પોતાના સ્વરૂપને પણ, જાણતો નથી. વળી, રાજ્યહારક એવા આપણને જાણતો નથી.

મહામોહાદિ ચોરટાઓ તે જીવના રાજ્યને હરણ કરનારા છે, તે સ્વરૂપે તે જીવ મહામોહાદિને જાણતો નથી. પોતાના સ્વરૂપને જાણતો નથી. પોતાના પરમ સુખનું કારણ અંતરંગ રાજ્યનું બળ છે તેને જાણતો નથી. **॥૩૬૮॥**

શ્લોક :-

मन्यते बन्धुभूतान् नस्तदस्मिन् हर्षकारणे ।
महावर्द्धनकं कर्तुं, युज्यते जनतुष्टये ।।३६९।।

શ્લોકાર્થ :-

આપણને=મહામોહાદિને, બંધુભૂત માને છે તે કારણથી=આ રાજા આપણને બંધુભૂત માને છે તે કારણથી, આ હર્ષનું કારણ હોતે છતે જનચતુષ્ટયમાં મહાવર્ધનક કરવું જોઈએ. ॥૩૬૯॥

શ્લોક :-

अकारयद् वर्द्धनकं, महामोहोऽथ तद्गिरा ।
गायन्ति स्म च तद्भृत्या, विपुलानन्दपूरिताः ।।३७०।।

શ્લોકાર્થ :-

હવે તેની વાણીથી=મંત્રીની વાણીથી, મહામોહે મહોત્સવ કર્યો. વિપુલ આનંદથી પુરાયેલા તેમના ભૃત્યો=મહામોહના સેવકો, ગાવા લાગ્યા. ॥૩૭૦॥

શ્લોક :-

येनेदमीदृशं राज्यं, संप्राप्तं भूरिभूतिभृत् ।
अहो सोऽस्मदधीनोऽभूदिदं राज्यं हितं हि नः ।।३७१।।

શ્લોકાર્થ :-

જેના વડે=જે જીવ વડે, ઘણા વૈભવથી ભરાયેલું આવા પ્રકારનું આ રાજ્ય પ્રાપ્ત કરાયું. અહો, તે=તે રાજા, અમારે આધીન થયો. આ રાજ્ય આપણું હિત છે=મહામોહાદિનું હિત છે.

જીવનું અંતરંગ રાજ્ય ઘણા વૈભવથી યુક્ત છે અને જીવે તે રાજ્ય પ્રાપ્ત કર્યું છે અને તે મહામોહાદિને આધીન છે તેથી તે જીવમાં રહેલા મહામોહાદિ વિચારે છે આ રાજ્ય આપણું હિત છે; કેમ કે સુખપૂર્વક રાજ્યની સંપત્તિને લૂંટીને આપણે સુખી રહીશું. **॥૩૭૧॥**

શ્લોક :-

महोत्सवो ययौ स्फातिमेवं तन्नगरादिषु ।
मुदिता घातिचरटाः, प्रभविष्याम इत्यलम् ।।३७२।।

શ્લોકાર્થ :-

તેનાં નગરાદિમાં=મહામોહ આદિનાં નગરાદિમાં, આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, મહોત્સવ વૃદ્ધિને પામ્યો. ઘાતિરૂપી ચોરટાઓ અમે પ્રભવ પામશું=વૃદ્ધિ પામશું, એથી અત્યંત આનંદિત થયા. ||૩૭૨||

શ્લોક :-

हरिष्याम इति प्रीतिं, दधुरिन्द्रियतस्कराः ।
कषायलूषकाः स्फातिं, लूषयिष्याम इत्यधुः ।।३७३।।

શ્લોકાર્થ :-

ઇન્દ્રિયરૂપી ચોરોએ 'આપણે હરણ કરશું' એ પ્રકારની પ્રીતિને ધારણ કરી. કષાયરૂપી લુંટારાઓએ આપણે લૂંટશું એ પ્રકારની વૃદ્ધિને ધારણ કરી. ||૩૭૩||

શ્લોક :-

नोकषायाख्यलुण्टाका, उपसर्गपरीषहाः ।
भुजङ्गाश्च प्रमादाख्या, षिङ्गाश्च ननृतुस्तराम् ।।३७४।।

શ્લોકાર્થ :-

નોકષાય નામના લુંટારાઓ, ઉપસર્ગપરિષહોરૂપી સર્પો, પ્રમાદ નામના નપુંસકો અત્યંત નાચવા લાગ્યા.

નિકૃષ્ટ જીવમાં આ રીતે મહામોહનું સૈન્ય હર્ષથી પોતાના ભાવોની વૃદ્ધિ કરે છે. ||૩૭૪||

શ્લોક :-

चारित्रधर्मसैन्ये च, श्रुत्वा तां राज्यघोषणाम् ।
राज्ञां क्षोभो महान् जातः, सद्बोधश्चाब्रवीत् तदा ।।३७५।।

શ્લોકાર્થ :-

તે રાજ્યઘોષણાને સાંભળીને=નિકૃષ્ટને રાજ્ય મળ્યું તે ઘોષણાને

સાંભળીને, ચારિત્રધર્મ સૈન્યમાં રાજાઓને મહાન ક્ષોભ થયો. ત્યારે સદ્‌બોધ બોલ્યો. ॥૩૭૫॥

શ્લોક :-

देव ! राजा निकृष्टोऽयं, राज्यनामापि वेत्ति न ।
द्विषां नः पक्षपात्येष, संवित्ते जातु नैव न ॥३७६॥

શ્લોકાર્થ :-

હે દેવ !=ચારિત્રધર્મ રાજા ! આ નિકૃષ્ટ રાજા રાજ્યના નામને પણ જાણતો નથી. આપણા શત્રુઓનો પક્ષપાતી એવો આ=નિકૃષ્ટ રાજા, આપણને સંવેદન કરતો નથી જ=આપણા અસ્તિત્વને સ્વીકારતો નથી જ. ॥૩૭૬॥

શ્લોક :-

महामोहादिभिस्तावदेकं वित्रासिता वयम् ।
द्वितीयमीदृशः स्वामी, दैवो दुर्बलघातकः ॥३७७॥

શ્લોકાર્થ :-

મહામોહાદિથી ત્રાસ પમાડાયેલા આપણે છીએ. બીજો આવો સ્વામી છે. દૈવ=ભાગ્ય, દુર્બલનો ઘાતક છે.

ચારિત્રધર્મનું સૈન્ય અત્યંત દુર્બલ છે. આથી જ નિકૃષ્ટ જીવમાં વર્તતા મહામોહાદિ ચારિત્રધર્મને અત્યંત પીડિત કરે છે. વળી, તે નિકૃષ્ટ જીવને રાજ્યની પ્રાપ્તિ થઈ, તેથી ચારિત્રધર્મનું સૈન્ય અધિક વિનાશ પામશે એમ સદ્‌બોધ મંત્રી કહે છે. **॥૩૭૭॥**

શ્લોક :-

उपप्लवाय तदसौ, धूमकेतुर्न उत्थितः ।
इदं मन्त्रिवचः श्रुत्वा, भीताः सर्वे नरेश्वराः ॥३७८॥

શ્લોકાર્થ :-

તે કારણથી=નિકૃષ્ટને રાજ્ય મળ્યું છે તે કારણથી, આ આપણને ઉપપ્લવ માટે ધૂમકેતુ ઊઠેલો છે. આ મંત્રીનું વચન સાંભળીને સર્વ રાજાઓ ભય પામ્યા=ચારિત્રધર્મના રાજાઓ ભય પામ્યા. ॥૩૭૮॥

શ્લોક :-

श्रुत्वा निकृष्टराज्यं तत्, संजाता दीनविह्वलाः ।
लोकाः सात्त्विकचित्तादिनगरेषु च भूरिषु ।।३७९।।

શ્લોકાર્થ :-

તે નિકૃષ્ટ રાજ્યને સાંભળીને ઘણાં સાત્ત્વિકચિત્તાદિ નગરોમાં લોકો દીન, વિહ્વળ થયા. ॥૩૭૯॥

શ્લોક :-

महदन्तरमुद्वीक्ष्य, सैन्ययोरथ तादृशम् ।
विपुलानन्दशोकाभ्यां, जातं मे कौतुकं महत् ।।३८०।।

શ્લોકાર્થ :-

હવે બે સૈન્યનું=ચારિત્ર સૈન્ય અને મહામોહના સૈન્યનું, વિપુલ આનંદ અને શોક દ્વારા તેવા પ્રકારનું મોટું અંતર જોઈને=મોહના સૈન્યમાં વિપુલ આનંદ અને ચારિત્રના સૈન્યમાં વિપુલ શોકરૂપી તેવા પ્રકારનું મોટું અંતર જોઈને, મને=વિતર્કને મહાન કૌતુક થયું. ॥૩૮૦॥

શ્લોક :-

चिन्तितं च मया प्रेक्षे, निकृष्टोऽसौ क्व तिष्ठति ।
यद्वा द्रक्ष्यामि राजानं, राज्यार्थं तमिहागतम् ।।३८१।।

શ્લોકાર્થ :-

અને મારા વડે=વિતર્ક વડે, વિચારાયું. હું જોઉં. ક્યાં આ નિકૃષ્ટ રહે છે અથવા તે રાજ્ય માટે=અંતરંગ રાજ્યને માટે, અહીં આવેલા= મનુષ્યગતિ નગરીમાં આવેલા, રાજાને=નિકૃષ્ટને, હું જોઈશ. ॥૩૮૧॥

શ્લોક :-

तावत् तस्य स्वयं राज्यं, महामोहादितस्करैः ।
अधिष्ठितं ततस्तत्र, प्रवेष्टुं न शशाक सः ।।३८२।।

શ્લોકાર્થ :-

તેટલામાં=શ્લોક-૩૮૧માં કહ્યું એ પ્રમાણે વિતર્ક વડે વિચારાયું તેટલામાં, તેનું=નિકૃષ્ટનું રાજ્ય સ્વયં મહામોહાદિ તસ્કરો વડે અધિષ્ઠાન કરાયું. તેથી=તે રાજ્યમાં મહામોહાદિ તસ્કરો અધિષ્ઠાન થયા તેથી, ત્યાં=તે રાજ્યમાં, તે=નિકૃષ્ટ, પ્રવેશવા માટે સમર્થ થયો નહિ. ।।૩૮૨।।

શ્લોક :-

सैन्यं चारित्रधर्मस्य, जित्वा तत् तैर्वशीकृतम् ।
निकृष्टस्तु बहिस्तस्थौ, तैर्बाढं गलहस्तितः ।।३८३।।

શ્લોકાર્થ :-

ચારિત્રધર્મના તે સૈન્યને જીતીને તેઓ વડે=મહામોહાદિ ચોરટાઓ વડે, વશ કરાયું. વળી નિકૃષ્ટ બહાર રહ્યો=પોતાના રાજ્યથી બહાર રહ્યો. તેઓ વડે=મહામોહાદિ તસ્કરો વડે, ગળેથી પકડીને અત્યંત બહાર કઢાયો. ।।૩૮૩।।

શ્લોક :-

अहं जनेषु बाह्येषु, तं दिदृक्षुस्ततो गतः ।
राज्यभ्रष्टस्तत्र दृष्टो, निकृष्टो नृपतिर्मया ।।३८४।।

શ્લોકાર્થ :-

તેથી=નિકૃષ્ટને, જોવાની ઇચ્છાવાળો હું=વિતર્ક બાહ્યજનોમાં ગયો=અંતરંગ સામ્રાજ્યને છોડીને બહારની દુનિયામાં ગયો. ત્યાં=બાહ્ય લોકોમાં, મારા વડે=વિતર્ક વડે, નિકૃષ્ટ રાજા રાજ્યભ્રષ્ટ જોવાયો. ।।૩૮૪।।

શ્લોક :-

पापकर्मरतः क्रूरो, मत्सरी लोकनिन्दितः ।
पुरुषार्थपरिभ्रष्टो, मलक्लिन्नकलेवरः ।।३८५।।
तृणकाष्ठादि विक्रीय, स लेखानयनेन वा ।
करोति कर्मभिर्निन्द्यैर्दुष्पूरोदरपूरणम् ।।३८६।।

શ્લોકાર્થ :-

પાપકર્મમાં રત, ક્રૂર, મત્સરી, લોકથી નિંદાયેલો, પુરુષાર્થથી પરિભ્રષ્ટ=સર્વ પ્રકારના સુખના કારણીભૂત પુરુષાર્થથી રહિત, મલથી ક્લિન્ન શરીરવાળો, તૃણકાષ્ઠાદિને વેચીને અથવા લેખના આનયન વડે તે=નિકૃષ્ટ, નિંદ્ય એવાં કર્મોથી દુઃખેથી ઉદરપૂરણને કરે છે. ||૩૮૫-૩૮૬||

શ્લોક :-

ये केऽपि क्रूरकर्माणः, श्वपाकाद्याः सुदुःखिताः ।
तेषां रूपं भजत्येष, तथाऽप्याद्रियते द्विषः ।।३८७।।

શ્લોકાર્થ :-

જે કોઈ પણ ક્રૂર કર્મોવાળા, શ્વપાકાદિવાળા=ચાંડાલ આદિ, સુદુઃખિત છે, તેઓના રૂપને આ=નિકૃષ્ટ, ભજે છે તોપણ શત્રુઓને=મહામોહાદિને, આદર કરે છે. ||૩૮૭||

શ્લોક :-

महामोहाभिभूतेन, राज्यं दुष्पालितं त्वया ।
इति तस्मै नृपः कर्मपरिणामश्चकोप च ।।३८८।।

શ્લોકાર્થ :-

મહામોહથી અભિભૂત તારા વડે=નિકૃષ્ટ વડે, રાજ્ય દુષ્પાલન કરાયું. એ પ્રમાણે તેના ઉપર=નિકૃષ્ટ ઉપર, કર્મપરિણામ કોપ પામ્યો. ||૩૮૮||

શ્લોક :-

क्षिप्तो दुःखानि सहते, तेनासौ पापिपञ्जरे ।
इदमज्ञानजं तस्य, जातं दुःखकदम्बकम् ।।३८९।।

શ્લોકાર્થ :-

તેના વડે=કર્મપરિણામ રાજા વડે, પાપીપંજરમાં ફેંકાયેલો=નરકમાં મોકલાયેલો એવો આ=નિકૃષ્ટ દુઃખોને સહન કરે છે. અજ્ઞાનથી થનારો દુઃખનો આ સમૂહ તેને થયો. ॥૩૮૯॥

શ્લોક :-

राज्यं वर्षे द्वितीये भूदधमस्य तथाऽखिला ।
डिण्डिमोद्घोषणात् सैन्यद्वये वार्ता च पूर्ववत् ।।३९०।।

શ્લોકાર્થ :-

બીજા વર્ષે અધમને રાજ્ય પ્રાપ્ત થયું. તે પ્રમાણે=જે પ્રમાણે નિકૃષ્ટમાં થયેલ તે પ્રમાણે, ડિંડિમના ઉદ્‌ઘોષણથી બંને સૈન્યમાં અખિલ વાર્તા પૂર્વની જેમ થઈ.

બીજા વર્ષે અધમને રાજ્ય પ્રાપ્ત થયું ત્યારે જેમ નિકૃષ્ટના પ્રસંગમાં વર્ણન કર્યું, તે પ્રમાણે જ ડિંડિમની ઘોષણા થઈ અને તેના કારણે મહામોહ અને ચારિત્રના સૈન્યમાં નિકૃષ્ટની જેમ જ સર્વ વાર્તા થઈ. તેથી મહામોહનું સૈન્ય હર્ષ પામ્યું અને ચારિત્રનું સૈન્ય ખેદ પામ્યું. **॥૩૯૦॥**

શ્લોક :-

अवर्णयद् गुणांस्तस्य, महामोहाय मन्त्रिराट् ।
ईदृगेषोऽधमः कर्मपरिणामेन निर्मितः ।।३९१।।

શ્લોકાર્થ :-

મહામોહને મંત્રીએ તેના=અધમના, ગુણોનું વર્ણન કર્યું. આવા પ્રકારનો આ અધમ કર્મપરિણામ વડે નિર્માણ કરાયો છે. ॥૩૯૧॥

શ્લોક :-

अर्थकामकृतासङ्गो, विद्वेषी धर्ममोक्षयोः ।
परलोकानपेक्षश्च, तपःशीलविदूषकः ।।३९२।।
चारित्रधर्मसैन्यस्य, द्वेष्टाऽस्मद्बलभक्तिमान् ।
तदेतस्यापि यद् राज्यं, तदस्माकं न संशयः ।।३९३।।

શ્લોકાર્થ :-

અર્થ અને કામમાં કરાયેલા આસંગવાળો=આસક્તિવાળો, ધર્મ અને મોક્ષમાં દ્વેષવાળો, પરલોકની અપેક્ષા વગરનો, તપ અને શીલને વિશેષથી દૂષિત કરનારો, ચારિત્રધર્મના સૈન્યનો દ્વેષ કરનારો, અમારા બલમાં ભક્તિવાળો છે=મહામોહના સૈન્યમાં ભક્તિવાળો છે, તે કારણથી આનું પણ જે રાજ્ય છે તે અમારું છે, સંશય નથી. ||૩૯૨-૩૯૩||

શ્લોક :-

केवलं न प्रवेश्योऽसौ, भुक्तिदेशे यदत्र नः ।
प्रविष्टश्चेष्टितं विद्याद्, वीर्यमस्त्यस्य किंचन ।।३९४।।

શ્લોકાર્થ :-

કેવલ આ=અધમ, ભુક્તિ દેશમાં પ્રવેશ કરવા યોગ્ય નથી. જે કારણથી અહીં પ્રવેશેલ=પોતાના રાજ્યમાં પ્રવેશેલ, આપણું ચેષ્ટિત જાણશે. એ પ્રકારનું આનું=અધમનું, કાંઈક વીર્ય છે.

અધમ જીવો આ લોકના સુખપ્રધાન હોય છે. પરંતુ અધમાધમ જેવા તદ્દન અનુચિત પ્રવૃત્તિ કરનારા નથી. વળી કોઈક ઉપદેશાદિ સામગ્રીને પામીને કંઈક તત્ત્વને અભિમુખ થાય તો પોતાના રાજ્યમાં પ્રવેશ કરીને ઉત્તમ પણ થઈ શકે છે. તેથી મહામોહનો સચિવ કહે છે, કોઈ રીતે આને તત્ત્વને અભિમુખ સ્વરાજ્યમાં પ્રવેશ કરવા દેવો જોઈએ નહિ. અન્યથા સ્વરાજ્યમાં પ્રવેશ કરીને કષાયોની ક્લેશતાને આ જાણશે તો મોહના સૈન્યનો વિનાશ પણ કરશે; કેમ કે સુખનો પ્રિય આ જીવ છે અને યોગ્ય ઉપદેશથી ઉપશમના સુખનો બોધ થાય તો ચિલાતીપુત્રાદિની જેમ કષાયોના ઉપશમમાં પ્રયત્નવાળો થશે. **||૩૯૪||**

શ્લોક :-

बहिर्धर्तुं कथं शक्य इति प्रोक्ते च भूभुजा ।
मन्त्री प्राह विधेयोऽसौ, प्रतिबद्धोऽर्थकामयोः ।।३९५।।

શ્લોકાર્થ :-

બહાર=પોતાના ભુક્તિદેશથી બહાર, ધારણ કરવા માટે કેવી રીતે શક્ય છે ?=અધમને અંદર પ્રવેશ કરતાં અટકાવવો કેવી રીતે શક્ય છે; એ પ્રમાણે રાજા વડે કહેવાયે છતે મંત્રી કહે છે. અર્થ-કામમાં આ= અધમ, પ્રતિબદ્ધ કરાવો જોઈએ.

પૂર્વના શ્લોકમાં મંત્રીએ કહ્યું કે કેવળ અધમને પોતાના રાજ્યમાં પ્રવેશ કરવા દેવો જોઈએ નહિ. તેથી મોહરાજા પોતાના મંત્રીને પૂછે છે, કઈ રીતે આ અધમ અંદર પ્રવેશ કરતાં અટકાવી શકાય ? તેનો ઉપાય બતાવતાં મંત્રી કહે છે. આ અધમને અર્થ-કામમાં આસક્ત રાખવો જોઈએ, જેથી ધર્મશ્રવણને અભિમુખ થાય નહીં. **॥૩૯૫॥**

શ્લોક :-

इत्थं बहिर्धृतो ह्येष, नान्तर्जातु प्रवेक्ष्यति ।
तदाकर्ण्य महामोहस्तत्कार्ये नियुयोज तम् ।।३९६।।

શ્લોકાર્થ :-

આ રીતે=પૂર્વના શ્લોકમાં કહ્યું કે અધમને અર્થ-કામમાં પ્રતિબદ્ધ રાખવો જોઈએ એ રીતે, બહાર ધારણ કરાયેલો આ=અધમ અંદરમાં ક્યારેય પ્રવેશ કરશે નહીં, તે સાંભળીને=મંત્રીના તે વચનને સાંભળીને, મહામોહે તે કાર્યમાં=અધમને અંદર પ્રવેશ કરતાં અટકાવવાના કાર્યમાં, તેને=મંત્રીને, નિયોજિત કર્યો. ।।૩૯૬।।

શ્લોક :-

तस्यास्ति मन्त्रिणः पुत्री, दृष्टिः परमयोगिनी ।
सा प्राह तं करोम्येषा, वशगं नः प्रसादतः ।।३९७।।

શ્લોકાર્થ :-

તે મંત્રીને પરમયોગિની એવી દૃષ્ટિ નામની પુત્રી છે. તે=દૃષ્ટિ, તેને= મંત્રીને કહે છે. આ હું તમારા પ્રસાદથી વશને કરું છું=અધમ જીવને વશને કરું છું. ॥૩૯૭॥

શ્લોક :-

धनकामविहीनोऽपि, निकृष्टोऽधः कृतो मया ।
अधमस्य बहिष्कारे, तत्सक्तस्य न मे श्रमः ॥३९८॥

શ્લોકાર્થ :-

ધન-કામથી વિહીન પણ નિકૃષ્ટ મારા વડે=દૃષ્ટિ વડે, અધઃ કરાયો= હલકો કરાયો. તત્સક્ત=ધન અને કામમાં આસક્ત એવા અધમના બહિષ્કારમાં મને શ્રમ નથી.

મંત્રીની પુત્રી જીવમાં વર્તતી કુત્સિત દૃષ્ટિ છે. અને તે કહે છે કે નિકૃષ્ટ જીવ ધન-કામથી રહિત હતો અર્થાત્ વિવેક વગરનો હોવાથી અર્થ-કામ પુરુષાર્થથી પણ રહિત હતો, માત્ર અનુચિત પ્રવૃત્તિ કરનારો હતો. તે પણ મારા વડે હલકો બનાવ્યો. તેથી અર્થ-કામમાં આસક્ત એવા અધમને ધર્મથી વિમુખ રાખવામાં મને શ્રમ નથી. આથી જ કુત્સિત દૃષ્ટિ જીવને ધર્મને સન્મુખ થવા દેતી નથી. **॥૩૯૮॥**

શ્લોક :-

ततो योग्येत्यनुज्ञाता, मन्त्रिणा च महीभुजा ।
ययौ दृष्टिर्बहिष्कर्तुमधमं तं नरेश्वरम् ॥३९९॥

શ્લોકાર્થ :-

ત્યારપછી યોગ્ય છે=આ કાર્ય માટે દૃષ્ટિ યોગ્ય છે, એથી મંત્રી અને મહારાજા વડે અનુજ્ઞા અપાઈ. તે અધમ નરેશ્વરને બહાર કાઢવા માટે દૃષ્ટિ ગઈ. ॥૩૯૯॥

શ્લોક :-

सैन्यं चारित्रधर्मस्य, तत्प्रवृत्त्या प्रकम्पितम् ।
राज्येऽधमस्य संजाताः, शोकाक्रन्दादयस्तताः ।।४००।।

શ્લોકાર્થ :-

તેની પ્રવૃત્તિથી=દૃષ્ટિની પ્રવૃત્તિથી, ચારિત્રધર્મનું સૈન્ય પ્રકંપિત થયું. અધમના રાજ્યમાં શોક, આક્રંદ આદિ વિસ્તૃત થયાં.

દૃષ્ટિ આવીને અધમને રાજ્યમાં પ્રવેશ કરવા દેતી નથી. તેથી રાજ્યમાં વર્તતું ચારિત્રનું સૈન્ય પ્રકંપિત થયું; કેમ કે સ્વામીને રાજ્યમાં પ્રવેશ નથી, તેથી આપણું અસ્તિત્વ નથી તેમ ચારિત્રધર્મને જણાય છે. વળી, પોતાના રાજ્યના સ્વામી અધમ પોતાના રાજ્યમાં પ્રવેશ કરી શકતા નથી. તેથી નગરમાં વર્તતા ઉત્તમ મનુષ્યોરૂપ ઉત્તમ ગુણો શોક, આક્રંદ આદિ પરિણતિવાળા થયા. **॥૪૦૦॥**

શ્લોક :-

योगिन्यथ स्थिता गत्वा, नेत्रयोरधमस्य सा ।
तदावेशादसौ जातो, रूपालोकनलोलुपः ।।४०१।।

શ્લોકાર્થ :-

હવે યોગિની એવી તે=દૃષ્ટિ, અધમના નેત્રમાં જઈને રહી. તેના આવેશથી=દૃષ્ટિના આવેશથી, આ=અધમ, રૂપના આલોકનમાં લોલુપ થયો.

દૃષ્ટિ જીવની કોઈક ઇન્દ્રિયમાં જઈને તેને તે ઇન્દ્રિયમાં આસક્ત કરે છે, જેથી તે તત્ત્વને અભિમુખ થાય નહિ. તેથી પ્રસ્તુતમાં અધમના ચક્ષુમાં દૃષ્ટિ જઈને રહે છે. તે દૃષ્ટિના આવેશથી તે જીવને બીજાનાં રૂપો જોવામાં લોલુપતા પ્રગટે છે, જેથી આત્માના નિરાકુળ સ્વભાવથી તે સદા વિમુખ રહે છે. **॥૪૦૧॥**

શ્લોક :-

लोलनेत्रः स नारीणां, विभ्रमं मुहुरीक्षते ।
कक्षास्तनान्तरं तासां, गुह्योरुवदनं तथा ।।४०२।।

શ્લોકાર્થ :-

લોલનેત્રવાળો તે=અધમ જીવ, સ્ત્રીઓના વિભ્રમને અને તેઓનાં કક્ષા, સ્તનાંતર અને ગુહ્ય સ્થાન ઊરુ અને વદનને વારંવાર જુએ છે. ।।૪૦૨।।

શ્લોક :-

स पश्यन्नधमो रूपं, सुधाकुण्डे निमज्जति ।
श्रद्धत्ते नाधिकं स्वर्गं, लीलालालितदृक्सुखात् ।।४०३।।

શ્લોકાર્થ :-

રૂપને જોતો તે અધમ સુધાકુંડમાં નિમગ્ન થાય છે. લીલાથી લાલિત દૃષ્ટિના સુખથી=ચક્ષુ આદિથી સ્ત્રી આદિના રૂપને જોવાથી થતા સુખથી, સ્વર્ગને અધિક શ્રદ્ધા કરતો નથી. ।।૪૦૩।।

શ્લોક :-

असौ दृष्ट्येत्थमाक्षिप्य, निजराज्याद् बहिष्कृतः ।
स्वास्थ्यादिव रुजाऽपथ्ये, नियोज्य परिदीर्घया ।।४०४।।

શ્લોકાર્થ :-

દૃષ્ટિથી આ રીતે આક્ષેપ કરીને આ=અધમ, નિજરાજ્યથી બહિષ્કૃત કરાયો. જેમ અતિદીર્ઘ એવા રોગ વડે અપથ્યમાં નિયોજન કરીને=જીવને અપથ્યમાં પ્રવૃત્તિ કરાવીને, સ્વાસ્થ્યથી બહિષ્કૃત કરાય છે. ।।૪૦૪।।

શ્લોક :-

ततोऽस्य निजराज्यादि, ज्ञानहीनस्य तद्धृतम् ।
महामोहादिभी राज्यं, हतास्तदनुजीविनः ।।४०५।।

શ્લોકાર્થ :-

તેથી=ચક્ષુમાં આક્ષેપ કરીને દૃષ્ટિએ અધમને રાજ્ય બહાર રાખ્યો તેથી, જ્ઞાનહીન એવા આના=અધમના, નિજરાજ્યાદિ તે રાજ્ય મહામોહાદિ વડે ધારણ કરાયું. તેના અનુજીવીઓ=અધમના અનુજીવીઓ, હણાયા.

જીવમાં લોલુપતા દૃષ્ટિ પ્રગટ થવાને કારણે ભોગમાં જ સારબુદ્ધિ થવાથી તે જીવ પોતાના નિરાકુળ સ્વભાવના જ્ઞાન વગરનો થાય છે. તેથી પોતાનું નિરાકુળ સ્વભાવરૂપ જે રાજ્ય છે તે મહામોહ આદિ ચોરટાઓના હાથમાં જાય છે અને તે ચોરટાઓ તે જીવ ઉપર જીવનારા સુંદર ભાવો છે, તે સર્વનો નાશ કરે છે. **॥૪૦૫॥**

શ્લોક :-

बाह्ये सुखे निमग्नोऽसौ, बाह्यदेशस्य भूपतिः ।
षिङ्गप्रायोऽथ संजातो, नास्तिको ज्ञानिगर्हितः ।।४०६।।

શ્લોકાર્થ :-

હવે બાહ્યસુખમાં નિમગ્ન એવો આ=અધમ, બાહ્યદેશનો ભૂપતિ નપુંસક જેવો, નાસ્તિક, જ્ઞાનગર્હિત થયો.

દૃષ્ટિના કારણે વિપર્યાસને પામેલો આત્માના પારમાર્થિક સ્વરૂપથી વિમુખ એવો તે અધમ ઇન્દ્રિયોને પરવશ હોવાથી નપુસંકપ્રાયઃ થયો. પરલોક આદિની વિચારણા કરવામાં વિમુખ હોવાથી નાસ્તિક થયો. કુત્સિત જ્ઞાનવાળો હોવાથી જ્ઞાનગર્હિત થયો. **॥૪૦૬॥**

શ્લોક :-

हास्यं स धार्मिकं लोकं, दिनेशमिव कौशिकः ।
पापं च मन्यते श्लाघ्यं, संघातं तमसामिव ।।४०७।।

શ્લોકાર્થ :-

તે=અધમ, કૌશિકને જેમ સૂર્ય હાસ્ય છે, તેમ ધાર્મિક લોકને હાસ્ય માને છે. અંધકારના જેવા પાપના સમૂહને શ્લાઘ્ય માને છે. ॥૪૦૭॥

શ્લોક :-

अन्यदा प्रेक्ष्य मातङ्गीं, युवतीं रूपशालिनीम् ।
तस्यामध्युपपन्नोऽभूदसावकलितायतिः ।।४०८।।

શ્લોકાર્થ :-

અન્યદા રૂપશાલી માતંગ સ્ત્રીને જોઈને તેમાં કામની ઈચ્છાવાળો અકલિત ભવિષ્યવાળો આ=અધમ થયો. ॥૪૦૮॥

શ્લોક :-

ततश्चैनं बहिश्चक्रुर्बहिरङ्गजना अपि ।
त्यज्यते ह्यङ्गजातोऽपि, मलवन्मलिनो जनः ॥४०९॥

શ્લોકાર્થ :-

અને તેથી=માતંગ સ્ત્રીમાં કામની ઈચ્છા થઈ તેથી, આને=અધમને, બહિર્લોકોએ પણ બહિષ્કાર કર્યો. हि=જે કારણથી, અંગથી ઉત્પન્ન થયેલો પણ મલિન જન=દુષ્ટ પુત્ર, મલની જેમ ત્યાગ કરાય છે. ॥૪૦૯॥

શ્લોક :-

राज्याद् दुष्पालितात् कर्मपरिणामेन दारुणाम् ।
ततो दशां निकृष्टस्य, नीतोऽसौ पापिपञ्जरे ॥४१०॥

શ્લોકાર્થ :-

ત્યારપછી=નિકૃષ્ટ પૂર્વમાં બતાવી તેવી અનુચિત આચરણા કરે છે ત્યારપછી, નિકૃષ્ટના દુષ્પાલિત રાજ્યથી કર્મપરિણામ વડે આ=નિકૃષ્ટ પાપીપંજરમાં=નરકમાં દારુણ દશાને પ્રાપ્ત કરાયો. ॥૪૧૦॥

શ્લોક :-

जातो विमध्यमो राजा, वत्सरेऽथ तृतीयके ।
महामोहं जगौ मन्त्री, डिण्डिमोद्घोषणे श्रुते ॥४११॥

શ્લોકાર્થ :-

હવે ત્રીજા વર્ષે વિમધ્યમ રાજા થયો. ડિંડિમની ઉદ્ઘોષણા સંભળાયે છતે મહામોહને મંત્રીએ કહ્યું. ॥૪૧૧॥

શ્લોક :-

निम्नदेशे जलस्येव, गतिः सैन्येऽस्य नः सदा ।
चारित्रधर्मसैन्येऽपि, स्यादूर्ध्वं च प्रयोगतः ।।४१२।।

શ્લોકાર્થ :-

નિમ્નદેશમાં જલની જેમ આના સૈન્યમાં=વિમધ્યમના સૈન્યમાં, આપણી=મહામોહાદિની, સદા ગતિ છે. વળી, પ્રયોગથી ચારિત્રધર્મના સૈન્યમાં ઊર્ધ્વ થાય=આ જીવની ઊર્ધ્વગતિ થાય.

મંત્રી મહામોહને કહે છે આ વિમધ્યમ જીવના સૈન્યમાં આપણી સદા ગતિ થવાની, તેથી આપણને ઘણો અનુકૂળ છે; તોપણ આ વિમધ્યમ જીવને કોઈક સારાં નિમિત્ત મળશે તો ચારિત્રધર્મના સૈન્યમાં પણ આ જીવની પોતાના નગરમાં જવાને અનુકૂળ ઊર્ધ્વગતિ થશે. **॥૪૧૨॥**

શ્લોક :-

दृढादरोऽसौ सैन्ये नः, परस्य शिथिलादरः ।
ऐहिकार्थरतो मध्ये, परलोकमपीक्षते ।।४१३।।

શ્લોકાર્થ :-

આ=વિમધ્યમ, આપણા સૈન્યમાં=મહામોહના સૈન્યમાં, દૃઢ આદરવાળો છે. પરના=ચારિત્રના સૈન્યમાં, શિથિલ આદરવાળો છે. આલોકના અર્થમાં રત=આલોકના સુખમાં રત, મધ્યમાં=વચ્ચેમાં, પરલોકને પણ જુએ છે. ।।૪૧૩।।

શ્લોક :-

सदैव प्रतिबद्धोऽसौ, भावतो धनकामयोः ।
कदाचिद्धर्मकार्येऽपि, भवत्यार्यमतिः परम् ।।४१४।।

શ્લોકાર્થ :-

સદા જ આ=વિમધ્યમ, ભાવથી ધન અને કામમાં પ્રતિબદ્ધ છે. પરંતુ ક્યારેક ધર્મકાર્યમાં પણ સુંદર મતિ થાય છે. ।।૪૧૪।।

શ્લોક :-

भद्रकः स्तुतिकृत् प्राज्ञः, सर्वदेवतपस्विनाम् ।
दानशीलपरः पूतः, सच्छास्त्रार्थाविदूषकः ।।४१५।।

શ્લોકાર્થ :-

ભદ્રક, સર્વદેવ અને સર્વ તપસ્વીઓની સ્તુતિને કરનારો, પ્રાજ્ઞ, દાનશીલમાં તત્પર, પવિત્ર, સદ્દશાસ્ત્રના અર્થનો અવિદૂષક=સદ્દશાસ્ત્રના અર્થોને દૂષિત નહિ કરનારો. ।।૪૧૫।।

શ્લોક :-

अस्माकं नातिहितकृत्, तदसौ देव ! भूपतिः ।
प्रवेशनीयो नो राज्ये, धर्तव्योऽधमवद् बहिः ।।४१६।।
तथाऽस्त्विति नृपेणोक्ते, सर्वैर्दृष्टिपुरःसरैः ।
असौ बहिर्धृतश्चौरैस्तद्राज्यं च वशीकृतम् ।।४१७।।

શ્લોકાર્થ :-

તે કારણથી=પૂર્વશ્લોકમાં કહેલા ભદ્રક આદિ ગુણવાળો છે તે કારણથી, આ રાજા=વિમધ્યમ રાજા, હે દેવ ! આપણને=મહામોહને અતિ હિતને કરનારો નથી. રાજ્યમાં પ્રવેશ કરાવવા યોગ્ય નથી. અધમની જેમ બહાર ધારણ કરવા યોગ્ય છે તે પ્રમાણે થાવ=અધમની જેમ આ વિમધ્યમ બહાર ધારણ કરાવો જોઈએ તે પ્રમાણે થાવ. એ પ્રમાણે રાજા વડે કહેવાયે છતે=મહામોહ રાજા વડે કહેવાયે છતે, દૃષ્ટિ મોખરે છે જેમાં એવા સર્વ વડે=મહામોહના સર્વ વડે, આ=વિમધ્યમ, બહાર ધારણ કરાયો અને ચોરો દ્વારા તેનું રાજ્ય વશ કરાયું. ।।૪૧૬-૪૧૭।।

શ્લોક :-

नात्यन्तं पीडितः कर्मपरिणामाज्ञया पुनः ।
अपेक्षाऽकारि चारित्रधर्मसैन्ये च काचन ।।४१८।।

શ્લોકાર્થ :-

વળી, કર્મપરિણામ રાજાની આજ્ઞાથી અત્યંત પીડિત નથી=વિમધ્યમ અત્યંત પીડિત નથી અને ચારિત્રધર્મના સૈન્યમાં કોઈક અપેક્ષા કરી=કંઈક ધર્મની સ્થૂલ આચરણા કરી.

વિમધ્યમ જીવ પોતાના રાજ્યમાં પ્રવેશ પામ્યો નથી તોપણ કંઈક સુંદર આચરણા કરનાર છે. તેથી તેનાં કોઈક સુંદર કર્મોને કારણે સંસારમાં તે અત્યંત પીડિત થતો નથી અને નગરથી બહાર હોવા છતાં ચારિત્રધર્મના સૈન્યમાં કોઈક અપેક્ષાને તે કરનારો છે=તેમનું કંઈક પાલન કરનારો છે, જે સ્વયં આગળ બતાવે છે. **॥૪૧૮॥**

શ્લોક :-

बहिर्भूतोऽप्यसौ राज्यं, पालयत्यन्तराऽन्तरा ।
तेन चारित्रधर्माद्या, मनाग् यान्ति प्रसन्नताम् ।।४१९।।

શ્લોકાર્થ :-

બહારમાં રહેલો પણ આ=વિમધ્યમ, વચવચમાં રાજ્યનું પાલન કરે છે. તે કારણથી ચારિત્રધર્માદિ રાજાઓ કંઈક પ્રસન્નતાને પામે છે.

વિમધ્યમ જીવો કંઈક ધર્મની આચરણાઓ કરીને આત્માની સુંદર પ્રકૃતિઓનું પાલન કરે છે. તેથી કંઈક ચારિત્રની પરિણતિઓને અભિમુખ શુભભાવો વિમધ્યમ જીવોમાં વર્તે છે. **॥૪૧૯॥**

શ્લોક :-

प्रवर्तते यथाकालं, त्रिवर्गेऽपि विभज्य सः ।
भवत्यधमवत् तेन, नैकान्तासुखभाजनम् ।।४२०।।

શ્લોકાર્થ :-

તે=વિમધ્યમ જીવ, વિભાગ કરીને ત્રણ વર્ગમાં પણ=ધર્મ, અર્થ, કામરૂપ ત્રણ વર્ગમાં પણ, યથાકાલ પ્રવર્તે છે. તે કારણથી અધમની જેમ એકાંત અસુખનું ભાજન થતો નથી. ।।૪૨૦।।

શ્લોક :-

स्थिताः स्वस्वसदाचारे, ये हि सामान्यधर्मिणः ।
राजानो ब्राह्मणाद्याश्च, तेषां रूपं भजत्यसौ ।।४२१।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, જે સામાન્ય ધર્મવાળા સ્વસ્વ સદાચારમાં રહેલા રાજા, બ્રાહ્મણ આદિ છે, તેઓના રૂપને આ=વિમધ્યમ, ભજે છે. ।।૪૨૧।।

શ્લોક :-

कर्मणाऽसौ गतस्तेनोचितेन श्लाघ्यतां जने ।
तस्योपरि ततस्तुष्टः, स कर्मपरिणामराट् ।।४२२।।

શ્લોકાર્થ :-

તે ઉચિત કર્મથી આ=વિમધ્યમ, લોકમાં શ્લાઘ્યતાને પામ્યો. તેથી તે કર્મપરિણામ રાજા તેના ઉપર સંતુષ્ટ થયો. ।।૪૨૨।।

શ્લોક :-

कदाचित् पशुसंस्थाने, सुखहेतौ नयत्यमुम् ।
कदाचिन्मानवावासे, कदाचिद् विबुधालये ।।४२३।।

શ્લોકાર્થ :-

આને=વિમધ્યમને, સુખના હેતુ એવા પશુસંસ્થાનમાં ક્યારેક કર્મપરિણામ રાજા લઈ જાય છે. ક્યારેક માનવાવાસમાં, ક્યારેક વિબુધાલયમાં લઈ જાય છે. ।।૪૨૩।।

શ્લોક :-

तुर्ये वर्षेऽथ राजाऽभून्मध्यमो घोषणे कृते ।
महामोहमहीन्द्राय, सचिवोऽभिदधे गिरम् ।।४२४।।

શ્લોકાર્થ :-

હવે ચોથા વર્ષે ઘોષણા કરાયે છતે મધ્યમ રાજા થયો. મહામોહ

રાજાને સચિવે કથન કર્યું=આ નવો રાજા આવ્યો છે એ પ્રમાણે કથન કર્યું. ॥૪૨૪॥

શ્લોક :-

धर्मार्थकाममोक्षेषु, राजाऽयं सततोद्यतः ।
तथाऽपि मन्यते मोक्षं, पारमार्थिकमर्थवित् ।।४२५।।

શ્લોકાર્થ :-

ધર્મ, અર્થ, કામ, મોક્ષમાં આ રાજા સતત ઉદ્યત છે તોપણ અર્થને જાણનાર એવો મધ્યમ મોક્ષને પારમાર્થિક માને છે.

મધ્યમ જીવો સુખના અર્થી હોય છે, તેથી તેઓ સુખના ઉપાયરૂપ ચારેય પુરુષાર્થોને સેવવામાં યત્નવાળા હોય છે તોપણ મોક્ષ તત્ત્વના પરમાર્થને જાણનાર હોવાથી મોક્ષને જ પારમાર્થિક પ્રાપ્તવ્ય તરીકે માને છે. ફક્ત સર્વ અંશથી મોક્ષને અનુકૂળ યત્ન કરવાનો બળસંચય થયેલો નહિ હોવાથી સુખના અંગરૂપે અર્થ-કામને પણ સેવે છે. **॥૪૨૫॥**

શ્લોક :-

सक्तस्तद्धेतुधर्मे च, न प्रसक्तोऽर्थकामयोः ।
चिन्तयन्नपि तद्दोषांस्तद्वृत्तिः कर्मनोदनात् ।।४२६।।

શ્લોકાર્થ :-

અને તેના હેતુ એવા ધર્મમાં=મોક્ષના હેતુ એવા ધર્મમાં, સક્ત છે=મધ્યમ જીવ આસક્ત છે. અર્થ-કામમાં પ્રસક્ત નથી=અત્યંત પ્રવૃત્ત નથી. તેના દોષોને વિચારતો પણ=અર્થ-કામના દોષોને વિચારતો પણ, તેની વૃત્તિ=અર્થ-કામની પ્રવૃત્તિ કર્મની પ્રેરણાથી છે.

અર્થ-કામની પ્રવૃત્તિના આપાદક કષાયો તે પ્રકારના બળવાન છે કે જેથી તેના અનર્થને જાણવા છતાં તેની ઇચ્છા નિવર્તન પામતી નથી તેથી કર્મની બળવાન પ્રેરણા છે. **॥૪૨૬॥**

શ્લોક :-

जिहासुरपि नो भावबन्धनं विजहात्यसौ ।
धनपुत्रकलत्रादिभवपाशेन यन्त्रितः ।।४२७।।

શ્લોકાર્થ :-

ધન, પુત્ર, સ્ત્રી આદિ ભવના પાશથી બંધાયેલો ત્યાગ કરવાની ઈચ્છાવાળો પણ આ=મધ્યમ, ભાવબંધનને=ચિત્તના સંશ્લેષરૂપ ભાવબંધનને ત્યાગ કરતો નથી.

મોક્ષનો અત્યંત અર્થી છે તોપણ અવિરતિ આપાદક કર્મોને કારણે ધનાદિમાં ચિત્તનો સંશ્લેષ છે, તેથી સર્વત્ર અપ્રતિબદ્ધ ચિત્ત કરવા રૂપ સંશ્લેષનો ત્યાગ કરતો નથી. **૪૨૭॥**

શ્લોક :-

अस्माभिर्नापराध्योऽसौ, तेन सिंहो मृगैरिव ।
सेव्य एव परं स्वामिन्नित्युक्त्वा विरराम सः ।।४२८।।

શ્લોકાર્થ :-

તે કારણથી અમારા વડે=મહામોહાદિ વડે, આ=મધ્યમ, અપરાધ્ય નથી. પરંતુ, હે સ્વામી ! મૃગો વડે સિંહ જેમ સેવ્ય છે, તેમ સેવ્ય જ છે. એ પ્રમાણે કહીને તે=મહામોહનો સચિવ, વિરામ પામ્યો.

મધ્યમબુદ્ધિ જીવોને મહામોહાદિના પરિણામો હોય છે તોપણ કિંકર જેવા હોય છે પરંતુ જીવને વિડંબના કરી શકતા નથી. તેથી મધ્યમ પ્રકારના જીવો સંસારમાં ભોગાદિ કરે છે તોપણ ચિત્ત મુક્ત અવસ્થા પ્રત્યે અને વીતરાગતા પ્રત્યે અત્યંત પ્રતિબદ્ધ હોય છે. **॥૪૨૮॥**

શ્લોક :-

शुद्धं परिचिनोति स्म, सिद्धान्तमथ मध्यमः ।
तस्करान् पीडयामास, मनाक् चित्ताटवीगतान् ।।४२९।।

શ્લોકાર્થ :-

હવે, શુદ્ધ સિદ્ધાંતનો મધ્યમે પરિચય કર્યો. ચિત્તઅટવીગત તસ્કરો એવા મહામોહાદિને થોડીક પીડા કરી.

મધ્યમબુદ્ધિ જીવો શક્તિ અનુસાર ભગવાનના શાસનનાં રહસ્યોને જાણવા યત્ન કરે છે અને ભગવાનના વચનના બળથી ચિત્તરૂપી અટવીમાં રહેલા કષાયોના અને નોકષાયોના બળને ક્ષીણ ક્ષીણતર કરવા યત્ન કરે છે. **॥૪૨૯॥**

શ્લોક :-

सेवका इव तस्यासन्, महामोहादयस्ततः ।
देशोद्देशेन राज्यं स्वं, मध्यमेनाथ लक्षितम् ।।४३०।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=મધ્યમબુદ્ધિએ શુદ્ધ સિદ્ધાંતનો પરિચય કર્યો ત્યારપછી, મહામોહાદિ તેના સેવકની જેમ હતા. હવે, મધ્યમ વડે દેશ ઉદ્દેશથી સ્વરાજ્યને જોવાયું.

મધ્યમબુદ્ધિ જીવો સિદ્ધાંતના પરિચયના બળથી મોહાદિને પીડા કરે છે. તેથી મોહાદિ તેના રાજ્યમાં વિદ્યમાન હોવા છતાં મધ્યમબુદ્ધિ જીવો કંઈક દેશથી રાજ્યને પ્રાપ્ત કરે છે=પોતાના રાજ્યનો એક દેશ પ્રાપ્ત કરે છે. આથી જ અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાની કષાયના બળથી તેઓ નિરાકુળ ભાવમાં વર્તે છે અને સંપૂર્ણ રાજ્ય મેળવવા માટે સતત ઉદ્યમશીલ રહે છે. **॥૪૩૦॥**

શ્લોક :-

सैन्ये चारित्रधर्मस्य, बन्धुभावमबुध्यत ।
सिद्धान्तस्यायमादेशान्मोहादीनां च चौरताम् ।।४३१।।

શ્લોકાર્થ :-

આ=મધ્યમબુદ્ધિ, ચારિત્રધર્મના સૈન્યમાં સિદ્ધાંતના આદેશને કારણે બંધુભાવને જાણે છે અને મહામોહાદિની ચૌરતાને જાણે છે.

મધ્યમબુદ્ધિ શુદ્ધ સિદ્ધાંતનો પરિચય કરે છે. તેથી તેને બોધ થાય છે કે

આત્માના નિરાકુળ સ્વભાવરૂપ ચારિત્રની પરિણતિ કે તેના અંગભૂત સર્વભાવો જીવના બંધુભૂત છે. આથી જ નિરાકુળ સ્વભાવરૂપ ચારિત્રના કારણીભૂત ઇચ્છાકારાદિ સામાચારી પણ તેને બંધુતુલ્ય જણાય છે અને મોહના કે કષાયોના ભાવો આત્માની સંપત્તિને લૂંટનારા છે, તેમ જણાય છે. **॥૪૩૧॥**

શ્લોક :-

वीर्योल्लासात् स्वराज्यस्य, मध्यमः क्रमतस्ततः ।

मध्यभागे स्थितो भूमिमाक्रम्य कियतीमपि ।।४३२।।

तेन चारित्रधर्माद्या, मनागाह्लादिता नृपाः ।

महामोहादयश्चौराः, कृताः कम्पितमानसाः ।।४३३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=ચારિત્રધર્મને બંધુભાવરૂપે જાણ્યા પછી, મધ્યમબુદ્ધિ વીર્યના ઉલ્લાસથી સ્વરાજ્યના મધ્યભાગમાં રહેલો, કેટલીક પણ ભૂમિનું આક્રમણ કરીને તેના વડે=મધ્યમબુદ્ધિ વડે, ચારિત્રધર્માદિ રાજાઓ થોડા આહ્લાદિત કરાયા અને મહામોહાદિ ચોરો કંપિત માનસવાળા કરાયા.

મધ્યમબુદ્ધિ ચાર પુરુષાર્થને સેવનારા છે તોપણ મોક્ષ પુરુષાર્થ પ્રધાનરૂપે સેવે છે અને તેના ઉપાયરૂપે સાધુધર્મનું પરિભાવન કરીને સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચય કરે છે. તેથી સાધુધર્મના પરિભાવનથી જે વીર્યોલ્લાસ થાય છે તેનાથી પોતાના રાજ્યના મધ્યભાગમાં રહેલો હોવા છતાં નિર્લેપ પરિણતિવાળો થવાથી કેટલીક ભૂમિ અધિક પ્રાપ્ત કરે છે. તેથી તેના ચિત્તમાં સાધુધર્મને આસન્ન-આસન્નતર ભૂમિકાઓ પ્રાપ્ત થાય છે અને મહામોહાદિના પરિણામો ક્ષીણ ક્ષીણતર થાય છે. **॥૪૩૨-૪૩૩॥**

શ્લોક :-

योगिन्यपि न तस्याभूद्, दृष्टिरत्यन्तबाधिका ।

आत्मीयं यापयन् राज्यं, लोकेऽसौ श्लाघ्यतां गतः ।।४३४।।

શ્લોકાર્થ :-

તેને=મધ્યમને, યોગિની એવી દૃષ્ટિ પણ અત્યંત બાધિકા થઈ નહિ. પોતાના રાજ્યને પ્રાપ્ત કરતો આ=મધ્યમબુદ્ધિ, લોકમાં શ્લાઘ્યતાને પામ્યો.

મહામોહના મંત્રીની પુત્રી દૃષ્ટિ છે. જે જીવને બાહ્ય પદાર્થોમાં રુચિ ઉત્પન્ન કરીને અંતરંગ રાજ્યમાં પ્રવેશ કરતાં અટકાવે છે. તેવી દૃષ્ટિ પણ મધ્યમબુદ્ધિને અત્યંત બાધક થતી નથી=કંઈક બાહ્ય પદાર્થોમાં સંશ્લેષ કરાવીને બાધક છે તોપણ સિદ્ધાંત સાથે પરિચય હોવાને કારણે અત્યંત બાધક થતી નથી અને ચારિત્રધર્મનું પરિભાવન કરીને પોતાના રાજ્યને અધિક અધિક પ્રાપ્ત કરતો મધ્યમબુદ્ધિ શિષ્ટલોકોમાં પ્રશંસાપાત્ર બન્યો. **॥૪૩૪॥**

શ્લોક :-

स देशविरतो जातो, रतो जैनेन्द्रशासने ।
अन्वतिष्ठच्च स श्राद्धानुष्ठानं शुद्धलेश्यया ।।४३५।।

શ્લોકાર્થ :-

તે=મધ્યમબુદ્ધિ, જૈનશાસનમાં રત થયેલો દેશવિરત થયો અને શુદ્ધ લેશ્યાથી શ્રાદ્ધ અનુષ્ઠાનને સેવતો હતો.

મધ્યમબુદ્ધિ પ્રથમ અનંતાનુબંધીના ક્ષયોપશમથી કંઈક રાજ્યમાં પ્રવેશેલો. ત્યારપછી પ્રતિદિન સાધુ સામાચારી અને શ્રાવક સામાચારીને જાણવા યત્ન કરે છે અને કઈ રીતે આ સાધુ અને શ્રાવક સામાચારી કષાયોના ઉન્મૂલન દ્વારા ગુણસ્થાનકની વૃદ્ધિ કરે છે, તે રીતે સૂક્ષ્મ બુદ્ધિથી ભાવન કરે છે. તેથી અનંતાનુબંધીના ક્ષયોપશમથી થયેલો રાજ્યમાં પ્રવેશ દેશવિરતિની પ્રાપ્તિથી પૂર્વ કરતાં અધિક પ્રાપ્ત થાય છે અને સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને તેવી શુદ્ધ લેશ્યાથી શ્રાવકના આચારો તે મહાત્મા સેવે છે. **॥૪૩૫॥**

શ્લોક :-

ततस्तुष्टिभृता कर्मपरिणामेन भूभुजा ।
असंख्यसुखसम्पूर्णे, नीतोऽसौ विबुधालये ।।४३६।।

શ્લોકાર્થ :-

તેથી=મધ્યમબુદ્ધિ પૂર્વમાં કહ્યું એ પ્રમાણે સર્વ ઉચિત પ્રવૃત્તિ કરે છે તેથી, તુષ્ટિથી ભરાયેલા કર્મપરિણામ રાજા વડે અસંખ્ય સુખથી સંપૂર્ણ એવા વિબુધાલયમાં આ લઈ જવાયો=મધ્યમબુદ્ધિ લઈ જવાયો.

મધ્યમબુદ્ધિ સ્વભૂમિકાનુસાર સર્વવિરતિની શક્તિનો સંચય થાય એ રીતે દેશવિરતિનું સેવન કરે છે. તેનાથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. જેથી ઘણા સુખથી પૂર્ણ એવા દેવલોકમાં મધ્યમબુદ્ધિ લઈ જવાય છે. **॥૪૩૬॥**

શ્લોક :-

चतुर्णां भूभुजां प्रेक्ष्य, तेषां चरितमीदृशम् ।
अहं सकौतुको जातः, पञ्चमः किं करिष्यति ? ।।४३७।।

શ્લોકાર્થ :-

તે ચાર રાજાઓનું આવા પ્રકારનું=પૂર્વમાં વર્ણન કર્યું તેવા પ્રકારનું, ચરિત્ર જોઈને સકૌતુક હું થયો. પાંચમો શું કરશે ? એ પ્રકારની જિજ્ઞાસા-વાળો હું થયો=વિતર્ક થયો. ।।૪૩૭।।

શ્લોક :-

तावदत्रोत्तमो राजा, महाराज्ये विजृम्भते ।
इति ग्रामादिषु महान्, प्रसृतो डिण्डिमध्वनिः ।।४३८।।

શ્લોકાર્થ :-

તેટલામાં અહીં=મનુષ્યલોકમાં, મહારાજ્ય વિજૃંભિત થયે છતે ઉત્તમ રાજા છે એ પ્રમાણે ગ્રામાદિમાં મહાન ડિંડિમ ધ્વનિ પ્રસૃત થયો. ।।૪૩૮।।

શ્લોક :-

व्याकुला घोषणां श्रुत्वा, जातास्तामान्तरा नृपाः ।
जगौ चारित्रधर्मं च, सद्बोधः स्वस्थताकृते ।।४३९।।

શ્લોકાર્થ :-

તે ઘોષણાને સાંભળીને અંતરંગ રાજાઓ વ્યાકુળ થયા=મોહના અવાંતર રાજાઓ અને ચારિત્રના અવાંતર રાજાઓ શું ફળ આવશે તે જાણવા માટે તત્પર થયા, અને સદ્બોધ સ્વસ્થતા માટે ચારિત્રધર્મને કહે છે.

ઉત્તમ પુરુષને રાજ્યની પ્રાપ્તિ થઈ છે તે સાંભળીને તે જીવમાં વધતો સદ્બોધ કઈ રીતે ચારિત્રધર્મ સાથે પોતાના ભાવો વ્યક્ત કરે છે, તે બતાવે છે. **॥૪૩૯॥**

શ્લોક :-

अयमस्माकमत्यन्तहितकारी नराधिपः ।
न भेतव्यमितः स्वामिन्नयं वेत्ति निजां स्थितिम् ।।४४०।।

શ્લોકાર્થ :-

આ=ઉત્તમ પુરુષ, અમોને=ચારિત્રધર્મને અત્યંત હિતકારી છે. આનાથી=ઉત્તમ પુરુષને રાજ્યપ્રાપ્તિથી ભય પામવો જોઈએ નહિ. સ્વામી એવા આ=ઉત્તમ પુરુષ પોતાની સ્થિતિને જાણે છે.

ઉત્તમ પુરુષ હંમેશાં સદ્બોધ પ્રત્યેના પક્ષપાતવાળા હોય છે અને સદ્બોધનાં વચનાનુસાર આત્માની નિરાકુળ સ્થિતિ પ્રગટ કરવા તત્પર હોય છે. તેથી તેને રાજ્યની પ્રાપ્તિ થવાથી ચારિત્રધર્મરાજાનું સૈન્ય નિર્ભય થાય છે અને ઉત્તમ પુરુષ આત્માનું સામ્રાજ્ય પોતાનું છે તેમ જાણે છે. તેથી તે રાજ્યના પાલનમાં હિતકારી સદ્બોધાદિનું અનુસરણ કરે છે. **॥૪૪૦॥**

શ્લોક :-

अस्मांश्च लक्षयत्येष, बन्धुभूतानसंशयम् ।
महामोहादिकान् क्रूरांस्तथा स्वपरिपन्थिनः ।।४४१।।

શ્લોકાર્થ :-

આ=ઉત્તમ પુરુષ બંધુભૂત એવા અમોને=સદ્બોધાદિને, સંશય રહિત જાણે છે અને સ્વના પરિપંથી=આત્માના શત્રુ ક્રૂર એવા મહામોહાદિને જાણે છે.

ઉત્તમ પુરુષો સિદ્ધાંત પાસેથી સારને પામેલા છે. તેથી બંધુભૂત ચારિત્રધર્મને અને શત્રુભૂત મહામોહાદિને યથાવત્ જાણે છે. તેથી તેમના રાજ્યમાં ચારિત્રના સૈન્યને લેશ પણ ભય નથી. **॥૪૪૧॥**

શ્લોક :-

वर्द्धकोऽस्मद्बलस्यायं, महामोहादिनाशकः ।
अस्मदीयमिदं राज्यं, तदस्य परमार्थतः ।।४४२।।

શ્લોકાર્થ :-

અમારા બલનો વર્ધક એવો આ=ઉત્તમ મહામોહાદિનો નાશક છે. તે કારણથી અમારું આ રાજ્ય પરમાર્થથી આનું=ઉત્તમ પુરુષનું છે. ।૪૪૨।।

શ્લોક :-

प्रीताश्चारित्रधर्माद्याः, श्रुत्वा तां मन्त्रिणो गिरम् ।
चक्रुर्वर्धनकं लोकाः, प्रवृत्ता गातुमुच्चकैः ।।४४३।।

શ્લોકાર્થ :-

મંત્રીની=સદ્બોધની, તે વાણીને સાંભળીને ચારિત્ર ધર્માદિ પ્રીતિને પામ્યા. લોકોએ=અંતરંગ લોકોએ મહોત્સવ કર્યો. અત્યંત ગાવા માટે પ્રવૃત્ત થયા.

ઉત્તમ પુરુષની રાજ્યની પ્રાપ્તિથી ક્ષયોપશમભાવના ગુણો વૃદ્ધિરૂપ હર્ષને વ્યક્ત કરે છે. **॥૪૪૩॥**

શ્લોક :-

अहो उत्तमराज्येऽस्मिन्, परिमोषिगतिक्षतिः ।
भविष्यति क्रमेणेदं, सतामानन्दकारणम् ।।४४४।।

શ્લોકાર્થ :-

અહો ! આ ઉત્તમના રાજ્યમાં ચોરટાઓની ગતિની ક્ષતિ થશે. સંતોને આનંદનું કારણ આ=ઉત્તમ પુરુષ, ક્રમથી છે.

ઉત્તમ પુરુષને પોતાનું સામ્રાજ્ય મળે છે, ત્યારે મહામોહાદિ ચોરટાઓ તેના રાજ્યમાં વિદ્યમાન હોવા છતાં ક્રમસર તેઓનો નાશ થાય છે અને ઉત્તમ પુરુષ સજ્જનોને આનંદનું કારણ બને છે; કેમ કે એનાથી જ સન્માર્ગની પ્રાપ્તિ યોગ્ય જીવોને થાય છે. **॥૪૪૪॥**

શ્લોક :-

स्थितिमुत्तमराज्यस्य, तामाकर्ण्य महोदयाम् ।
महामोहादयो भीता, मुक्तप्राणा इव स्थिताः ।।४४५।।

શ્લોકાર્થ :-

ઉત્તમના રાજ્યની તે મહોદયવાળી સ્થિતિને સાંભળીને ભય પામેલા મહામોહાદિ મુક્તપ્રાણ જેવા રહ્યા.

ઉત્તમ પુરુષને પોતાના આત્માનું સામ્રાજ્ય મળ્યું છે, તે જીવમાં વર્તતા મહામોહાદિના પરિણામ મૃતપ્રાયઃ જેવા થાય છે; કેમ કે ઉત્તમ પુરુષો સદ્બોધનાં વચનથી હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિ કરે છે. તેથી તેઓનાં ચિત્તમાં કષાયો જીવતા હોવા છતાં મરેલ જેવા હોય છે. **॥૪૪૫॥**

શ્લોક :-

अथ राज्यं समासाद्य, पितुरुत्तमभूपतिः ।
तदा पप्रच्छ सिद्धान्तं, सर्वां राज्यस्थितिं निजाम् ।।४४६।।

શ્લોકાર્થ :-

હવે પિતાનું=કર્મપરિણામ રાજાનું, રાજ્ય પ્રાપ્ત કરીને ઉત્તમ રાજાએ ત્યારે પોતાની સર્વ રાજ્યની સ્થિતિ સિદ્ધાંતને પૂછી.

જીવનાં ક્ષયોપશમભાવનાં કર્મોથી જીવને પોતાનું અંતરંગ રાજ્ય પ્રાપ્ત થાય છે. તેથી ક્ષયોપશમભાવનાં કર્મો રૂપ પિતા દ્વારા અપાયેલા રાજ્યને પામીને ઉત્તમ પુરુષ ભગવાનના વચનરૂપ સિદ્ધાંતને પોતાની અંતરંગ રાજ્યની સર્વ સ્થિતિની પૃચ્છા કરે છે. જેથી કઈ રીતે રાજ્યનું સંચાલન કરું તેનો માર્ગાનુસારી બોધ થાય છે. **॥૪૪૬॥**

શ્લોક :-

कथं तत्र प्रवेक्ष्यामि, महाराज्येऽतिदुर्गमे ।
चौरान् कथं हनिष्यामि, का नीतिः श्रेयसी मम ? ।।४४७।।
स्फोरणीयं मया स्थाने, पौरुषं कुत्र कीदृशम् ।
तत् सर्वं वद वेत्ताऽस्ति, सर्वोपायविधेर्भवान् ।।४४८।।

શ્લોકાર્થ :-

તે અતિદુર્ગમ એવા મહારાજ્યમાં=આત્માના પોતાના પર પ્રભુત્વ આવે તેવો નિરાકુળ સ્વભાવ મુશ્કેલીથી પ્રાપ્ત થઈ શકે તેવા રાજ્યમાં, હું કઈ રીતે પ્રવેશ કરીશ, કેવી રીતે ચોરોને=મહામોહાદિને, હણીશ, મને કઈ નીતિ શ્રેયકારી છે, મારા વડે કયા સ્થાનમાં કેવું પુરુષપણું સ્ફુરણ કરવા યોગ્ય છે ? તે સર્વ તું કહે=સિદ્ધાંત કહે. તમે સર્વોપાય વિધિને જાણનારા છો.

ઉત્તમ પુરુષને પોતાના ક્ષયોપશમભાવના રાજ્યની પ્રાપ્તિની તૈયારી છે; કેમ કે ક્ષયોપશમભાવનાં કર્મો તે પ્રકારનાં નિર્મળ વર્તે છે. તે વખતે તે જીવ ભગવાનના વચનરૂપ સિદ્ધાંત પાસેથી જાણવા યત્ન કરે છે અને કહે છે કે આત્માના નિરાકુળ સ્વભાવમાં જવું અતિદુર્ગમ છે. તેમાં હું કઈ રીતે પ્રવેશ કરીશ તે ઉપાય બતાવો અને રાજ્યમાં પ્રવેશ કર્યા પછી તે અંતરંગ રાજ્યમાં મહામોહાદિ રહેલા છે, તેઓનો હું કઈ રીતે નાશ કરીશ તે ઉપાય બતાવો અને મારી ભૂમિકા પ્રમાણે ચોરટાઓના નાશમાં કઈ નીતિ અપનાવવી જોઈએ જે હિતકારી થાય તે સિદ્ધાંતને પૂછે છે અને રાજ્યમાં પ્રવેશ્યા પછી કેવા પ્રકારનું વીર્ય સ્ફુરણ કરવું જોઈએ. જેથી મારા રાજ્યની સમૃદ્ધિ વૃદ્ધિ પામે તેમ સિદ્ધાંતને પૂછે છે; કેમ કે ભગવાનના વચનરૂપ સિદ્ધાંત જ આ સર્વ ઉપાયોને યથાર્થ જાણે છે. **॥૪૪૭-૪૪૮॥**

શ્લોક :-

पृष्टः सन्नुत्तमेनैवं, सिद्धान्तः समभाषत ।
वत्स ! राज्यस्य योग्योऽसि, नात्रार्थे कोऽपि संशयः ।।४४९।।

શ્લોકાર્થ :-

આ રીતે=પૂર્વના બે શ્લોકમાં કહ્યું એ રીતે, ઉત્તમ વડે પુછાયેલ છતાં સિદ્ધાંત બોલ્યા. હે વત્સ ! તું રાજ્યને યોગ્ય છો. આ અર્થમાં કોઈપણ સંશય નથી.

જિનવચન યોગ્ય જીવની યોગ્યતાને જોઈ શકે છે; કેમ કે જે જીવમાં ઉત્તમતા આપાદક ક્ષયોપશમભાવનાં કર્મો છે, તે જીવ આત્માની રાજ્યસંપત્તિને પ્રાપ્ત કરવા માટે યોગ્ય છે, તેમ સિદ્ધાંત કહે છે. **॥૪૪૯॥**

શ્લોક :-

उद्दिश्य मोक्षं तनुषे, धर्मं संसारभीतिभाग् ।
यशः सुखं च ते तत्र, बाधकं नानुषङ्गिकम् ।।४५०।।

શ્લોકાર્થ :-

સંસારના ભયને ભજનાર એવો તું મોક્ષને ઉદ્દેશીને ધર્મને વિસ્તારે છે અને ત્યાં=ધર્મના વિસ્તારમાં, આનુષંગિક સુખ અને યશ તને બાધક નથી.

ઉત્તમ પુરુષને ચાર ગતિઓમાં પરિભ્રમણરૂપ સંસારથી અત્યંત ભય છે, તેથી આત્માના સંગ વગરની પરિણતિરૂપ મોક્ષને ઉદ્દેશીને તે પ્રકારનાં અનુષ્ઠાનો સેવીને સાશ્રવ-નિરાશ્રવ ધર્મને વિસ્તારે છે. ત્યારે સાશ્રવ ધર્મરૂપ પુણ્યાનુબંધી પુણ્યથી તેને આનુષંગિક લોકમાં યશ અને બાહ્ય સમૃદ્ધિ મળે છે તોપણ વિરક્ત ચિત્ત હોવાથી તે સુખ અને માન-સન્માન ચિત્તના સંશ્લેષનું કારણ બનતાં નથી. **॥૪૫૦॥**

શ્લોક :-

पित्रा राज्यं प्रदत्तं यत्, तद् ज्ञातं तत्त्वतस्त्वया ।
प्रवेशोपायमेनं च, तत्र विद्धि नरोत्तम ! ।।४५१।।

શ્લોકાર્થ :-

પિતા વડે જે રાજ્ય અપાયું તે તત્ત્વથી તારા વડે જણાયું. હે નરોત્તમ !=

ઉત્તમ પુરુષ ! ત્યાં=તારા રાજ્યમાં આ પ્રવેશના ઉપાયને=આગળમાં કહે છે તે પ્રવેશના ઉપાયને, તું જાણ. ॥૪૫૧॥

શ્લોક :-

प्रष्टव्या गुरवः पूर्वं, राज्ये प्रविशताऽऽन्तरे ।
अध्येतव्यं तदादिष्टं, धर्मशास्त्रं प्रयत्नतः ।।४५२।।

શ્લોકાર્થ :-

પૂર્વમાં ગુરુઓને પૂછવું જોઈએ. રાજ્યમાં પ્રવેશતાં વચમાં તેમના વડે= ગુરુઓ વડે, આદેશ કરાયેલું ધર્મશાસ્ત્ર પ્રયત્નથી ભણવું જોઈએ.

ઉત્તમ પુરુષમાં રાજ્યપાલનની યોગ્યતા છે. તેથી સિદ્ધાંતને કહે છે. રાજ્યમાં પ્રવેશ કરતાની પૂર્વે=સંયમ ગ્રહણ કરતાં પૂર્વે, ગુરુને પૂછવું જોઈએ કે કઈ રીતે હું રાજ્યમાં પ્રવેશ કરું જેથી રાજ્યનું સમ્યગ્પાલન કરીને હિત સાધી શકું ? અને દીક્ષાગ્રહણરૂપ રાજ્યમાં પ્રવેશ કરીને ગુરુઓએ કહેલું ધર્મશાસ્ત્ર ભણવું જોઈએ. જેથી માત્ર સંયમના બાહ્યાચારો પ્રાપ્ત થયા નહિ, પરંતુ અંતરંગ આત્માનું આધિપત્ય પ્રાપ્ત થાય. **॥૪૫૨॥**

શ્લોક :-

विभाव्यस्तस्य भावार्थः, कार्या तद्विहितक्रिया ।
सन्तः सेव्यास्तथाऽसन्तस्त्याज्या धार्या दया हृदि ।।४५३।।
वचः सत्यं मितं वाच्यं, नादत्तं ग्राह्यमण्वपि ।
कामिन्यो विषवद् ज्ञेया, मोच्यः सर्वपरिग्रहः ।४५४।।
धार्यो व्रतोचितो वेषो, विहर्तव्यमसंगिना ।
आहारोपधिशय्यादिशुद्ध्या कार्याऽङ्गयापना ।।४५५।।
देयो नैवावकाशश्च, निद्राऽऽलस्यादिविद्विषाम् ।
जातु नाध्युपपत्तव्यं, हृद्येषु विषयेषु च ।।४५६।।
जुगुप्सनीया न पुनः, कुरूपाद्यर्थसन्ततिः ।
क्षालनीयः सदैवात्मा, निर्मलैर्भावनाजलैः ।।४५७।।

धार्याः समितिसन्तोषतपःस्वाध्यायमुक्तयः ।
तितिक्षितव्यास्त्रिविधोपसर्गाश्च परीषहाः ।।४५८।।
यतितव्यमसम्पन्नयोगेषु धृतिधीजुषा ।
तत्रेत्थं कुर्वतो राज्ये, प्रवेशो नृपतेर्भवेत् ।।४५९।।

શ્લોકાર્થ :-

તેનું=ધર્મશાસ્ત્રનું, ભાવાર્થ વિભાવન કરવું જોઈએ. તેનાથી વિહિત ક્રિયા કરવી જોઈએ. સંતપુરુષોની સેવા કરવી જોઈએ. અસંતપુરુષોનો ત્યાગ કરવો જોઈએ. હૃદયમાં દયા ધારણ કરવી જોઈએ. સત્ય-મિત વચન કહેવું જોઈએ. અણુ પણ અદત્ત ગ્રહણ કરવું જોઈએ નહિ. સ્ત્રીઓ વિષની જેમ જાણવી. સર્વપરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ. વ્રતને ઉચિત વેષ=સાધુવેષ ધારણ કરવો જોઈએ. અસંગપણાથી વિહાર કરવો જોઈએ. આહાર-ઉપધિ-શય્યાદિની શુદ્ધિથી દેહનું પાલન કરવું જોઈએ. નિદ્રા-આળસ આદિ શત્રુઓને અવકાશ આપવો જોઈએ નહિ અને હૃદયને પ્રીતિ કરે એવા વિષયોમાં ક્યારેય પ્રીતિ કરવી જોઈએ નહિ. વળી, કુરૂપ આદિ અર્થસંતતિની જુગુપ્સા કરવી જોઈએ નહિ. સદા જ નિર્મળ ભાવનારૂપી જળથી આત્મા સ્વચ્છ કરવો જોઈએ. સમિતિ-સંતોષ-તપ-સ્વાધ્યાય-મુક્તિ=નિર્લેપતા ધારણ કરવી જોઈએ. ત્રણ પ્રકારના ઉપસર્ગોને પરિષહોને સહન કરવા જોઈએ. ધૃતિ અને બુદ્ધિથી યુક્ત પુરુષે અસંપન્ન યોગોમાં યત્ન કરવો જોઈએ=જેનાથી અધિક વીર્યનો ઉત્કર્ષ થાય તેવા યોગોમાં યત્ન કરવો જોઈએ. આ રીતે કરતાં=શ્લોક-૪૫૨થી અત્યારસુધી કહ્યું એ પ્રકારે કરતાં, એવા રાજાનો તે રાજ્યમાં પ્રવેશ થાય.

પોતાનાં રાજ્યમાં પ્રવેશ ભાવસાધુ કરે છે અને ભાવસાધુ પ્રવેશ કરવાર્થે વ્રત-ઉચ્ચરણ દ્વારા કઈ રીતે દશ પ્રકારના યતિધર્મને સ્વીકારે છે અને સ્વીકાર્યા પછી કઈ રીતે પ્રમાદ વગર નિર્લેપ પરિણતિમાં યત્ન કરે છે તેનું વર્ણન પ્રસ્તુત શ્લોકમાં કર્યું છે. તે પ્રકારે કરનારા ઉત્તમ પુરુષ ભાવથી પોતાના રાજ્યમાં પ્રવેશ પામે છે; કેમ કે એવા પ્રકારની આચરણાથી સોળે પ્રકારે કષાયો ક્ષયોપશમ-

ભાવમાં વર્તે છે અને નવ નોકષાયો નષ્ટપ્રાયઃ વર્તે છે. તેથી નિરાકુળ સ્વભાવરૂપ રાજ્યમાં તે મહાત્માનો પ્રવેશ થાય છે. **॥૪૫૩થી ૪૫૯॥**

શ્લોક :-

तत्र राज्ये प्रवेष्टव्यं, तत् त्वयाऽप्यनया दिशा ।
स्वाङ्गिकश्च ग्रहीतव्योऽभ्यासनामा सहायकः ।।४६०।।

શ્લોકાર્થ :-

તે કારણથી=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે ઉત્તમ પુરુષનો સ્વરાજ્યમાં પ્રવેશ થાય છે તે કારણથી, તારા વડે પણ=ઉત્તમ પુરુષ વડે પણ, આ દિશાથી તે રાજ્યમાં પ્રવેશ કરવો જોઈએ અને અભ્યાસ નામનો પ્રોતાનો આંગિક સહાયક ગ્રહણ કરવો જોઈએ.

રાજ્યમાં પ્રવેશ કરતી વખતે શત્રુથી રક્ષણ કરવાર્થે જિનવચનાનુસાર અભ્યાસ નામનો સહાયક એવો અંગરક્ષક ગ્રહણ કરવો જોઈએ. **॥૪૬૦॥**

શ્લોક :-

सैन्याच्चारित्रधर्मस्य, परो वैराग्यनामकः ।
समेष्यति सहायस्ते, ताभ्यां सिद्धिः करे तव ।।४६१।।

શ્લોકાર્થ :-

ચારિત્રધર્મના સૈન્યથી વૈરાગ્ય નામનો બીજો તારો સહાયક આવશે. તે બંને દ્વારા તારા હાથમાં સિદ્ધિ છે=તારા રાજ્યની પ્રાપ્તિ છે.

ઉત્તમ પુરુષ સિદ્ધાંતને પૂછીને જિનવચનાનુસાર સંયમની ક્રિયાનો ઉચિત અભ્યાસ કરીને સંયમ ગ્રહણ કરે છે, ત્યારે અંતરંગ ચારિત્રધર્મની સેનામાંથી વૈરાગ્ય નામનો પરિણામ તેને પ્રગટે છે. તેથી ઉચિત ક્રિયાનો અભ્યાસ અને વૈરાગ્ય એ બંને દ્વારા તે મહાત્માને રાજ્યની સિદ્ધિ થાય છે. **॥૪૬૧॥**

શ્લોક :-

ताभ्यां युक्तेन भवता, रोद्धव्याऽन्तर्द्विषां गतिः ।
तत्सैनिका निहन्तव्या, स्थिरीकार्या सुहृच्चमूः ।।४६२।।

શ્લોકાર્થ :-

તે બંનેથી યુક્ત એવા તારા વડે=અભ્યાસ ને વૈરાગ્યથી યુક્ત એવા તારા વડે, અંતરંગ શત્રુઓની ગતિ રોધ કરવી જોઈએ. તેના સૈનિકોને= શત્રુના સૈનિકોને, હણવા જોઈએ. મિત્રનું સૈન્ય=ચારિત્રનું સૈન્ય, સ્થિર કરવું જોઈએ.

સંયમ ગ્રહણ કર્યા પછી સંયમની ઉચિત ક્રિયા અને વૈરાગ્ય દ્વારા મહાત્મા અંતરંગ કષાયોનો પ્રવેશ અટકાવે છે, તેના સૂક્ષ્મ ભાવોને હણે છે અને ક્ષયોપશમભાવરૂપ ચારિત્રની પરિણતિને સ્થિર કરે છે. તેમ કરવાથી રાજ્યની પ્રાપ્તિ થાય છે. **॥૪૬૨॥**

શ્લોક :-

पूर्वद्वारे प्रवेष्टव्यं, तत्र राज्ये त्वया ततः ।
सन्ति तद्वामदिग्भागे, पूर्ग्रामादीनि विद्विषाम् ।।४६३।।
सुहृदां दक्षिणे भागे, चित्तवृत्तिमहाटवी ।
सर्वाधारा पुनस्तेषां, तदन्ते निर्वृतिः पुरी ।।४६४।।
अस्ति पश्चिमदिग्भागे, स्थिताऽतीत्य महाटवीम् ।
तव राज्यफलं पूर्णं, तां प्राप्तस्य भविष्यति ।।४६५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તે રાજ્યમાં=આત્મીય રાજ્યમાં, તારા વડે=ઉત્તમ પુરુષ વડે, પૂર્વદ્વારથી પ્રવેશ કરવો જોઈએ. તેની ડાબી દિશાના ભાગમાં=ઉત્તર દિશાના ભાગમાં, શત્રુઓનાં=મહામોહાદિનાં, નગરગ્રામાદિ વિદ્યમાન છે. દક્ષિણ ભાગમાં મિત્રોનાં ગ્રામનગરાદિ છે. વળી, તે બધાને=શત્રુ અને મિત્રોને ચિત્તરૂપી મહાઅટવી સર્વ આધાર છે. તેના અંતમાં=રાજ્યમાં અંતમાં, પશ્ચિમ દિશાના ભાગમાં મહાઅટવીને ઓળંગીને રહેલી નિર્વૃતિ નગરી છે. તેને=નિર્વૃતિ નગરીને, પ્રાપ્ત એવા તને પૂર્ણ રાજ્યફળ મળશે.

આત્મા આત્માના નિરાકુળ સ્વભાવને અભિમુખ જવાનો પ્રારંભ કરે તે પૂર્વદ્વાર છે અને અંતે પશ્ચિમ દિશામાં અર્થાત્ આત્મા પૂર્ણ પોતાના સ્વરૂપમાં

વિશ્રાંત થાય એ રૂપ પશ્ચિમ દિશામાં નિર્વૃતિ નગરી છે અને આત્મા પોતાના ગુણો તરફ વળે એ રૂપ દક્ષિણ ભાગમાં ક્ષયોપશમભાવના ચારિત્રાદિના પરિણામો છે અને આત્મા બાહ્ય સંશ્લેષ તરફ વળે એ રૂપ ઉત્તર દિશામાં ચોરટાઓનાં સ્થાનો છે અને ચિત્તરૂપી અટવી=જીવના મતિજ્ઞાનના ઉપયોગરૂપ ચિત્ત ચોરટાઓનો અને ચારિત્રસૈન્યનો આધાર છે. આથી જ્યારે જીવ સંશ્લેષભાવ તરફ વળે છે ત્યારે ચોરટાઓ જીવને નગરમાંથી બહાર કાઢે છે અને પોતાના ગુણો તરફ વળે છે ત્યારે ચારિત્રસૈન્ય પુષ્ટ બને છે અને ચિત્તરૂપી અટવી બારમા ગુણસ્થાનક સુધી છે, ત્યારપછી કેવલી યોગનિરોધ કરીને મોક્ષમાં જાય છે, ત્યારે પૂર્ણ રાજ્યના ફળને પ્રાપ્ત કરે છે. **॥૪૬૩થી ૪૬૫॥**

શ્લોક :-

तस्यामेव त्वयाऽन्यत्र, गन्तव्यमविलम्बिना ।
औदासीन्याभिधमहाराजमार्गममुञ्चता ।।४६६।।

શ્લોકાર્થ :-

તેમાં જ=ચિત્તરૂપી અટવીમાં જ, અવિલંબી એવા અને ઔદાસીન્ય નામના મહારાજમાર્ગને નહિ છોડતા તારા વડે અન્યત્ર=જે દિશાથી પ્રવેશ કર્યો એનાથી અન્યત્ર, જવું જોઈએ.

સાધુએ આત્માના નિરાકુળ સ્વભાવમાં અવિલંબનથી પ્રયત્ન કરવો જોઈએ અને તેનો ઉપાય ઔદાસીન્ય નામનો મહારાજમાર્ગ છે તેને છોડ્યા વગર પૂર્વથી પ્રવેશ કરીને પશ્ચિમ દિશા તરફ સતત જવું જોઈએ. **॥૪૬૬॥**

શ્લોક :-

आयान्ति विविधास्तत्राशयस्थानजलाश्रयाः ।
तद्भाववारि कलुषं, न पेयं रोगवृद्धिकृत् ।।४६७।।

શ્લોકાર્થ :-

ત્યાં=ચિત્તરૂપી અટવીમાં, વિવિધ આશયસ્થાનરૂપ જલના આશ્રયો આવે છે. રોગવૃદ્ધિને કરનારું કલુષ એવું તે ભાવરૂપી પાણી પીવું જોઈએ નહિ.

જીવ ઉદાસીન માર્ગથી મોક્ષ તરફ જાય છે ત્યાં પાંચ ઇન્દ્રિયોના વિષયોરૂપ જળાશયો છે અને તે વિવિધ પ્રકારના છે અને તે ઇન્દ્રિયોના વિષયોમાં જીવને સંશ્લેષની પરિણતિરૂપ કલુષભાવજળ છે, જેને પીવાથી રોગની વૃદ્ધિ થાય છે. માટે સિદ્ધાંત ઉત્તમ પુરુષને કહે છે, સંયમગ્રહણ કર્યા પછી પશ્ચિમ દિશામાં જતાં તે જલાશયનું પાણી પીવું જોઈએ નહિ. **॥૪૬૭॥**

શ્લોક :-

मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थैर्निर्मलीकृतम् ।
पेयं च तद् यथा तापः, श्रमस्तृष्णा च हीयते ।।४६८।।

શ્લોકાર્થ :-

અને તે=આશયસ્થાનમાં રહેલું જલ, મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ્યથી નિર્મલ કરાયેલું પીવું જોઈએ. જે પ્રમાણે તાપ, શ્રમ અને તૃષ્ણા દૂર થાય.

જીવનું આશયસ્થાન ચિત્તરૂપી અટવીમાં જલરૂપી સરોવર છે અને જીવોને નિરર્થક પ્રવૃત્તિ કરવાના આશયો વર્તે છે, જેનાથી રોગની વૃદ્ધિ થાય છે, તેને શુદ્ધ કરવા અર્થે નિપુણબુદ્ધિપૂર્વક મૈત્રી આદિ ચાર ભાવનાઓ કરવી જોઈએ. જેથી સર્વ જીવો સાથે તે તે ભૂમિકાનુસાર ઉચિત પ્રવૃત્તિઓ કરવાની પરિણતિ થાય. જે નિર્મલ આશયસ્થાન છે અને તે નિર્મલ આશયસ્થાનનું જલ પીવાથી કષાયોનો તાપ શમે છે, વિષયોની તૃષ્ણા શાંત થાય છે અને ચિત્ત શાંતરસમાં જવાથી માર્ગમાં જવાનો શ્રમ અલ્પ-અલ્પતર થાય છે. **॥૪૬૮॥**

શ્લોક :-

नद्यायाति विवेकाद्रेर्बहुमध्येऽस्य धारणा ।
प्राप्तव्या शासनस्थैर्याव्याक्षेपबलतस्त्वया ।।४६९।।

શ્લોકાર્થ :-

આના=ચિત્તરૂપી અટવીના, વિવેકરૂપી પર્વતના બહુ મધ્યમાં ધારણા નદી આવે છે. શાસનના સ્થૈર્ય અને અવ્યાક્ષેપના બલથી તારા વડે=ઉત્તમ પુરુષ વડે, પ્રાપ્તવ્ય છે.

જીવ સંયમ ગ્રહણ કર્યા પછી સંયમની ક્રિયા કરીને ભેદજ્ઞાનરૂપ વિવેકને જ અતિશય કરે છે અને જેમ જેમ ભેદજ્ઞાન સ્થિર સ્થિરતર થાય, તેમ તેમ આત્મા મોહથી અનાકુળ ભાવમાં પ્રવર્તતો થાય છે અને વિવેકરૂપી પર્વતનો છેડો કેવલજ્ઞાન વખતે આવે છે; કેમ કે તે વખતે અરૂપી આત્મા અને રૂપી પુદ્ગલ સ્પષ્ટ પૃથગ્ દેખાય છે. પરંતુ ભેદજ્ઞાનનો ઘણો મધ્યભાગ પસાર થાય ત્યારે ધારણા નામની નદી ચિત્તરૂપી અટવીમાં આવે છે. એમ સિદ્ધાંત ઉત્તમ પુરુષને કહે છે અને તે નદીને કઈ રીતે પ્રાપ્ત કરવી જોઈએ તેનો ઉપાય બતાવતાં કહે છે. ભગવાનનાં વચનો વીતરાગનાં વચનો છે. તેથી સર્વ વીતરાગતાનાં કારણ છે તેમ સૂક્ષ્મ યુક્તિથી ભાવન કરીને ભગવાનના શાસનમાં સ્થૈર્ય પ્રાપ્ત કરવું જોઈએ અને ચિત્ત બાહ્ય પદાર્થોમાં વ્યાક્ષેપ ન પામે તે રીતે પ્રવર્તાવવું જોઈએ, જેથી તે ધારણા નદી પ્રાપ્ત થશે. **॥૪૬૯॥**

શ્લોક :-

तत्रोत्थास्यन्ति ये चौरा, महाव्युत्थानगर्ततः ।
भवता भञ्जनीयास्ते, भावनाऽशनिनाऽखिलाः ।।४७०।।

શ્લોકાર્થ :-

ત્યાં=ધારણા નદીની આગળમાં, મહાવ્યુત્થાન ગર્તથી જે ચોરો ઊઠશે, સઘળા એવા તેઓ ભાવનારૂપી વજ્રથી તારા વડે=ઉત્તમ વડે, ભંજનીય છે=વિનાશ કરવા યોગ્ય છે.

સાધુ સંયમ ગ્રહણ કરે છે ત્યારે સર્વ સંગનો ત્યાગ કરે છે. માત્ર ધર્મ ઉપકરણને ધારણ કરે છે અને ધર્મ આત્માનો સ્વભાવ છે. તેનો અતિશય કરવાના અંગરૂપે દેહ, વસ્ત્ર વગેરે ધારણ કરે છે અને વિચારે છે કે આત્માના ક્ષાયિકભાવના ધર્મો સાથે જ મારે અભેદ છે. તેને પ્રગટ કરવાના ઉપાયરૂપે જ આ ધર્મ ઉપકરણો છે. તે પ્રકારની નિર્મળ બુદ્ધિરૂપ વિવેકપર્વત સાધુના ચિત્તમાં દીક્ષાના પ્રારંભમાં જ સ્ફુરાયમાન થાય છે અને સતત ધર્મઅનુષ્ઠાનો સેવીને નિર્લેપ પરિણતિ પ્રગટ કરવા ઉદ્યમ કરે છે, ત્યારે વિવેક પર્વતમાં ગમન થાય છે અને તેના બહુ મધ્યમાં સ્થિરતારૂપ ધારણા નદી આવે છે. તે ધારણા નદીને ઓળંગીને સાધુ ધ્યાનમાં જવા યત્ન કરે છે. પરંતુ તે ધારણા નદી અને ધ્યાનની

વચમાં મહાવ્યુત્થાનરૂપી ખાડો છે. આથી જ સાધુ ધારણામાં સ્વઅભ્યસ્ત કરીને ધ્યાનમાં જવા યત્ન કરે છે, ત્યારે જે મહાવ્યુત્થાનરૂપ ખાડો છે, તેમાંથી કષાયોરૂપી ચોરો કંઈક ઊઠશે, જે ધ્યાનમાં જવા માટે જીવને વિઘ્નભૂત બનશે. તે ચોરોને ભાવનારૂપી વજ્રથી હણવા જોઈએ, એમ ઉત્તમ પુરુષને સિદ્ધાંત કહે છે=ભગવાનના વચનથી તે રીતે આત્માને ભાવિત કરવો જોઈએ કે જેથી આત્મા નિરાકુળ ભાવમાં સ્થિર થાય. તેવી ભાવના દ્વારા ધ્યાનમાં સ્ખલના કરનારા સૂક્ષ્મ કષાયોના પરિણામોનો નાશ કરવો જોઈએ. **॥૪૭૦॥**

શ્લોક :-

द्रक्ष्यसि प्रगुणं धर्मध्यानदण्डोलकं ततः ।
गन्तव्यं तेन गत्वाऽसौ, महामार्गे पतिष्यति ।।४७१।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=ભાવનારૂપી વજ્રથી ચોરોનો નાશ કર્યા પછી, પ્રકૃષ્ટ ગુણવાળા ધર્મધ્યાનરૂપ દંડોલકને તું જોઈશ. તેનાથી જવું જોઈએ=ધર્મધ્યાનરૂપી દંડોલકથી જવું જોઈએ. જઈને આ=ધર્મધ્યાનરૂપ દંડોલક મહામાર્ગમાં પડશે.

સિદ્ધાંત ઉત્તમ પુરુષને કહે છે. ભાવનારૂપી વજ્રથી તું ચોરોનો નાશ કરીશ. ત્યારપછી અત્યંત ગુણવાળો ધર્મધ્યાનરૂપી દંડોલક તને દેખાશે. જેથી વિશિષ્ટ પ્રકારના ધ્યાનમાં તારો યત્ન થશે અને તે ધ્યાન શુક્લધ્યાન તરફ જનારા માર્ગને બતાવનાર દિશાયંત્રરૂપ છે. ત્યાંથી તું ધર્મધ્યાનમાં જઈશ તો તે ધર્મધ્યાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મહામાર્ગમાં પડશે. **॥૪૭૧॥**

શ્લોક :-

सबीजयोगसंज्ञाने, गच्छतस्तत्र भावि ते ।
प्राबल्यं धर्मसैन्यस्य, मोहप्रलयपूर्वकम् ।।४७२।।

શ્લોકાર્થ :-

સબીજયોગ સંજ્ઞાનરૂપ મહામાર્ગમાં ધર્મધ્યાન દંડોલક પડશે, એમ પૂર્વના શ્લોક સાથે સંબંધ છે. ત્યાં=મહામાર્ગને સન્મુખ જતાં તારા મોહના પ્રલયપૂર્વક ધર્મસૈન્યનું પ્રાબલ્ય થશે.

ધર્મધ્યાન દંડોલક જે મહામાર્ગ બતાવે છે, તે બીજ સહિત યોગસંજ્ઞાન સ્વરૂપ છે. જે અવશ્ય યોગનિરોધની પ્રાપ્તિ કરાવીને મોક્ષનું કારણ બનશે અને ધર્મધ્યાનના દંડોલકને અવલંબીને તે મહામાર્ગ તરફ જતાં ઉત્તમ પુરુષનું ધર્મસૈન્ય પ્રબળ બને છે; કેમ કે કષાયોની પરિણતિરૂપ જે મોહના પરિણામો છે, તે અત્યંત ક્ષયોપશમભાવવાળા બને છે. તેથી ક્ષયોપશમભાવનું ચારિત્ર પણ પૂર્વપૂર્વ કરતાં ક્ષાયિકભાવને અત્યંત આસન્ન આસન્નતર બને છે. **॥૪૭૨॥**

શ્લોક :-

रजस्तमोलयाच्छुभ्रा, भवित्री राज्यभूरपि ।
लप्स्यसेऽवहितः शुक्लध्यानदण्डोलकं ततः ।।४७३।।

શ્લોકાર્થ :-

રજો-તમોના લયથી=રાગ-દ્વેષની અત્યંત ક્ષીણ અવસ્થા થવાથી, રાજ્યભૂમિ પણ શુભ્ર થશે. ત્યારપછી અવધાનવાળો એવો તું શુક્લધ્યાન દંડોલકને પ્રાપ્ત કરીશ.

ધર્મધ્યાન દંડોલકની દિશાને પકડીને ધર્મધ્યાનથી સંપન્ન થયેલા મહાત્મા ક્ષપકશ્રેણી તરફ જાય છે. ત્યારે આત્માના નિરાકુળ સ્વભાવમાં સ્થિર થવામાં બાધક રાગ-દ્વેષ અત્યંત લય પામે છે. તેથી આત્માના પોતાના સામ્રાજ્યરૂપ રાજ્યભૂમિ અત્યંત સ્વચ્છ બને છે. તેથી આત્માની નિરાકુળ અવસ્થા તે મહાત્માને અત્યંત સ્પષ્ટ સ્પષ્ટતર દેખાય છે. ત્યારપછી દૃઢ પ્રણિધાનપૂર્વક તે દિશામાં જતાં તે મહાત્માને શુક્લધ્યાનરૂપી દંડોલક પ્રાપ્ત થાય છે. જે દંડોલક કેવલજ્ઞાન તરફ જવાની દિશા બતાવે છે. **॥૪૭૩॥**

શ્લોક :-

विमलः केवलालोको, भावी तत् तेन गच्छतः ।
ततो निर्बीजयोगाख्ये, बृहन्मार्गे पतिष्यसि ।।४७४।।

શ્લોકાર્થ :-

તે કારણથી=અવહિત માનસવાળો તું શુક્લધ્યાનને પામીશ તે કારણથી, તેનાથી જતાં=શુક્લધ્યાન દંડોલકથી જતાં, તને વિમલ

કેવલાલોક થશે. ત્યારપછી નિર્બીજયોગ નામના બૃહત્ માર્ગમાં પડીશ.

શુક્લધ્યાન દંડોલકથી જીવ આત્માના નિરાકુળ નિરાકુળતર અવસ્થામાં જવા યત્ન કરે છે. જેથી મોહનીયનો ક્ષયોપશમભાવ વૃદ્ધિ પામીને ક્ષાયિકભાવને પામે છે અને અન્ય ઘાતિકર્મો ક્ષય પામે છે, ત્યારે વિમલ કેવલાલોક પ્રગટ થાય છે અને કેવલજ્ઞાન થયા પછી સર્વ સંસારના બીજનો નાશ કરે એવો મોક્ષસાધક એવો મોટો યોગમાર્ગ છે, જેને તું પ્રાપ્ત કરીશ એમ સિદ્ધાંત ઉત્તમ પુરુષને કહે છે. **||૪૭૪||**

શ્લોક :-

समुद्घातः केवलिना, विधेयस्तत्र च त्वया ।
विषमारीन् समीकर्तुं, हन्तव्या योगराक्षसाः ।।४७५।।

શ્લોકાર્થ :-

અને ત્યાં=નિર્બીજયોગ નામના બૃહત્ માર્ગમાં, કેવલી એવા તારા વડે વિષમ શત્રુઓને સમાન કરવા માટે=અઘાતિ જે ચાર શત્રુ છે, તેને સમાન કરવા માટે, સમુદ્ઘાત કરવો જોઈએ. યોગરાક્ષસોને હણવા જોઈએ.

કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી ચાર અઘાતિકર્મોને સમાન કરવા અર્થે કેવલી સમુદ્ઘાત કરવો જોઈએ અને ત્યારપછી મન-વચન-કાયારૂપ જે રાક્ષસો છે તેમને હણવા જોઈએ, એમ સિદ્ધાંત ઉત્તમ પુરુષને ઉપદેશ આપે છે. **||૪૭૫||**

શ્લોક :-

स्फुटीभविष्यति ततः, शैलेशी नाम वर्तनी ।
निर्वृतिं नगरीं सा त्वां, प्रापयिष्यति निश्चितम् ।।४७६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=મન, વચન, કાયાના યોગોરૂપ રાક્ષસોને હણ્યા પછી શૈલેશી નામની વર્તની=માર્ગ, સ્પષ્ટ થશે=પ્રગટ થશે. તે=શૈલેશી વર્તની તને=ઉત્તમ પુરુષને, નિર્વૃતિ નગરીને નિશ્ચિત પ્રાપ્ત કરાવશે.

સિદ્ધાંત ઉત્તમ પુરુષને કહે છે કે યોગનિરોધ કર્યા પછી શૈલેશી માર્ગ સ્પષ્ટ થશે. જેનાથી સર્વ કર્મરહિત અવસ્થારૂપ મોક્ષની પ્રાપ્તિ થશે. **||૪૭૬||**

શ્લોક :-

भावी व्यतिकरस्तेऽयमौदासीन्यममुञ्चतः ।
सर्वोऽन्यच्च त्वया ग्राह्या, समतायोगनालिका ।।४७७।।

શ્લોકાર્થ :-

ઔદાસીન્યને નહિ મૂકતા એવા તને આ સર્વ વ્યતિકર=પૂર્વમાં વર્ણન કર્યું તે સર્વ વ્યતિકર, થશે અને બીજું, તારા વડે સમતાયોગનલિકા ગ્રહણ કરવી જોઈએ.

સિદ્ધાંત ઉત્તમ પુરુષને રાજ્યમાં કઈ રીતે પ્રવેશ કરીને તું નિર્વૃતિ નગરીમાં જઈશ, તે બતાવ્યા પછી આ સર્વની પ્રાપ્તિ જગતના સર્વ ભાવો પ્રત્યે ઉદાસીન થવાથી થાય છે, તેથી સંયમ ગ્રહણ કર્યા પછી સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ, સર્વ ભાવો પ્રત્યે ચિત્ત ઉદાસીન ઉદાસીનતર થાય તે પ્રકારે યત્ન કરવો જોઈએ અને સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ પ્રત્યે સમતાનો પરિણામ વર્તે તે પ્રકારે તારે યત્ન કરવો જોઈએ. જેથી અસ્ખલિત સ્વરાજ્યમાં પ્રવેશ ઉત્તરોત્તર અધિક અધિકતર થશે. **॥૪૭૭॥**

શ્લોક :-

पातनीया निजा दृष्टिस्तस्यामनुभवस्ततः ।
सर्वार्थविषयो भावी, तेन युक्तं करिष्यसि ।।४७८।।

શ્લોકાર્થ :-

તેમાં=સમતારૂપી યોગનલિકામાં, નિજ દૃષ્ટિ નાંખવી જોઈએ. તેથી સર્વ અર્થના વિષયવાળો અનુભવ=તારા સર્વ પ્રયોજનના વિષયવાળો અનુભવ થશે. તેનાથી તું યુક્ત કરીશ=રાજ્યમાં પ્રવેશને અનુકૂળ યુક્ત કરીશ.

તારા રાજ્યમાં પ્રવેશ કર્યા પછી તું સમતારૂપી નલિકામાં દૃષ્ટિને નાંખીશ તો જગતના સર્વ ભાવો પ્રત્યે ઉદાસીનતાનો પરિણામ તને થશે અને સંસારના ભાવોમાં ક્લેશ થાય છે અને સમતાના પરિણામમાં સ્વસ્થતા થાય છે, તેવો

સ્વઅનુભવ તને થશે. તેના બળથી તું પોતાના નિરાકુળ સ્વભાવમાં જવાને અનુકૂળ સર્વ યત્ન કરીશ. **॥૪૭૮॥**

શ્લોક :-

व्यापारः सर्वशास्त्राणां, दिक्प्रदर्शन एव हि ।
पारं तु प्रापयत्येकोऽनुभवो भववारिधेः ।।४७९।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, સર્વ શાસ્ત્રોનો વ્યાપાર દિશાનું પ્રદર્શન જ છે. વળી, ભવસમુદ્રના પારને એક અનુભવ પ્રાપ્ત કરાવે છે.

સિદ્ધાંત ઉત્તમ પુરુષને કહે છે કે સમતાનલિકામાં દૃષ્ટિ નાંખવાથી અનુભવ જ થશે. તેનાથી તું યુક્ત કૃત્ય કરીશ. કેમ ? તેથી કહે છે. શાસ્ત્રોનો વ્યાપાર અનુભવ પ્રાપ્તિની દિશા માત્ર જ બતાવે છે અને તે દિશા અનુસાર ઉચિત પ્રયત્ન કરવાથી જીવને કષાયોના શમનનો અનુભવ થાય છે. જેના બળે ઉત્તરોત્તરના અનુભવમાં યત્ન કરીને તે મહાત્મા સંસારસમુદ્રથી પારને પ્રાપ્ત કરે છે. **॥૪૭૯॥**

શ્લોક :-

केषां न कल्पनादर्व्वी, शास्त्रक्षीरान्नगाहिनी ।
विरलास्तद्रसास्वादविदोऽनुभवजिह्वया ।।४८०।।

શ્લોકાર્થ :-

કલ્પનારૂપી કડછી શાસ્ત્રરૂપી ક્ષીરાન્નને ગ્રહણ કરનારી કોને નથી= ઘણાને છે. વિરલા=થોડા જ પુરુષો અનુભવજિહ્વાથી તેના રસનો આસ્વાદ કરે છે.

સંસારી જીવોમાં થોડાક જ જીવો ધર્મ અને શાસ્ત્રને અભિમુખ પરિણામવાળા હોય છે તોપણ શાસ્ત્રના પરમાર્થને સ્પર્શનારા કરતાં ઘણા જીવો શાસ્ત્રમાં વિદ્વાન થનારા છે. તેથી શાસ્ત્રોના અર્થને જાણવામાં પ્રયત્ન કરવા રૂપ કલ્પના તેઓની હોય છે. જે શાસ્ત્રરૂપી ક્ષીરાન્નને ગ્રહણ કરે છે તોપણ તે શાસ્ત્ર

ભણનારામાંથી વિરલા પુરુષો જ શાસ્ત્રવચનોનું ચર્વણ કરીને કષાયોના ઉપશમરૂપ અનુભવજિહ્વાથી શાસ્ત્રના રસનું આસ્વાદન લેનારા છે. તેથી સિદ્ધાંત ઉત્તમ પુરુષને કહે છે કે સમતાનલિકામાં દૃષ્ટિપાત કરીને અનુભવ માટે તારે યત્ન કરવો જોઈએ. માત્ર શાસ્ત્ર ભણીને સંતોષ માનવો જોઈએ નહિ. **॥૪૮૦॥**

શ્લોક :-

पश्यतु ब्रह्म निर्द्वन्द्वं, निर्द्वन्द्वानुभवं विना ।
कथं लिपिमयी दृष्टिर्वाङ्मयी वा मनोमयी ।।४८१।।

શ્લોકાર્થ :-

નિર્દ્વંદ્વ અનુભવ વગર=કષાયોના દ્વંદ્વ વગરના મધ્યસ્થ પરિણતિરૂપ નિર્દ્વંદ્વ અનુભવ વગર, નિર્દ્વંદ્વ એવું બ્રહ્મ=સિદ્ધઅવસ્થા, લિપિમયી, વાણીમયી કે મનોમયી દૃષ્ટિ કેવી રીતે જોઈ શકે ?

લિપિરૂપ શાસ્ત્રવચનો, વાણીરૂપી વચનપ્રયોગો અને મનની તે પ્રકારની કલ્પનારૂપ વિચારણાઓ સિદ્ધઅવસ્થાના પરમાર્થને જોવામાં અસમર્થ છે. પરંતુ સિદ્ધાંતના વચનનું અવલંબન લઈને ઉત્તમ પુરુષ અનુભવને પ્રાપ્ત કરે તો તે અનુભવના બળથી જ સિદ્ધઅવસ્થાનું કંઈક સ્વરૂપ દેખાય. જેમાં તન્મય થવાથી સિદ્ધઅવસ્થાની જ પ્રાપ્તિ થાય છે. **॥૪૮૧॥**

શ્લોક :-

ततोऽनुभवसंसिद्धेरक्षरातीतमार्गगः ।
अक्षरातीतपदवीं, निर्वृतिं लप्स्यसे सुखम् ।।४८२।।

શ્લોકાર્થ :-

તેથી=નિર્દ્વંદ્વ અનુભવથી નિર્દ્વંદ્વ બ્રહ્મ દેખાય છે તેથી, અનુભવની સંસિદ્ધિ થવાના કારણે અક્ષરથી અતીત માર્ગમાં જનારો એવો તું અક્ષરથી અતીત પદવીરૂપ નિર્વૃતિને સુખે પ્રાપ્ત કરીશ.

સિદ્ધાંત ઉત્તમ પુરુષને કહે છે. જો તને મારા બતાવેલા માર્ગના બળથી અનુભવની પ્રાપ્તિ થશે તો શબ્દોથી ન કહી શકાય તેવા મોક્ષમાર્ગમાં જનારો તું

બનીશ; કેમ કે મોક્ષમાર્ગ રાગ-દ્વેષ અને અજ્ઞાનના વિલયરૂપ અંતરંગ પરિણામરૂપ છે, અક્ષરથી બતાવી શકાય તેવું નથી. છતાં નિર્દ્વંદ્વ અનુભવના બળથી તું શબ્દોથી ન બતાવી શકાય તેવા મોક્ષના સુખને પ્રાપ્ત કરીશ. **॥૪૮૨॥**

શ્લોક :-

तत्रान्तरङ्गराज्यस्य, फलभोक्ता भविष्यसि ।
सर्वकर्मोज्झितः सिद्धः, सिद्धानन्तचतुष्टयः ।।४८३।।

શ્લોકાર્થ :-

ત્યાં=નિર્વૃતિ નગરીમાં, સર્વ કર્મોથી રહિત, સિદ્ધ, સિદ્ધ અનંત ચતુષ્ટયવાળો એવો તું અંતરંગ રાજ્યના ફળનો ભોક્તા=આત્માના સ્વાભાવિક સ્વરૂપરૂપ આનંદનો ભોક્તા, થઈશ. ।।૪૮૩।।

શ્લોક :-

राज्यप्रवेशादारभ्य, वर्धमाना विभूतयः ।
भविष्यन्ति न कर्तव्यस्तासु सङ्गस्त्वयाऽनघ ! ।।४८४।।

શ્લોકાર્થ :-

રાજ્યના પ્રવેશથી માંડીને વધતી વિભૂતિઓ થશે. હે અનઘ એવા ઉત્તમ પુરુષ ! તેઓમાં=તે વિભૂતિઓમાં, તારે સંગ કરવો જોઈએ નહિ.

ઉત્તમ પુરુષ દૃઢ પ્રણિધાનપૂર્વક સિદ્ધાંતના વચનાનુસાર રાજ્યપ્રવેશ કરશે, ત્યારથી ક્ષયોપશમભાવની વૃદ્ધિથી જેમ ચારિત્રની પરિણતિની વૃદ્ધિ થશે, તેમ અનેક પ્રકારની લબ્ધિઓ તે મહાત્માને થશે અને સિદ્ધાંત તેને કહે છે, તે લબ્ધિઓમાં સહેજ પણ હું લબ્ધિસંપન્ન છું, એ પ્રકારનો સંગ તારે કરવો જોઈએ નહિ. જેથી સમતાની વૃદ્ધિથી નિર્વૃતિ તરફ અસ્ખલિત ગમન થશે. **॥૪૮૪॥**

શ્લોક :-

पाल्याश्चारित्रधर्माद्याः, स्मर्तव्यं वचनं मम ।
पदं क्रमेण दातव्यं, नौत्सुक्येन विना क्रमम् ।।४८५।।

શ્લોકાર્થ :-

ચારિત્રધર્માદિ પાળવા જોઈએ. મારું વચન=સિદ્ધાંતનું વચન, સ્મરણ કરવું જોઈએ. ક્રમથી પગલાને મૂકવું જોઈએ. ક્રમ વગર ઔત્સુક્યથી પગલું મૂકવું જોઈએ નહિ.

સિદ્ધાંત ઉત્તમ પુરુષને કહે છે. સ્વરાજ્યમાં પ્રવેશ કર્યા પછી ચોરટાઓને પાળવા જોઈએ નહિ. પરંતુ ચારિત્રધર્માદિને જ પાળવા જોઈએ અને સિદ્ધાંતે જે પ્રકારે રાજ્યમાં પ્રવેશની વિધિ બતાવી અને નિર્વૃતિ નગરી સુધી જવાનો માર્ગ બતાવ્યો, તે સર્વનું સતત સ્મરણ કરવું જોઈએ અને માર્ગમાં ગમન ક્રમસર ઉત્તરોત્તરના સ્થાનમાં જવાય તે પ્રકારે કરવું જોઈએ. પરંતુ શીઘ્ર હું અંતિમ ભૂમિકાને પામી જાઉં, એ પ્રકારના ઔત્સુક્યથી ક્રમને છોડીને જવું જોઈએ નહિ; કેમ કે તેમ કરવાથી બાહ્ય ક્રિયા થશે, પરંતુ સમતાના કંડકોની વૃદ્ધિ દ્વારા મોક્ષગમન થશે નહિ. **॥૪૮૫॥**

શ્લોક :-

एवं ते भाविनी सिद्धिर्गच्छ राज्यं कुरुष्व तत् ।
परिश्रमो मे सफलः, प्राप्ते राज्यफले त्वया ।।४८६।।

શ્લોકાર્થ :-

આ રીતે તને સિદ્ધિ થશે. તે કારણથી તું જા=રાજ્યમાં જા. રાજ્યને કર. તારા વડે રાજ્યનું ફળ પ્રાપ્ત થયે છતે=રાજ્યપાલનનું ફળ મોક્ષ પ્રાપ્ત થયે છતે, મારો પરિશ્રમ=સિદ્ધાંતનો પરિશ્રમ, સફળ છે.

સિદ્ધાંત ઉત્તમ પુરુષને કહે છે. અત્યાર સુધી મેં કહ્યું એ પ્રમાણે તું કરીશ તો તને મોક્ષની પ્રાપ્તિ થશે. માટે તું તારા રાજ્યમાં પ્રવેશ કર=સંયમની પરિણતિનો સ્વીકાર કર અને આત્માના પરિણામની પ્રાપ્તિરૂપ રાજ્યને કર. આ રીતે કરતાં જ્યારે મોક્ષની તને પ્રાપ્તિ થશે, ત્યારે સિદ્ધાંતનો પરિશ્રમ સફળ થશે. **॥૪૮૬॥**

શ્લોક :-

यथा सिद्धान्तवचनमन्वतिष्ठदथोत्तमः ।
निघ्नन् मोहचमूं सर्वां, स्वराज्ये प्रविवेश च ।।४८७।।

શ્લોકાર્થ :-

હવે જે પ્રમાણે સિદ્ધાંતનું વચન છે, તે પ્રમાણે ઉત્તમે આચરણા કરી અને સર્વ મોહચોરટાઓને હણતા એવા તેણે સ્વરાજ્યમાં પ્રવેશ કર્યો.

ઉત્તમ પુરુષે સિદ્ધાંતના વચનને સાંભળ્યા પછી તે પ્રમાણે જ અનુસરણ કરતાં નગરમાં પ્રવેશ કરે છે અને ઉત્તર દિશામાં જે ચોરટાઓનાં સ્થાનો છે તેને હણે છે=બાહ્ય પદાર્થો પ્રત્યે સંશ્લેષ કરાવનાર પરિણતિ છે તેને ક્ષીણ કરે છે. જેથી ઉપદ્રવો રહિત સ્વરાજ્યમાં પ્રવેશ થઈ શકે. **॥૪૮૭॥**

શ્લોક :-

औदासिन्याभिधं मार्गममुञ्चन्निर्वृतिं पुरीम् ।
गत्वा भुङ्क्ते स राज्यं स्वं, शक्रचक्रधरस्तुतः ।।४८८।।

શ્લોકાર્થ :-

ઔદાસીન્ય નામના માર્ગને નહિ છોડતો એવો ઉત્તમ પુરુષ નિર્વૃતિ નગરીમાં જઈને શક્રચક્રધરથી સ્તુતિ કરાયેલો તે=ઉત્તમ પુરુષ, સ્વરાજ્યને ભોગવે છે. ।।૪૮૮।।

શ્લોક :-

चित्तवृत्तिमहाराज्यमेवमुत्तमभूभुजा ।
यत् कर्मपरिणामेन, प्रदत्तं तत् सुपालितम् ।।४८९।।

શ્લોકાર્થ :-

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, કર્મપરિણામ વડે જે ચિત્તવૃત્તિરૂપ મહારાજ્ય અપાયું, તે રાજ્ય ઉત્તમ રાજાએ સુપાલન કર્યું. ।।૪૮૯।।

શ્લોક :-

ततस्तमपि जित्वाऽसौ, संप्राप्तो निर्वृतिं पुरीम् ।
स्वार्थमात्रप्रसक्तानां, स्नेहो न प्रतिबन्धकः ।।४९०।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=કર્મપરિણામ રાજાએ આપેલા રાજ્યનું સુપાલન કર્યું

ત્યારપછી, તેને પણ જીતીને=કર્મપરિણામ રાજાને પણ જીતીને, આ=ઉત્તમ પુરુષ, નિર્વૃતિ નગરીને પામ્યો. સ્વાર્થમાત્રમાં પ્રસક્ત જીવોને સ્નેહ પ્રતિબંધક નથી.

ઉત્તમ પુરુષને ક્ષયોપશમભાવનાં કર્મો પ્રત્યે સ્નેહ હતો છતાં મુક્ત અવસ્થાના કારણ તે ક્ષયોપશમભાવનાં કર્મો છે તેથી જ સ્નેહ હતો અને ઉત્તમ પુરુષ મોક્ષ સાધવારૂપ સ્વાર્થ માત્રમાં આસક્ત હોય છે તેથી ક્ષયોપશમભાવનાં કર્મો પ્રત્યેનો સ્નેહ કર્મનો નાશ કરવામાં બાધક થતો નથી. **॥૪૯૦॥**

શ્લોક :-

अथोत्तमोत्तमो राज्ये, षष्ठवर्षे नियोजितः ।
विहितं घोषणं देशे, डिण्डिमेन यथाक्रमम् ।।४९१।।

શ્લોકાર્થ :-

હવે છટ્ઠા વર્ષે ઉત્તમોત્તમ રાજ્યમાં નિયોજિત કરાયા. દેશમાં ડિંડિમ દ્વારા યથાક્રમ ઘોષણા કરાઈ. ।।૪૯૧।।

શ્લોક :-

महामोहादयश्चौरास्ततो जाता मृता इव ।
चारित्रधर्मसैन्यं च, पर्यालोचे दधौ मुदम् ।।४९२।।

શ્લોકાર્થ :-

તેથી=ઉત્તમોત્તમ પુરુષને રાજ્ય મળ્યું એ પ્રકારની ઘોષણા સાંભળી તેથી, મહામોહાદિ ચોરો મરેલા જેવા થયા અને પર્યાલોચનમાં=ઉત્તમોત્તમને રાજ્ય મળ્યું છે એ પ્રકારના પર્યાલોચનમાં, ચારિત્રધર્મ સૈન્યે આનંદને ધારણ કર્યો.

ઉત્તમોત્તમ પુરુષની ચિત્તવૃત્તિમાં મહામોહાદિ ભાવો મૃત જેવા હોય છે અને ક્ષયોપશમભાવના પરિણામરૂપ ચારિત્રસૈન્ય અત્યંત પ્રવર્ધમાન પરિણતિવાળું હોય છે. તેથી તીર્થંકરના જન્મથી જ તેઓની સર્વ ઉત્તમ પ્રકૃતિઓ વ્યક્ત-વ્યક્તતર થાય છે. **॥૪૯૨॥**

શ્લોક :-

महावर्धनकं जातं, तद्देशेषु च भूरिषु ।
उत्तमस्येव सम्पन्नो, वृत्तान्तोऽस्यापि चाखिलः ।।४९३।।

શ્લોકાર્થ :-

અને ઘણા તેના દેશોમાં મહાવર્ધનક થયું અને ઉત્તમની જેમ આમનો પણ=ઉત્તમોત્તમનો પણ, અખિલ વૃત્તાંત થયો.

ઉત્તમોત્તમ એવા તીર્થંકરના જન્મ વખતે તેઓના અંતરંગ ચિત્તમાં ગુણવૃદ્ધિનો ઉત્સાહ સતત વર્તે છે. તેથી અંતરંગ દેશોમાં મહાવર્ધનક થયું. વળી, જેમ ઉત્તમ પુરુષના રાજ્યનું શ્રવણ કરીને મોહના સૈન્યમાં અને ચારિત્રના સૈન્યમાં વૃત્તાંત થયો, તેવો અખિલ પ્રસંગ ઉત્તમોત્તમના વિષયમાં પણ થાય છે. **॥૪૯૩॥**

શ્લોક :-

केवलं तेन नो पृष्टः, सिद्धान्तो राज्यसाधनम् ।
सर्वा राज्यस्थितिस्तस्य, विदिता स्वत एव हि ।।४९४।।

શ્લોકાર્થ :-

કેવલ તેના વડે=ઉત્તમોત્તમ વડે, રાજ્યના સાધનને=રાજ્યપ્રાપ્તિના ઉપાયને, સિદ્ધાંત પુછાયા નહિ. તેને=ઉત્તમોત્તમને, સર્વ રાજ્યની સ્થિતિ સ્વતઃ_જ વિદિત છે.

તીર્થંકરો સ્વયંસંબુદ્ધ હોવાથી સિદ્ધાંતની સલાહ લઈને રાજ્યમાં પ્રવેશ કરતા નથી. પરંતુ ઉચિત કાળે સંયમ ગ્રહણ કરીને પોતાના રાજ્યને પ્રાપ્ત કરવા સમ્યક્ યત્ન કરે છે. **॥૪૯૪॥**

શ્લોક :-

सौराज्यभाजा तेनोक्तः, सिद्धान्तो गणधारिणाम् ।
उपकारीति तैरङ्गोपाङ्गरूपेण निर्मितः ।।४९५।।

શ્લોકાર્થ :-

સૌરાજ્યને ભજનારા એવા તેના વડે=ઉત્તમોત્તમ વડે, ગણધારીઓને

સિદ્ધાંત કહેવાયો. ઉપકારી છે=યોગ્ય જીવોને ઉપકારી છે, એથી તેઓ વડે=ગણધરો વડે, અંગોપાંગરૂપથી નિર્માણ કરાયો.

તીર્થંકરો પોતાના આત્મા ઉપર સુંદર પ્રભુત્વવાળા હોવાથી સૌરાજ્યને ભજનારા છે અને કેવળજ્ઞાન થયા પછી ગણધરોને તેઓ સિદ્ધાંત બતાવે છે અને ભગવાને બતાવેલો સિદ્ધાંત લોકોને ઉપકારી છે, તેથી ગણધરો અંગોપાંગરૂપે દ્વાદશાંગીનું નિર્માણ કરે છે. **॥૪૯૫॥**

શ્લોક :-

अस्योपदेशः सिद्धान्तस्तेनायं नोपदेशकः ।
येनाध्वना स्वयं याति, तमेवोपदिशत्यसौ ।।४९६।।

શ્લોકાર્થ :-

આમનો ઉપદેશ=ઉત્તમોત્તમનો ઉપદેશ, સિદ્ધાંત છે. તે કારણથી આ=સિદ્ધાંત, ઉપદેશક નથી=ભગવાનના ઉપદેશક નથી. જે માર્ગથી સ્વયં જાય છે, તેનો જ=તે માર્ગનો જ, આ=ઉત્તમોત્તમ પુરુષ, ઉપદેશ આપે છે. ।।૪૯૬।।

શ્લોક :-

तं मार्गदेशकं सर्वे, सेवन्ते नृसुरासुराः ।
अतिशेतेऽस्य बाह्याऽपि, समृद्धिर्विश्वसम्पदम् ।।४९७।।

શ્લોકાર્થ :-

માર્ગદેશક એવા તેને=ઉત્તમોત્તમ પુરુષને, સર્વ મનુષ્ય, સુર, અસુરો સેવે છે. આમની=ઉત્તમોત્તમની, બાહ્ય પણ સમૃદ્ધિ વિશ્વસંપત્તિને ઓળંગે છે. ।।૪૯૭।।

શ્લોક :-

सौवर्णो राजतो रात्नश्चेत्येते तस्य निर्मलाः ।
भान्ति क्रीडाद्रयः सालास्त्रैलोक्यप्रभुताश्रियाम् ।।४९८।।

શ્લોકાર્થ :-

સુવર્ણ સંબંધી, રજત સંબંધી અને રત્ન સંબંધી એવા આ તેમની= ઉત્તમોત્તમની નિર્મળ ક્રીડાદ્રિશાલાઓ=સમવસરણની રચનાઓ, ત્રૈલોક્યની પ્રભુતાની લક્ષ્મીને જણાવે છે. ॥૪૯૮॥

શ્લોક :-

अशोकपादपो भाति, पुरस्तस्य स्फुरद्द्युतिः ।
उद्गिरन् सन्ततं रागं, हृन्निवेशः सतामिव ।।४९९।।

શ્લોકાર્થ :-

તેમની આગળ=ઉત્તમોત્તમની આગળ, સ્ફુરાયમાન થતાં ધુતિવાળો, સંતોને જાણે હૃદયનો નિવેશ હોય એવો, સતત રાગને ઉદ્ગિરન કરતો=રક્તવર્ણને પ્રગટ કરતો, અશોકવૃક્ષ શોભે છે. ॥૪૯૯॥

શ્લોક :-

पुष्पवृष्टिः पतत्युच्चैः, पुरस्तस्य प्रसारिणी ।
तारालिरिव तद्वक्त्रचन्द्राराधनहेतवे ।।५००।।

શ્લોકાર્થ :-

તેમના મુખરૂપી ચંદ્રના આરાધન માટે જાણે તારાની હારમાળા હોય એવી તેમની આગળ વિસ્તાર પામતી પુષ્પવૃષ્ટિ અત્યંત પડે છે. ॥૫૦૦॥

શ્લોક :-

व्याप्नोति तद्ध्वनिर्दिव्यो, भुवं योजनसम्मिताम् ।
विश्वरागजयोद्भूतविख्यातिस्फातिभागिव ।।५०१।।

શ્લોકાર્થ :-

વિશ્વના રાગના જયથી ઉદ્ભૂત એવી વિખ્યાતિની સ્ફાતિને ભજનાર= વૃદ્ધિને ભજનાર, જાણે દિવ્ય એવો તેમનો ધ્વનિ યોજનયુક્ત ભૂમિને વ્યાપ્ત થાય છે. ॥૫૦૧॥

શ્લોક :-

राजते चामरश्रेणी, तस्य विस्तारितेजसः ।
प्लवमाना प्रभापूरे, हंसालिरिव निर्मला ।।५०२।।

શ્લોકાર્થ :-

જાણે પ્રભાના પૂરમાં પ્લવમાન હંસાલિ જેવી નિર્મલ વિસ્તારી તેજવાળા તેમની=ઉત્તમોત્તમની, ચામરશ્રેણી શોભે છે. ।।૫૦૨।।

શ્લોક :-

सिंहासनानि राजन्ते, चत्वारि चतुराकृतेः ।
प्रभोः कषायसिंहानां, चतुर्णां दर्पहारिणः ।।५०३।।

શ્લોકાર્થ :-

ચાર કષાયરૂપી સિંહોના દર્પને હરણ કરનારાં પ્રભુનાં ચાર આકૃતિથી ચાર સિંહાસનો શોભે છે.

ભગવાને ચાર કષાયોરૂપી સિંહોના ગર્વનો નાશ કર્યો. તેને બતાવવા માટે જાણે ચાર દિશામાં ચાર આકૃતિથી ચાર સિંહાસનો સમવસરણમાં શોભે છે. **।।૫૦૩।।**

શ્લોક :-

मूर्ध्नि भामण्डलं तस्य, ध्वस्तध्वान्तं विराजते ।
उदयाद्रौ प्रचण्डस्य, मार्तण्डस्येव मण्डलम् ।।५०४।।

શ્લોકાર્થ :-

ઉદયાચલ પર્વતમાં પ્રચંડ કિરણોવાળું જાણે સૂર્યનું મંડલ હોય એવું તેમના મસ્તક પાછળ ધ્વસ્ત અંધકારવાળું ભામંડલ શોભે છે. ।।૫૦૪।।

શ્લોક :-

पुरस्तस्य ध्वनन् व्योम्नि, दुन्दुभिर्देवताडितः ।
विधत्ते विश्वधर्मार्थिजनाह्वायकचेष्टितम् ।।५०५।।

શ્લોકાર્થ :-

આકાશમાં દેવતાઓથી તાડન કરાયેલો, તેમની આગળ અવાજ કરતો દુંદુભિ વિશ્વમાં ધર્મના અર્થી જીવોને બોલાવવાની ચેષ્ટાને કરે છે. ।।૫૦૫।।

શ્લોક :-

तस्य च्छत्रत्रयं भाति, तापत्रयनिवारणात् ।
कीर्त्तित्रयमिवोद्भूतं, विश्वत्रयहितैषिणः ।।५०६।।

શ્લોકાર્થ :-

વિશ્વત્રયના હિતને કરનારા એવા તેમનું=ભગવાનનું, તાપત્રયના નિવારણને કારણે જાણે કીર્તિત્રયથી ઉદ્ભૂત છત્રત્રય ભાસે છે.

રાગ-દ્વેષ અને મોહરૂપ તાપત્રયના નિવારણને કારણે જાણે ત્રણ લોકમાં જેમની કીર્તિ વિસ્તૃત થઈ રહી છે, તેનાથી ઉદ્ભૂત થયેલું છત્રત્રય ભગવાનનું શોભે છે. **।।૫૦૬।।**

શ્લોક :-

प्रातिहार्यैरहार्यश्रीरसावित्येवमादिभिः ।
विभ्राजते महाभागः, श्रेयःसागरचन्द्रमाः ।।५०७।।

શ્લોકાર્થ :-

હરણ ન કરી શકાય એવી લક્ષ્મીવાળા, શ્રેયઃસાગરના ચંદ્રમા, મહાભાગ એવા આ=ઉત્તમોત્તમ, પૂર્વમાં વર્ણન કર્યું એ આદિ પ્રાતિહાર્યોથી શોભે છે.

સંસારની બાહ્ય લક્ષ્મી કોઈક હરણ કરી શકે, પરંતુ ભગવાનની પ્રાતિહાર્યની શોભા બાહ્ય હોવા છતાં કોઈનાથી હરણ ન કરી શકાય તેવી છે. વળી, ભગવાન કલ્યાણના સાગરના ચંદ્રમા જેવા છે; કેમ કે કલ્યાણની ચરમ ભૂમિકામાં વર્તે છે. તેઓની પૂર્વમાં વર્ણન કર્યું એવી પ્રાતિહાર્યોની શોભા વર્તે છે. **।।૫૦૭।।**

શ્લોક :-

निःस्वेदो निर्मलो देहस्तस्य हृद्यो निरामयः ।
रक्तं मांसं च गोक्षीरहारतारकसन्निभम् ।।५०८।।

શ્લોકાર્થ :-

તેમનો=ઉત્તમોત્તમનો દેહ પરસેવા વગરનો, નિર્મલ, હૃદયને આનંદ કરે એવો રોગ વગરનો છે અને લોહી અને માંસ, ગોક્ષીર, હારતારક જેવું છે=સફેદ છે. ॥૫૦૮॥

શ્લોક :-

न दृश्याऽऽहारनिर्हारचेष्टा चर्मदृशां नृणाम् ।
अम्भोजसुरभिः श्वासः, सहजेयं गुणावली ।।५०९।।

શ્લોકાર્થ :-

ચર્મદષ્ટિવાળા મનુષ્યોને=બાહ્ય ચક્ષુથી જોનારા મનુષ્યોને, આહાર-નિર્હારની ચેષ્ટા દશ્ય નથી. કમળ જેવો સુગંધવાળો શ્વાસ છે. આ=શ્લોક-૫૦૭, ૫૦૮માં બતાવ્યું એ, સહજ ગુણાવલી છે=સહજ અતિશય છે. ॥૫૦૯॥

શ્લોક :-

कोटीकोट्योऽपि मान्त्यस्य, क्षेत्रे योजनमात्रके ।
भाषा च भाति सर्वेषामेकाऽपि स्वस्वभाषया ।।५१०।।

શ્લોકાર્થ :-

આમના યોજનમાત્રક ક્ષેત્રમાં=દેશનાના યોજનમાત્રક ક્ષેત્રમાં, ક્રોડો ક્રોડો પણ સમાય છે. એક પણ ભાષા=ભગવાનની દેશનાકાળની એક પણ ભાષા, પોતપોતાની ભાષાથી બધાને ભાસે છે. ॥૫૧૦॥

શ્લોક :-

भाति भामण्डलं मूर्ध्नि, मारिवैररुगीतयः ।
पूर्वोत्पन्नाः प्रशाम्यन्ति, नान्याः स्युस्तत्प्रभावतः ।।५११।।

શ્લોકાર્થ :-

મસ્તક પાછળ ભામંડલ શોભે છે. તેમના પ્રભાવથી પૂર્વમાં ઉત્પન્ન થયેલા મારિ, વૈર, રોગ અને ઈતીઓ=ઉપદ્રવો શાંત થાય છે. અન્ય થતાં નથી. ।।૫૧૧।।

શ્લોક :-

योजनानां शते न स्याद्, दुर्भिक्षं तद्विहारतः ।
स्तेनादिभीरवृष्टिश्चातिवृष्टिश्च कदाचन ।।५१२।।

શ્લોકાર્થ :-

તેમના વિહારથી સો યોજનમાં દુર્ભિક્ષ, સ્તેનાદિનો ભય, અવૃષ્ટિ, અતિવૃષ્ટિ ક્યારેય થાય નહિ. ।।૫૧૨।।

શ્લોક :-

मोहक्षयोद्भवा एते, गुणास्तस्येन्दुनिर्मलाः ।
चारुरेष ध्वजच्छत्रसच्चक्रासनचामरैः ।।५१३।।

શ્લોકાર્થ :-

તેમના=ઉત્તમોત્તમના ચંદ્ર જેવા નિર્મલ આ ગુણો=પૂર્વમાં શ્લોક-૫૧૦થી ૫૧૨માં વર્ણન કર્યું એ ગુણો, મોહક્ષયથી ઉત્પન્ન થયેલા છે. ધ્વજ, છત્ર, સદ્ચક્ર, આસન, ચામરોથી આ=ઉત્તમોત્તમ સુંદર છે. ।।૫૧૩।।

શ્લોક :-

दधते काञ्चनाब्जानि, पदन्यासेऽस्य निर्जराः ।
वप्रत्रयेऽशोकतले, शोभतेऽसौ चतुर्मुखः ।।५१४।।

શ્લોકાર્થ :-

નિર્જરા=દેવો, આમના=ઉત્તમોત્તમના પદન્યાસમાં સુવર્ણનાં કમળોને સ્થાપન કરે છે. અશોકતલ નીચે ગઢત્રયમાં આ=ઉત્તમોત્તમ, ચતુર્મુખ શોભે છે. ।।૫૧૪।।

શ્લોક :-

अधोमुखाः कण्टकाः स्युस्तस्मिन् विहरति क्षितौ ।
द्रुमा नमन्ति तस्याग्रे, दुन्दुभिर्दध्वनीति च ।।५१५।।

શ્લોકાર્થ :-

ક્ષિતિમાં=પૃથ્વીમાં, તે વિહાર કર્યે છતે=ઉત્તમોત્તમ વિહાર કર્યે છતે, કાંટાઓ અધોમુખ થાય છે. તેમની અગ્રમાં વૃક્ષો નમે છે અને દુંદુભિઓ વાગે છે. ।।૫૧૫।।

શ્લોક :-

भवत्यवस्थितं तस्य, केशरोमनखादिकम् ।
ऋतवश्चेन्द्रियार्थाश्चानुकूलास्तस्य सर्वदा ।।५१६।।

શ્લોકાર્થ :-

તેમનું=ઉત્તમોત્તમનું, કેશ, રોમ, નખાદિ અવસ્થિત થાય છે. તેમને=ઉત્તમોત્તમને સર્વદા ઋતુઓ અને ઇન્દ્રિયોના અર્થો અનુકૂલ હોય છે. ।।૫૧૬।।

શ્લોક :-

भूमिर्गन्धोदकैः सिक्ता, पुष्पवृष्टिश्च जायते ।
पक्षिणोऽपि च कुर्वन्ति, तद्विहारे प्रदक्षिणाम् ।।५१७।।

શ્લોકાર્થ :-

તેમના વિહારમાં ભૂમિ સુગંધી પાણીઓથી સિંચાય છે અને પુષ્પવૃષ્ટિ થાય છે. પક્ષીઓ પણ પ્રદક્ષિણાને કરે છે. ।।૫૧૭।।

શ્લોક :-

वाति वातः सदा तस्यानुकूलो याति जातुचित् ।
देवकोटिर्न तत्पार्श्वादेते देवकृता गुणाः ।।५१८।।

શ્લોકાર્થ :-

સદા તેમને અનુકૂલ પવન વાય છે. તેમની પાસેથી ક્યારેય ક્રોડો દેવો જતા નથી. આ=શ્લોક-૫૧૩થી અત્યાર સુધી કહ્યું એ, દેવકૃત ગુણો છે. ।।૫૧૮।।

શ્લોક :-

इत्युत्तमोत्तमस्येयं, भूतिर्वाग्गोचरातिगा ।
इमामनुभवन्नेष, नृपोऽगान्निर्वृतिं पुरीम् ।।५१९।।

શ્લોકાર્થ :-

આ પ્રકારે ઉત્તમોત્તમની આ ભૂતિ=વૈભવ, વાણીના ગોચરથી અતિગ છે. આમને=આ વૈભવને, અનુભવ કરતા આ રાજા=ઉત્તમોત્તમ, નિર્વૃતિ નગરીમાં ગયા. ।।૫૧૯।।

શ્લોક :-

त्वदादेशं विधायेत्थं, राज्यषट्कनिरीक्षणात् ।
आगतोऽहं त्वदभ्यर्णे, यथा दृष्टं च भाषितम् ।।५२०।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું, એ પ્રમાણે તમારા આદેશને કરીને છ રાજ્યોના નિરીક્ષણથી તમારી પાસે=અપ્રબુદ્ધ પાસે, હું=વિતર્ક, આવ્યો. જે પ્રમાણે જોવાયું, તે પ્રમાણે કહેવાયું. ।।૫૨૦।।

શ્લોક :-

वितर्कवाचं श्रुत्वैतामप्रबुद्धो व्यचिन्तयत् ।
सिद्धान्तेन यथोक्तं मे, तथैवेदमभूदहो ।।५२१।।

શ્લોકાર્થ :-

આ વિતર્કની વાણી સાંભળીને અપ્રબુદ્ધે વિચાર્યું. અહો ! જે પ્રમાણે સિદ્ધાંત વડે મને કહેવાયું, તે પ્રમાણે જ આ થયું. ।।૫૨૧।।

શ્લોક :-

पालनापालनाद् राज्यं, कारणं सुखदुःखयोः ।
तेनोक्तं तद् वितर्केणापीत्थमेव समर्थितम् ।।५२२।।

શ્લોકાર્થ :-

પાલન-અપાલનથી રાજ્ય સુખ-દુઃખનું કારણ તેના વડે=સિદ્ધાંત વડે, કહેવાયું તે આ રીતે જ=છ પુરુષોનું ચરિત્ર બતાવ્યું તે રીતે જ વિતર્ક વડે સમર્થન કરાયું.

શ્લોક-૩૨૭માં સિદ્ધાંતે અપ્રબુદ્ધને કહેલ કે રાજ્યનું પાલન અને અપાલન સુખ-દુઃખનું કારણ છે અને વિતર્કે છ પુરુષનું ચરિત્ર બતાવ્યું. તેનાથી પણ એ સમર્થન થયું કે જેઓ પોતાના આત્માનું રાજ્ય કષાયોરૂપી ચોરટાથી રક્ષણ કરે છે, તેઓ વર્તમાનમાં પણ સુખી થાય છે અને આગામી સુખની પરંપરાને પામે છે અને જેઓ પોતાના આત્માના નિરાકુળ સ્વભાવરૂપ રાજ્યનું રક્ષણ ચોરટાઓથી કરી શકતા નથી, તેઓ વર્તમાનમાં પણ દુઃખી થાય છે અને ભાવિ દુઃખની પરંપરા પ્રાપ્ત કરે છે. **॥૫૨૨॥**

શ્લોક :-

निकृष्टाधमयोर्जातं, दुःखस्यैवैककारणम् ।
तद्राज्यं सर्वथा तेन, ताभ्यां दुष्पालितं कृतम् ।।५२३।।

શ્લોકાર્થ :-

તે બંને દ્વારા=નિકૃષ્ટ અને અધમ દ્વારા, સર્વથા દુષ્પાલન કરાયું. તે કારણથી નિકૃષ્ટ અને અધમનું તે રાજ્ય દુઃખનું જ એક કારણ થયું. ॥૫૨૩॥

શ્લોક :-

विमध्यमस्य सम्पन्नं, तत् स्वल्पसुखकारणम् ।
बहिर्भूतेन तेनेदं, यत् कृतं मन्दपालितम् ।।५२४।।

શ્લોકાર્થ :-

વિમધ્યમનું તે=રાજ્યનું પાલન, સ્વલ્પ સુખનું કારણ થયું. જે કારણથી બહિર્ભૂત એવા તેના વડે=સ્વરાજ્યથી બહિર્ભૂત એવા વિમધ્યમ વડે, આ=રાજ્ય, મંદપાલન કરાયું. ।।૫૨૪।।

શ્લોક :-

मध्यमस्य पुनर्जातं, तद्भूरिसुखकारणम् ।
प्रविश्य तेन यदिदं, पालितं मध्यमादरात् ।।५२५।।

શ્લોકાર્થ :-

વળી, મધ્યમને તે=રાજ્યનું પાલન, ઘણા સુખનું કારણ થયું. જે **કારણથી પ્રવેશ કરીને તેના વડે આ=પોતાનું રાજ્ય મધ્યમ આદરથી પાલન કરાયું.**

મધ્યમ જીવો ચાર પુરુષાર્થને સેવનારા અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર શ્રાવકો હોય છે. તેઓ સંસારની રૌદ્રતાને યથાર્થ જાણે છે. મોક્ષ જ તેઓને સારભૂત જણાય છે અને તેનો ઉપાય અત્યંત નિસ્સંગતાનું કારણ એવું સર્વવિરતિનું પાલન છે તેવી સ્થિર બુદ્ધિ છે તોપણ શક્તિનો સંચય થયેલો નહિ હોવાથી અને ચિત્તમાં અવિરતિ આપાદક કષાયોજન્ય વિકારો શાંત થયા નથી, તેના શમન અર્થે જ અર્થ, કામ, પુરુષાર્થને સેવે છે, તોપણ પ્રધાનરૂપે મોક્ષ અર્થે ધર્મ પુરુષાર્થને જ સેવે છે. તેથી તેઓનું રાજ્યનું પાલન ઘણા સુખનું કારણ થાય છે. **॥૫૨૫॥**

શ્લોક :-

द्वयोश्चरमयोर्जातं, निःशेषसुखकारणम् ।
तद्राज्यं पालितं येन, ताभ्यां सर्वोचितादरात् ।।५२६।।

શ્લોકાર્થ :-

ચરમ બેનું=ઉત્તમ અને ઉત્તમોત્તમનું, નિઃશેષ સુખનું કારણ થયું, જે કારણથી તે બંને દ્વારા સર્વ ઉચિતના આદરથી તે રાજ્ય પાલન કરાયું. ।।૫૨૬।।

શ્લોક :-

राज्यषट्कमिदं ज्ञात्वा, सर्वं ज्ञातं मया किल ।
ईदृग्विवर्तभृद् विश्वं, तथा चाहुर्मनीषिणः ।।५२७।।

શ્લોકાર્થ :-

આ રાજ્યષટ્કને જાણીને મારા વડે સર્વ જણાયું. આવા પ્રકારના વિવર્તવાળું વિશ્વ છે અને તે પ્રમાણે મનીષીઓ કહે છે.

વિતર્ક દ્વારા અપ્રબુદ્ધને છ રાજ્યનું જ્ઞાન થયું. તેનાથી તેણે આખા જગતનું સ્વરૂપ યથાર્થ જાણ્યું; કેમ કે આ છ પુરુષના વિવર્તવાળું વિશ્વ છે=છ પુરુષોના સ્વરૂપે જ જગતના જીવો પરાવર્તન પામનારા છે અને બુદ્ધિમાન પુરુષ કહે છે. શું કહે છે ? તે આગળ બતાવે છે. **॥૫૨૭॥**

શ્લોક :-

येन संवत्सरो दृष्टः, सकृत् कामश्च सेवितः ।
तेन सर्वमिदं दृष्टं, पुनरावर्तकं जगत् ।।५२८।।

શ્લોકાર્થ :-

જેના વડે એક વર્ષ જોવાયું અને એકવાર કામ સેવાયું, તેના વડે ફરી આવર્તવાળું આ સર્વ જગત જોવાયું છે.

જે વ્યક્તિએ એક વર્ષ કઈ રીતે ઋતુઓથી પસાર થાય છે તેને જોયું, તેને તે ઋતુઓના આવર્તવાળું જગત સંપૂર્ણ પર્યાયથી જણાય છે. જેણે એક વખત કામનું સેવન કર્યું છે, તેમને તે કામનું સ્વરૂપ તે પર્યાયથી જણાય છે; કેમ કે બીજી વખત તે કામનું સેવન ફરી આવર્તન પામનારું છે, અન્ય પ્રકારનું નથી. તેથી બુદ્ધિમાન પુરુષો કહે છે કે જેઓએ સર્વ વર્ષનું અવલોકન અને કામનું અવલોકન કર્યું છે, તેના વડે આખું જગત યથાર્થ જોવાયું છે. **॥૫૨૮॥**

શ્લોક :-

ततो जातः प्रबुद्धोऽसौ, नष्टा सर्वाऽप्रबुद्धता ।
इदं प्रसंगतः प्रोक्तं, मया तुभ्यं नरेश्वर ! ।।५२९।।

શ્લોકાર્થ :-

તેથી=વિતર્કે આવીને છ પુરુષોનું સ્વરૂપ બતાવ્યું અને તેના કારણે આખું જગત તેના વડે યથાર્થ જણાયું તેથી, આ=અપ્રબુદ્ધ, પ્રબુદ્ધ થયો. સર્વ અપ્રબુદ્ધતા નાશ પામી. હે નરેશ્વર ! હરિ રાજા ! આ=અત્યાર-સુધી છ પુરુષોનું વર્ણન કર્યું એ મારા વડે=ઉત્તમ સૂરિ વડે, પ્રસંગથી તને કહેવાયું. ।।૫૨૯।।

શ્લોક :-

कथं दोषोऽन्यदोषेण, स्यादिति प्रस्तुतं पुनः ।
निकृष्टाधमवत् तत्र, निश्चेयो दोषसंक्रमः ।।५३०।।

શ્લોકાર્થ :-

અન્યના દોષથી=પાપમિત્રના દોષથી, કેવી રીતે દોષ થાય ?= ધનશેખરને કેવી રીતે દોષ થાય ? એ પ્રકારે વળી પ્રસ્તુત છે. ત્યાં=તે પ્રસ્તુત કથનમાં, નિકૃષ્ટાધમની જેમ દોષનો સંક્રમ જાણવો.

હરિએ ઉત્તમસૂરિને પ્રશ્ન કરેલો કે સાગર અને મૈથુનરૂપ પાપમિત્રોથી ધનશેખરમાં દોષનો સંક્રમ કઈ રીતે થાય ? તેનો ઉત્તર આપતાં સૂરિ કહે છે, જેમ નિકૃષ્ટ અને અધમ પુરુષમાં પાપમિત્રો એવા કષાયરૂપી દોષોનો સંક્રમ થાય છે, જેથી તે જીવો નિકૃષ્ટાધમ બને છે, તેમ ધનશેખર પણ પાપમિત્રના સંવાસથી દોષવાળો થયો છે. **।।૫૩૦।।**

શ્લોક :-

यथा मोहादिभिश्चौरैस्तौ दृष्ट्या च प्रपीडितौ ।
तथाऽसौ मित्रदोषेण, पीड्यते धनशेखरः ।।५३१।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે મોહાદિ ચોરો વડે અને દૃષ્ટિ વડે તે બંને=નિકૃષ્ટ અને અધમ, પીડાયા, તે પ્રમાણે મિત્રના દોષથી આ ધનશેખર પીડાય છે.

છ પુરુષોના કથાનકમાં બતાવેલા નિકૃષ્ટ અને અધમ જીવો મહામોહાદિના

દોષોથી પીડાય છે અને મિથ્યાત્વરૂપ વિપરીત દૃષ્ટિથી પીડાય છે, તેથી દુઃખની પરંપરાને પામે છે, તેમ ધનશેખર પણ મિત્રના દોષથી પીડાય છે, એમ સૂરિ હરિ રાજાને કહે છે. **॥૫૩૧॥**

શ્લોક :-

हरिराह महासाधो !, नष्टोऽयं मम संशयः ।
गतेषु तेषु भूपेषु, षट्सु किं भावि तद् वद ।।५३२।।

શ્લોકાર્થ :-

હરિ કહે છે, હે મહાસાધુ ! મારો આ સંશય નાશ પામ્યો=ધનશેખર મિત્રના દોષથી કેમ પીડાય છે, એ સંશય નાશ પામ્યો. તે છ રાજાઓ ગયે છતે શું થશે, તે કહો.

એક એક વર્ષનું છને કર્મપરિણામ રાજાએ રાજ્ય આપ્યું અને છ વર્ષમાં તેઓ પોતાનું રાજ્ય ભોગવીને ગયે છતે જગતની વ્યવસ્થા કઈ રીતે થશે, એ પ્રકારની શંકાથી હરિ પૂછે છે. **॥૫૩૨॥**

શ્લોક :-

सूरिराह महाराज !, ये केऽपि भुवि देहिनः ।
ते कर्मपरिणामस्य, पुत्राः सर्वेऽपि तत्त्वतः ।।५३३।।

શ્લોકાર્થ :-

સૂરિ કહે છે. હે મહારાજ ! જગતમાં જે કોઈ પણ શરીરધારી છે, તેઓ સર્વ પણ તત્ત્વથી કર્મપરિણામના પુત્રો છે. ।।૫૩૩।।

શ્લોક :-

आवर्तमानैस्तैः सर्वैः, षड्भेदान्तर्भविष्णुभिः ।
सा स्थितिः पाल्यतेऽन्यान्यैर्निर्लेपश्च न जायते ।।५३४।।

શ્લોકાર્થ :-

છ ભેદમાં અંતર્ભાવિ થવાના સ્વભાવવાળા આવર્તમાન એવા તે સર્વ વડે=કર્મપરિણામ રાજાના પુત્રો વડે, તે સ્થિતિ=રાજ્યની સ્થિતિ પાલન

કરાય છે અને નિર્લેપ થતું નથી=રાજ્યપાલન કરનારા પુરુષ વગરનું થતું નથી. ।।૫૩૪।।

શ્લોક :-

तिष्ठन्त्वन्ये सुतास्तस्य, विद्धि मामेव तत्सुतम् ।
स्वराज्ये यः प्रविष्टोऽहं, सिद्धान्तोक्तेन वर्त्मना ।।५३५।।

શ્લોકાર્થ :-

તેના=કર્મપરિણામના, અન્ય પુત્રો દૂર રહો. મને જ તેનો પુત્ર તું જાણ. સિદ્ધાંત વડે કહેવાયેલા માર્ગથી સ્વરાજ્યમાં જે હું પ્રવેશેલો છું. ।।૫૩૫।।

શ્લોક :-

हतारिवर्गश्चारित्रसैन्यस्य परिपोषकः ।
भुञ्जानो राज्यमायातः, ख्यातकीर्तिरिहोत्तमः ।।५३६।।

શ્લોકાર્થ :-

હણાયેલા શત્રુના સમૂહવાળો, ચારિત્રસૈન્યનો પરિપોષક, રાજ્યને ભોગવતો, ખ્યાત કીર્તિવાળો ઉત્તમ એવો હું આવ્યો છું. ।।૫૩૬।।

શ્લોક :-

स्वसंवेदनसिद्धं मे, यद् राज्ये परमं सुखम् ।
स्वप्नेऽपि नास्ति तद् राजन् !, शक्रचक्रभृतामपि ।।५३७।।

શ્લોકાર્થ :-

રાજ્યમાં જે પરમસુખ છે, તે મને સ્વસંવેદન સિદ્ધ છે. હે રાજન્ ! શક્ર અને ચક્રને ધારણ કરનારાઓને પણ તે=પરમસુખ, સ્વપ્નમાં નથી. ।।૫૩૭।।

શ્લોક :-

यथाऽहमुत्तमः कर्मपरिणामस्य नन्दनः ।
निकृष्टाद्यास्तथान्येऽपि, सन्त्यनन्ताः प्रवाहगाः ।।५३८।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે કર્મપરિણામનો પુત્ર ઉત્તમ હું છું, તે પ્રમાણે બીજા પણ પ્રવાહમાં રહેલા અનંતા નિકૃષ્ટાદિ છે. ॥૫૩૮॥

શ્લોક :-

हरिर्जगाद यद्येवं, तदाऽहं तेषु कीदृशः ।
सूरिः प्राह नरेन्द्र ! त्वं, मध्यमः प्रतिभासि मे ।।५३९।।

શ્લોકાર્થ :-

હરિ બોલ્યો, જો આ પ્રમાણે છે=કર્મપરિણામ રાજાના બીજા પણ પુત્રો આ છમાં અંતર્ભાવ પામનારા છે, એ પ્રમાણે છે, તો હું તેઓમાં કેવા પ્રકારનો છું. સૂરિ કહે છે, હે રાજા ! મને તું મધ્યમ પ્રતિભાસે છે. ॥૫૩૯॥

શ્લોક :-

त्रिवर्गमाराधयसि, यद् विभज्य दिवाऽनिशम् ।
इदं मध्यमराज्यस्य, लक्षणं च प्रकीर्तितम् ।।५४०।।

શ્લોકાર્થ :-

જે કારણથી રાત-દિવસ ત્રણ વર્ગને વિભાગ કરીને તું આરાધન કરે છે અને આ મધ્યમ રાજ્યનું લક્ષણ કહેવાયું છે.

શ્લોક-૪૨૫માં મધ્યમ પ્રકારના જીવોના વર્ણનમાં કહેલ કે મધ્યમ જીવો ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં સતત ઉદ્યમવાળા હોય છે અને પ્રસ્તુત શ્લોકમાં કહ્યું કે મધ્યમ જીવો ત્રિવર્ગનું આરાધન કરે છે, તેથી ફલિત થાય કે ધર્મ, અર્થ, કામરૂપ ત્રણ વર્ગમાં મધ્યમ જીવો સતત યત્ન કરે છે અને ધર્મના પ્રકર્ષથી જ મોક્ષ સ્વતઃ પ્રાપ્ત થાય છે. તેથી પુરુષાર્થ ચાર છે અને પ્રયત્નનો વિષય ધર્મ, અર્થ અને કામ એ ત્રણ છે. **॥૫૪૦॥**

શ્લોક :-

हरिर्मोहकरिध्वंसहरिमाह ततो गुरुम् ।
अलं मध्यमराज्येन, ममानेनागरीयसा ।।५४१।।

શ્લોકાર્થ :-

ત્યારપછી હરિએ મોહરૂપી હાથીના ધ્વંસને કરનાર એવા સિંહરૂપી ગુરુને કહ્યું, અશ્રેષ્ઠ એવા આ મધ્યમ રાજ્યથી મને સર્યું. ।।૫૪૧।।

શ્લોક :-

आत्मीयमुत्तमं राज्यं, भदन्त ! मम दाप्यताम् ।
सूरिराह महाराज !, त्वया चारु विचारितम् ।।५४२।।

શ્લોકાર્થ :-

હે ભદંત ! મને પોતાનું ઉત્તમ રાજ્ય આપો. સૂરિ કહે છે, હે મહારાજ ! તારા વડે સુંદર વિચારાયું. ।।૫૪૨।।

શ્લોક :-

महान्तो नैव तुष्यन्ति, स्वल्पेन विपुलाशयाः ।
मृगवत् किं मृगारातिस्तृणग्रासेन तृप्यति ।।५४३।।

શ્લોકાર્થ :-

વિપુલ આશયવાળા મહાન પુરુષો સ્વલ્પથી તોષ પામતા નથી જ, મૃગલાની જેમ સિંહ તૃણના કોળિયાથી શું તોષ પામે ? ।।૫૪૩।।

શ્લોક :-

आपातरम्यं तुच्छं च, त्यजन् वैषयिकं सुखम् ।
मुक्तावुत्तिष्ठते भव्यो, भवं स्वप्नोपमं विदन् ।।५४४।।

શ્લોકાર્થ :-

આપાતથી રમ્ય અને તુચ્છ વૈષયિક સુખને ત્યાગ કરતો, સ્વપ્નની ઉપમાવાળા ભવને જાણતો ભવ્ય પુરુષ મુક્તિમાં ઉત્થિત થાય છે=મોક્ષની પ્રાપ્તિ માટે તત્પર થાય છે. ।।૫૪૪।।

શ્લોક :-

यदि त्वमौत्तमं राज्यमादातुमभिकाङ्क्षसि ।
तदा भागवतीं दीक्षां, गृहाण भवनाशिनीम् ।।५४५।।

શ્લોકાર્થ :-

જો તું ઉત્તમ રાજ્યને ગ્રહણ કરવાની ઈચ્છા કરે છે તો, ભવને નાશ કરનારી ભાગવતી દીક્ષાને ગ્રહણ કર. ।।૫૪૫।।

શ્લોક :-

इदं सूरेर्वचः श्रुत्वा हृष्टो हरिनरेश्वरः ।
पुत्रं शार्दूलनामानं, राज्ये संस्थाप्य चारुधीः ।।५४६।।
दिनान्यष्ट जिनेन्द्राणां, कृत्वा पूजामहोत्सवम् ।
दत्त्वा दानं तथाऽर्थिभ्यो, गुरून् सत्कृत्य भावतः ।।५४७।।
समं मयूरमञ्जर्याऽनेकैश्च नृपपुंगवैः ।
तस्योत्तमगुरोः पार्श्वे, निष्क्रान्तः शान्तशात्रवः ।।५४८।।

શ્લોકાર્થ :-

સૂરિનું આ વચન સાંભળીને હરિનરેશ્વર હર્ષિત થયા, શાર્દૂલ નામના પુત્રને રાજ્યમાં સંસ્થાપિત કરીને, આઠ દિવસ સુધી જિનેન્દ્રોના પૂજા-મહોત્સવને કરીને અને અર્થીઓને દાન આપીને, ભાવથી ગુરુઓનો સત્કાર કરીને, મયૂરમંજરી અને અનેક રાજાઓ સાથે ઉત્તમ ગુરુની પાસે શાંત કર્યા છે શત્રુને જેમણે એવા, સુંદર બુદ્ધિવાળા એવા હરિએ દીક્ષા ગ્રહણ કરી. ।।૫૪૬-૫૪૭-૫૪૮।।

શ્લોક :-

ततः प्राप्यौत्तमं राज्यं, विज्ञानानन्दमेदुरः ।
विजहार महोदारमानसः पृथिवीतले ।।५४९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી ઉત્તમ રાજ્યને પામીને વિજ્ઞાન અને આનંદથી મેદુર, મહોદર માનસવાળા હરિકુમાર પૃથ્વીતલમાં વિચરવા લાગ્યા. ।।૫૪૯।।

શ્લોક :-

राज्ये परिणते तस्य, पर्यायात् समवर्धत ।
शुक्लस्य शुक्लजात्यस्य, स्वभावजनितं सुखम् ।।५५०।।

શ્લોકાર્થ :-

રાજ્ય પરિણત થયે છતે શુક્લ, શુક્લજાત્ય એવા તેના=સંયમના, સ્વભાવજનિત સુખ વૃદ્ધિ પામ્યું.

સંયમ ગ્રહણ કર્યા પછી હરિમુનિ દૃઢ પ્રણિધાનપૂર્વક સમિતિ-ગુપ્તિમાં યત્ન કરે છે. તેથી અસંગભાવની સતત વૃદ્ધિ થાય છે. તેના કારણે બાર મહિનાના સંયમપર્યાયથી સર્વાર્થસિદ્ધના જીવોને સંવેદન થતું સુખ છે, તેના કરતાં પણ અધિક સ્વભાવજનિત સુખ થાય તેવું શુક્લ સંયમ પ્રાપ્ત થયું. ત્યારપછી શુક્લજાત્ય સંયમ પ્રાપ્ત થયું. જેમાં પૂર્વ કરતાં પણ અત્યંત અતિશય સ્વભાવજનિત સુખનું વેદન તે મહાત્માને થાય છે. **॥૫૫૦॥**

શ્લોક :-

इतश्च मैथुनेनाहं, सागरेण च नाटितः ।
भ्रान्तो भूरिषु देशेषु, सोढवान् क्लेशसन्ततिम् ।।५५१।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ મૈથુન વડે અને સાગર વડે=લોભ વડે, હું=ધનશેખર, નચાવાયો. ઘણા દેશોમાં ભમ્યો. ક્લેશસંતતિને સહન કરી. ।।૫૫૧।।

શ્લોક :-

अथान्यदा महारण्ये, पतितोऽत्यन्तभीषणे ।
स्वेदक्लिन्नतनुः श्रान्तः, स्थितो बिल्वद्रुमान्तिके ।।५५२।।

શ્લોકાર્થ :-

હવે અન્યદા અત્યંત ભીષણ મહારણ્યમાં હું પડ્યો. પરસેવાથી ક્લિન્ન શરીરવાળો શ્રાંત થયેલો બિલ્વવૃક્ષની નજીકમાં રહેલો હતો. ।।૫૫૨।।

શ્લોક :-

प्ररोहं भूमिगं दृष्ट्वा, तच्छाखानिर्गतं ततः ।
ज्ञात्वा निधानं तद्भूमिः, खाता लुब्धधिया मया ।।५५३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તેની શાખાથી નીકળેલા, ભૂમિમાં ગયેલા પ્રરોહને જોઈને નિધાનને જાણીને મારા વડે લુબ્ધ બુદ્ધિથી તે ભૂમિ ખોદાઈ. ।।૫૫૩।।

શ્લોક :-

ततो दृष्ट्वा महाकुम्भमुद्धर्तुं रत्नपूरितम् ।
अधोगतं भाग्यमिव, प्रवृत्तः सागराज्ञया ।।५५४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી રત્નપૂરિત એવા મહાકુંભને જોઈને અધોગત ભાગ્યની જેમ કાઢવા માટે સાગરની આજ્ઞાથી હું કાઢવા માટે પ્રવૃત્ત થયો.

જાણે ધનશેખરનું ભાગ્ય અધોગત થયું ન હોય તેમ લોભને વશ રત્નપૂરિત તે કુંભને ગ્રહણ કરવા પ્રવર્તે છે, તે ગ્રહણ કરતાં તેનો વિનાશ થાય છે, તે આગળમાં બતાવે છે. **।।૫૫૪।।**

શ્લોક :-

स्फोटयन्निव दिग्भागांस्तावद् भीषणनादतः ।
कालः करालवदनः, क्रोधज्वलितलोचनः ।।५५५।।
अभाग्येन समाहूतः, कृतान्त इव मूर्तिमान् ।
उद्भूतस्तत्र वेतालो, दीर्घदंष्ट्रः सुदारुणः ।।५५६।।

શ્લોકાર્થ :-

તેટલામાં ભીષણ નાદથી દિગ્ભાગોને સ્ફોટન કરતો હોય એવો વિકરાળ વદનવાળો, ક્રોધથી જ્વલિત લોચનવાળો, કાલ=સાક્ષાત્ મૃત્યુ, જાણે મૂર્તિમાન કૃતાંત, અભાગ્યથી બોલાવાયેલો, દીર્ઘ દાંતવાળો, સુદારુણ વૈતાલ ત્યાં ઉદ્ભૂત થયો. ।।૫૫૫-૫૫૬।।

શ્લોક :-

तेनाहमारटन्नुच्चैः, क्षिप्त्वा वदनकोटरे ।
पाटितोऽत्रान्तरे जीर्णा, गुटिका मे पुरातनी ।।५५७।।

શ્લોકાર્થ :-

તેના વડે=વૈતાલ વડે, હું અત્યંત રડતો વદનકોટરમાં ફેંકીને મારી નંખાયો. એટલામાં મારી પૂર્વની ગુટિકા જીર્ણ થઈ. ।।૫૫૭।।

શ્લોક :-

ततस्तामपरां दत्त्वा, भवितव्यतया तया ।
नीतः पापिष्ठवासायां, पुर्यां सप्तमपाटके ।।५५८।।

શ્લોકાર્થ :-

તેથી તે ભવિતવ્યતા વડે તે અપર આપીને=અપર આયુષ્યરૂપી ગુટિકા આપીને, પાપિષ્ઠ વાસરૂપ એવી નગરીમાં સાતમા પાડામાં=સાતમી નરકમાં, લઈ જવાયો. ।।૫૫૮।।

શ્લોક :-

तत्रानुभूय दुःखानि, सर्वस्थानेष्वनन्तशः ।
भ्रान्तोऽनन्तं पुनः कालमन्यान्यगुटिकाबलात् ।।५५९।।

શ્લોકાર્થ :-

ત્યાં સર્વ સ્થાનોમાં અનંતી વખત દુઃખોને અનુભવીને અન્ય અન્ય ગુટિકાના બળથી ફરીવાર અનંતકાળ હું ભટક્યો. ।।૫૫૯।।

શ્લોક :-

प्रोक्तोऽहं कृतसत्कर्मा, भवितव्यतयाऽन्यदा ।
आर्यपुत्र ! त्वया स्थेयं, गत्वा साह्लादपत्तने ।।५६०।।

શ્લોકાર્થ :-

અન્યદા કૃતસત્કર્મવાળો હું ભવિતવ્યતા વડે કહેવાયો. હે આર્યપુત્ર ! તારે સાહ્લાદપત્તનમાં જઈને રહેવું જોઈએ. ।।૫૬૦।।

શ્લોક :-

तथेत्युक्तवतो दत्तस्तया पुण्योदयः सखा ।
गुटिका च ममान्याऽथ, प्रस्थितोऽहं वरानने ! ।।५६१।।

શ્લોકાર્થ :-

તે પ્રમાણે કહેવાયેલો હું તેણી વડે=ભવિતવ્યતા વડે, પુણ્યોદય મિત્ર અપાયો. હવે મને અન્ય ગુટિકા અપાઈ. હે વરાનના અગૃહીતસંકેતા ! હું=અનુસુંદર ચક્રવર્તીનો જીવ, પ્રસ્થિત થયો. ।।૫૬૧।।

શ્લોક :-

इति मैथुनलोभदुष्टदृक्फलधारामवधृत्य कृत्यवित् ।
विरतौ स्थिरतामुपैति यो, लभतेऽसौ सुयशःश्रियं शुचिम् ।।५६२।।

इति श्रीवैराग्यकल्पलतायां लोभमैथुनचक्षुरिन्द्रियविपाकवर्णनो
नाम सप्तमः स्तबकः ।।

શ્લોકાર્થ :-

આ રીતે મૈથુન અને લોભના દુષ્ટ દૃષ્ટિના ફળની ધારાને અવધારણ કરીને કૃત્યને જાણનાર જે પુરુષ વિરતિમાં સ્થિરતાને પ્રાપ્ત કરે છે=પાપની વિરતિમાં સ્થિરતાને પ્રાપ્ત કરે છે, એ પુરુષ પવિત્ર સુયશની લક્ષ્મીને પ્રાપ્ત કરે છે. ।।૫૬૨।।

સાતમો સ્તબક સમાપ્ત

અનુસંધાન : વૈરાગ્યકલ્પલતા ભાગ-૮

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

આશ્રવ અને અનુબંધ	૧૩*
ચારિત્રાચાર	૩૬
ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ)	૧૯૦
પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા	૨૫

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

Is Jaina Order Independent Religion or Denomination ?	૫૮
Status of religion in modern Nation State theory	૬૪
અનેકાંતવાદ	૯
કર્મવાદ કર્ણિકા	૫
કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ)	૧૫૭
કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય	૪૯
ગૃહજિનાલય મહામંગલકારી	૮૫
ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ	૧૨
ચલિએ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં... (હિન્દી આવૃત્તિ)	૧૮૯
ચિત્તવૃત્તિ	૧૧
ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)	૨૮
જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?	૫૬
જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)	૫૭
દર્શનાચાર	૭
ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧	૫૫
પ્રશ્નોત્તરી	૧૦
પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)	૪૨
ભાગવતી પ્રવ્રજ્યા પરિચય	૧૫

* જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (હિન્દી આવૃત્તિ)	૧૮૮
ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)	૨૧
ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)	૨૪
મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી)	૧૭૯
મનોવિજય અને આત્મશુદ્ધિ	૧૪
યોગદૃષ્ટિસમુચ્ચય	૪
લોકોત્તર દાનધર્મ 'અનુકંપા'	૩૩
શાસન સ્થાપના	૮
શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)	૨૭
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો	૩
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)	૩૫
શ્રી ઉપધાન માર્ગોપદેશિકા	૯૩
'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર	૧૯૧
સદ્ગતિ તમારા હાથમાં !	૬
સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ)	૧૬૩

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

पाक्षिक अतिचार	४१

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
અન્ય પુસ્તકોની યાદી

'Rakshadharma' Abhiyaan	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૩
Right to Freedom of Religion !!!!!	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૧
'રક્ષાધર્મ' અભિયાન	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૨
શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૪૮
શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૪૭
સેવો પાસ સંખેસરો (અપ્રાપ્ય)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૧૦૪
સેવો પાસ સંખેસરો (હિં.આ.)	સંકલક : જ્યોતિષભાઈ શાહ	૧૦૫
સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૫૯
સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.)	સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૦

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન	૧૬૯
અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૨
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૨૦
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૨૨
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૨૬
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૭૮
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩	૭૯
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૧૪
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૧૫
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૧૬
અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન	૧૨૨
આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન	૧૨૪
આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન	૧૮
ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૪
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૨	***૧૯૭***
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૩	***૧૯૮***
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૪	***૧૯૯***
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૬
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૭૭
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૮
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૨૬
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૨૭
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૨૮
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૭૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૭૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૩

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૮૦
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૮૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૮૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૭	***૧૯૪***
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૮	***૧૯૫***
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૯	***૧૯૬***
કૂપદષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન	૩૧
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૦૨
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૦૩
જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન	૬૮
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૧૦
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૧
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૬૨
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૬૪
દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન	૧૪૭
દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન	૧૧૮
દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન	૧૬૦
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૮
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૫૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૨૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૫
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૨
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૩
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૩૪
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૪૦
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૪૧
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૪૨
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૫૫
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૫૬
ધ્યાનશતક શબ્દશઃ વિવેચન	૧૮૩
નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૧૭
પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન	૧૨૫
પગામસિજ્જા શબ્દશઃ વિવેચન	૧૪૪
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૪૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૮૬

પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૦૦
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૦૧
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૧૯
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૨૦
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭	૧૨૩
પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)	૩૪
પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)	૩૭
પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૮૪
પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૦
પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૧
પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન	૧૧૨
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧	૨૯
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨	૩૦
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩	૪૦
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪	૯૯
પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૮૭
બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૪૩
બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૮
બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૭
બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૦
બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૯
બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૨
બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૪૬
બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૩૯
બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૧૩
બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૨
બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૬૭
બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૪
બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૩
બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૪
બત્રીશી-૧૫ : સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૭૧
બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૫
બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૧
બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૦
બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૧

બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૦
બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૪૪
બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૨
બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૩
બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૪
બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૬
બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૧
બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૩
બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૪
બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૭
બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૬૬
બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૦૬
બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૨
બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત)	૧૫૨
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૫૩
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૫૪
યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન	૮૦
યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન	૬૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧	૭૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨	૭૬
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩	૭૭
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૫
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૬
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૩૭
યોગવિંશિકા શબ્દશઃ વિવેચન	૧
યોગશતક શબ્દશઃ વિવેચન	૪૫
યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧	***૧૯૨***
યોગશાસ્ત્ર (પ્રકાશ-૭ થી ૧૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨	***૧૯૩***
યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૦૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૬૬
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૬૮
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ	૧૯
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ	૧૬
વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન	૧૫૮

વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૫૦
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૮૫
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૮૬
વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૪	***૨૦૦***
વૈરાગ્યકલ્પલતા ઉત્તરાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૫	***૨૦૧***
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૬	***૨૦૨***
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૭	***૨૦૩***
શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના)	૧૫૧
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૦૮
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૦૯
શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન	૯૮
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૧૧
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૨૧
સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન	૧૪૩
સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન	૨૩
સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન	૧૪૫
સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન	૬૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૪૮
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૪૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૭૦
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૩૮
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૩૯
સૂત્રના પરિણામદર્શક યત્નલેશ	૩૨

ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત સંશોધનાત્મક પ્રકાશનો

આગમ પ્રકાશનસૂચી (હિન્દી) સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી ૧૭૫

ગીતાર્થ ગંગા અંતર્ગત ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧ ૨. ધર્મતીર્થ ભાગ-૨ ૩. ધર્મતીર્થ ભાગ-૩

પ્રાપ્તિસ્થાન

❖ અમદાવાદ :

ગીતાર્થ ગંગા

‘શ્રુતદેવતા ભવન’, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,

ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧

Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

❖ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ

‘દર્શન’, ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,

વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,

હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.

☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬

Email : saurin108@yahoo.in

❖ મુંબઈ :

શ્રી લલિતભાઈ ધરમશી

૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,

જૈન મંદિર રોડ, સર્વોદયનગર,

મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.

☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬

Email : jpdharamshi60@gmail.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,

દફ્તરી રોડ, ગૌશાળા લેન,

બીના જ્વેલર્સની ઉપર,

મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.

☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

Email : divyaratna_108@yahoo.co.in

❖ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,

બાબુનિવાસની ગલી,

ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.

☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

❖ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,

C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,

જામનગર-૩૬૧૦૦૧.

☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦

Email : karan.u.shah@hotmail.com

❖ BANGALORE :

SHRI VIMALCHANDJI

C/o. J. Nemkumar & Co.

Kundan Market, D. S. Lane,

Chickpet Cross, Bangalore-560053.

☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925

Email : vimalkgadiya@gmail.com

❖ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી

“જિનાજ્ઞા”, ૨૭, કરણપરા,

રાજકોટ-૩૬૦૦૦૧.

☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩

Email : shree_veer@hotmail.com

નોંધ

નોંધ

जुगुप्सनीया न पुनः, कुरूपाद्यर्थसन्ततिः ।

क्षालनीयः सदैवात्मा, निर्मलैर्भावनाजलैः ।।

वळी, કુરૂપ આદિ અર્થસંતતિની જુગુપ્સા કરવી જોઈએ નહિ. સદા જ નિર્મળ ભાવનારૂપી જળથી આત્મા સ્વચ્છ કરવો જોઈએ.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૪૦૦૫૪૯૧૧

E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com